સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત


# સ્વામિનારાયણ પ્રકાશ


વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
જાન્યુઆરી, ૨૦૨૨






શાંતિના ધામ ચાણસદમાં પ્રગટેલા શાંતિલાલ બન્યા
વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ,
જેમનાં પવિત્ર અજવાળાં જગતભરમાં અસંખ્યને અજવાળે છે...

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને
## શતાબ્દી વર્ષે કોટિ કોટિ વંદન...









## તીર્થધામ ચાણસદ ખાતે પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાને ભાવવંદના...

તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યને ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ વર્ષના પ્રારંભે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય તીર્થ ચાણસદ ખાતે પધારીને તેઓને ભાવવંદના કરી હતી. પ્રમુખસ્વામી મહારાજના એ પ્રાસાદિક જન્મસ્થાને મહંત સ્વામી મહારાજે ગુરુહરિનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું અને આગામી વર્ષે ઊજવાનાર શતાબ્દી મહોત્સવ માટે દીપ પ્રગટાવ્યો. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની પૂર્ણકદની પ્રતિમા સમક્ષ અન્નકૂટ ધરાવીને મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ મંગલમય પ્રાર્થનાઓ કરી હતી. એ અવસરની સ્મૃતિ છબીઓ...

**શતાબ્દી પ્રકાશમાળા**

**સંપાદકીય**



# શત શત વરસ સરે, ગુરુ જીવન જ્યોત જલે...

***શત શત વરસ સરે,***
***ગુરુ જીવન જ્યોત જલે...***

છેલ્લાં પાંચ વર્ષોથી આ પંક્તિ અસંખ્ય ભક્તોનાં હૈયે રમી રહી છે. સન ૨૦૧૫માં સારંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તેઓનો ૯૫મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો અને તેઓના પંચવર્ષીય શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ થયો, ત્યારથી આ પંક્તિઓ સતત ગુંજતી રહી છે. પુનઃ એક વધુ વખત, આ પંક્તિઓનાં ગુંજન સાથે, તાજેતરમાં પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૦મો પ્રાગટ્યદિન તેઓની જન્મભૂમિ ચાણસદ ખાતે ઊજવાયો. આ સાથે છેલ્લાં ૫૦ કરતાં વધારે વર્ષોથી પ્રમુખસ્વામી મહારાજની પ્રતિવર્ષે ઊજવાતી જન્મજયંતીઓની સ્મૃતિઓ નજર સામે તરવા લાગી. સન ૧૯૬૮માં મહંત સ્વામી મહારાજ મુંબઈના બી.એ.પી.એસ. મંદિરના મહંત તરીકે બિરાજતા હતા, ત્યારે તેઓએ ઉત્સાહથી પ્રમુખસ્વામી મહારાજના ૪૮મા જન્મજયંતી ઉત્સવનું આયોજન કર્યું હતું. જો કે યોગીજી મહારાજ પ્રત્યે અપાર ગુરુભક્તિ ધરાવતા પ્રમુખસ્વામી મહારાજને પોતાનો જન્મજયંતી ઉત્સવ ઊજવાય તે લેશ પણ ગમ્યું નહોતું. એટલે જ તેમણે ત્યાંથી નીકળી જવાનો વિચાર કર્યો હતો. પરંતુ યોગીજી મહારાજે આગ્રહ કરીને તેમને રોક્યા, તેમનો જન્મજયંતી ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો અને સૌને આદેશ આપતાં કહ્યું: ‘આજે આપણે પ્રમુખસ્વામીની જન્મતિથિ ઊજવવા ભેગા થયા છીએ. આજે શુભ દિવસ ગણાય. જેમ દિવાળીનો તહેવાર એમ આ આપણો તહેવાર. પ્રમુખસ્વામીની આજ્ઞામાં સૌને રહેવું ને એ કહે એમ કરવું તો હૈયામાં શાંતિ અને ટાઢું થાય. આ તિથિ ઊજવીએ એ શાસ્ત્રીજી મહારાજની તિથિ ઊજવી કહેવાય. એ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ જ કહેવાય, એમાં રોમનોય ફેર નથી. માટે ફાસફૂસિયું ન કરવું. મોટા પાયે ઊજવવી જેથી આપણે તેમને જોઈએ, દર્શન કરીએ તો શાંતિ થાય. અને બાર વાગ્યા સુધી તિથિ ઊજવવી...’ પ્રમુખસ્વામી મહારાજનો એ સર્વપ્રથમ જન્મજયંતી ઉત્સવ. ત્યારબાદ યોગીજી મહારાજની આ આજ્ઞા મુજબ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણી પ્રતિ વર્ષ સંતો-ભક્તો દ્વારા થતી રહી છે. પોતાના પ્રાણપ્યારા ગુરુહરિની જન્મજયંતીનો આ અવસર દર વર્ષે લાખો હરિભક્તો માટે ગુરુભક્તિનો એક અનોખો અવસર બની રહે છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રત્યેક જન્મ જયંતી એ લાખો ભક્તો માટે બની રહી છે એક નિમિત્ત - તેઓના અનંત આધ્યાત્મિક વ્યક્તિત્વને હૈયે ધારવાનું નિમિત્ત.

આધ્યાત્મિક રીતે પૂર્ણ અને પવિત્ર વ્યક્તિત્વના ધારક પ્રમુખસ્વામી મહારાજ આધુનિક જગતના એક ઝળહળતા આધ્યાત્મિક તેજપુંજ સમા બની રહ્યા છે. જગતભરમાં પ્રસરેલાં વિરાટ એમનાં સેવાકાર્યો, એમની વિશ્વવ્યાપી કીર્તિ, એમણે સ્થાપેલાં સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો કે એમને મળેલાં અનેકવિધ આંતરરાષ્ટ્રિય માન-અકરામો એ કંઈ એમની ઊંચાઈ કે મહાનતાનો સાચો માપદંડ નથી. એમની ખરી ઊંચાઈ તો એમની અદ્વિતીય આધ્યાત્મિક સ્થિતિ છે. આવા સંતની આધ્યાત્મિક ગરિમા ગાતાં શ્રીમદ્ ભગવદ્ ગીતા એમને ગુણાતીત કહી વંદે છે: ‘ગુણાતીતઃ સ ઉચ્યતે...’ કેવા છે એ ગુણાતીત સંત? ભગવદ્ ગીતા કહે છે:

**પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ**

“

**ભગવાન જે સંકલ્પો લઈને આવ્યા છે એ સંકલ્પોનું પ્રવર્તન કરી શકીએ એ જ અમારા આગમનનો હેતુ છે. દરેકનું સારું થાય, દરેકના જીવમાં ભક્તિ ઊતરે, સૌને શાંતિ મળે એ જ આશય છે. ભગવાન ભજવા અને ભજાવવા એ જ આશય છે. આસુરીને બદલે દૈવી ગુણો પ્રગટ થાય એ જ હેતુ છે.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૬. ધન્ય ધરા એ ચાણસદની જ્યાં પ્રગટ્યા પ્રમુખસ્વામી મહારાજ
- સ્વામીશ્રીના બાળપણનું સચિત્ર મંગલ સ્મરણ (પૃ. ૧૨-૨૯)

ચિત્રસહયોગઃ સાધુ કૃષ્ણસ્વરૂપદાસ, ભગવત ભાવસાર

૩૦. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ
- વર્ચ્યુઅલ ૧૦૦મો જન્મજયંતી સમારોહ
- પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરતાં બ્રિટન અને કેનેડાનાં સંસદ સદનો
- ચાણસદમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીના હસ્તે ૧૦૯ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા

૪૭. નામિબિયા દેશમાં સંતોનું વિચરણ

૪૮. હીરાચંદની મુવાડી ગામે મૂર્તિપ્રતિષ્ઠા

૪૯. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યુગાન્ડાની ગુલુ સિનિયર સેકન્ડરી સ્કૂલને ભૂમિદાન
- અમેરિકાના લિટલ રોક નગરમાં યોગી યુથ સેન્ટરનું ઉદ્‌ઘાટન

૫૦. જાહેરાત


**મોહમેવ ચ પાંડવ,**
**ન દ્વેષ્ટિ સંપ્રવૃત્તાનિ**
**ન નિવૃત્તાનિ કાંક્ષતિ...’**

અર્થાત્, જે સત્ત્વ, રજસ્ અને તમોગુણના મોહથી પર છે, જે પોતાના સ્વરૂપમાં તટસ્થની પેઠે સ્થિર છે, જે સુખ-દુઃખને સમાન સમજે છે, જે ત્રણેય અવસ્થામાં પોતાનામાં એટલે કે આત્મામાં સ્થિર રમમાણ રહે છે, જેને માટી, પથ્થર તથા સોનું સમાન છે, જે પ્રિય અને અપ્રિયમાં સમભાવે વર્તે છે, જે અત્યંત ધીરજવાન છે, જે નિંદા અને સ્તુતિમાં સમભાવે વર્તે છે, જે માન-અપમાનમાં સમભાવે વર્તે છે, જે શત્રુ અને મિત્રમાં સમભાવે વર્તે છે, જે બધાં કર્મોમાં કર્તાપણાના અભિમાનથી રહિત છે, અર્થાત્ ભગવાનનું કર્તૃત્વ સમ્યક્ પ્રકારે સમજે છે, તે મનુષ્ય નહીં, ત્રણે ગુણથી પર થયેલો ગુણાતીત કહેવાય છે.

ટૂંકમાં, જે રાગ-દ્વેષ, મારું-તારું, માન-અપમાનથી અલિપ્ત છે, ગમે તેવા કઠિન અને વિપરીત સંજોગોમાં સદાય પરમાત્મામાં સ્થિર રહે છે, અનેકવિધ આધિ-વ્યાધિ-ઉપાધિઓ વચ્ચે પણ નિરંતર દિવ્ય નિજાનંદમાં રહે એ ‘ગુણાતીત સંત’.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અવગાહન કરીએ છીએ ત્યારે ભગવાન સ્વામિનારાયણના શબ્દો અને ભગવદ્ ગીતાએ ગાયેલાં એ ગુણાતીત-લક્ષણો હૃદયમાં ગુંજ્યાં કરે છે.

એવી સર્વોત્તમ આધ્યાત્મિક સ્થિતિનું વર્ણન કરીને ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં આવા ગુણાતીત સંત માટે કહે છે :

‘એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.’ (વચ. સા. પ્ર. ૧૦)

‘એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે જેને કલ્યાણનો ખપ હોય તેણે એવા સંતની સેવા કરવી.’ (વચ. ગ. અં. ૨૬)

આવાં વચનો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરતાં પ્રત્યક્ષ અનુભવાતા. એમ જ લાગતું કે, જાણે એમના માટે જ શાસ્ત્રોએ સાચા સંતની આ દુહાઈ આપી છે.

અનેક લોકોના સ્વાનુભવો તેની સાક્ષી પૂરે છે. ૬૦-૭૦ કરતાંય વધારે વર્ષો સુધી તેમને નિહાળનારા મહંતસ્વામી મહારાજથી લઈને સંતો અને અનેક હરિભક્તોએ વર્ણવેલા લાખો પૃષ્ઠોના સ્વાનુભવોમાંથી ડૉક્ટર સ્વામીનો આ સ્વાનુભવ વાંચોઃ

‘સ્વામીજીના જીવનમાં મેં ક્યારેય અહંકાર જોયો નથી. આટલા બધા માણસો એમને માને અને ઠેર ઠેર આવાં સન્માન થાય છતાં પોતે હંમેશાં દાસભાવે વર્તે. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે ‘હું ટળે હરિ ઢૂંકડા.’ અર્થાત્ જેનો અહંભાવ ટળી ગયો છે એની પાસે ભગવાન અખંડ છે. મુક્તાનંદ સ્વામીના આ વચનના આધારે એમની પાસે ભગવાન છે એવી પ્રતીતિ થાય છે.’

કોઈનું પણ હૈયું કબૂલ કરે એવી પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાના સાક્ષીઓ લાખોની સંખ્યામાં છે. પ્રમુખસ્વામી મહારાજની

એવી નિઃસ્વાદિતાની અનુભૂતિ વર્ણવતાં ઈશ્વરચરણદાસ સ્વામી લખે છેઃ 'આજે પણ એક અમીટ છાપ તે વખતની પડેલી છે. તે હજુ આંખ સામે જેમ છે તેમ તરવરે છે. ૧૯૫૯માં યોગીજી મહારાજની સાથે મારે સેવામાં આફ્રિકા જવાનું થયું હતું. તે વખતે હું સંતોની રસોઈ કરતો. તેમાં સંતમંડળ આખું મોળી રસોઈની રુચિવાળું હતું. ૯ મહિના સુધી જે સર્વ સામાન્ય રસોઈ મને આવડે તેવી હું બનાવતો. કારણ, હું પણ શિખાઉ હતો, પરંતુ ક્યારેય પ્રમુખસ્વામી મહારાજે રસોઈ અંગે ટકોર કરી નથી. રસોઈમાં ભૂલ થવાનો સંભવ હતો પણ એમણે ક્યારેય સૂચન કર્યું નથી કે 'આમ હતું કે તેમ હતું.' અથવા 'આમ કરવું કે તેમ કરવું.' તેમજ કોઈ વસ્તુ બનાવવાનું નાનું અમથું સૂચન પણ નહીં. પત્તરમાં જે પીરસીએ તે તેઓ નતમસ્તકે મહારાજને સંભારીને જમી જતા. ત્યારે પ્રથમ પરિચય થયો કે આ વિભૂતિ સ્વાદથી પર છે. સ્વામીશ્રીનું વ્યક્તિત્વ કળવું ઘણું કઠણ છે. કારણ, પોતાના ગુણો છુપાવવામાં તેઓ ખૂબ કાબેલ. 'સબ ગુણ પૂરણ પરમ વિવેકી, ગુણકો માન ન આવે.' આ પંક્તિ એમને સહજસિદ્ધ છે.'

મહંત સ્વામી મહારાજ પોતાના સ્વાનુભવની વાત લખતાં નોંધે છેઃ 'જ્યારે જ્યારે હું સ્વામીશ્રીનાં દર્શન કરું છું, ત્યારે ત્યારે એ જ દેખાઈ આવે છે કે એમણે શરીરના કૂચા બોલાવી નાખ્યા છે. હું ઘણીવાર એમની સાથે રહ્યો છું. બધાને સ્વામીશ્રીને જ મળવું હોય. કેટલાય પ્રશ્નો-ફરિયાદો-તકલીફો ઠાલવે. બધી જવાબદારી એમના શિરે! દૈહિક અને માનસિક બંને ભીડા તેમણે વેઠવાના! વિચિત્ર જડ માણસો અને દાવો કરનાર પણ આવે. હક જમાવનાર અને ફરજ પાડનાર પણ આવે. ત્રાસ જ લાગે. સંતો, ભક્તોની જવાબદારી, સંસ્થાકીય વહીવટની જવાબદારી, દરેકનું મન સાચવીને કામ કરવાનું. રાત હોય કે દિવસ, ગમે તેવી તબિયત હોય કે ગમે તેવી ઋતુ હોય, પ્રવૃત્તિઓ તો એકધારી ચલાવ્યા જ કરવાની! આવું તો કેટકેટલુંય આંખ સામે તરવરે છે. એ વિચાર કરતાંયે ધ્રૂજી જવાય... આશ્ચર્યમાંથી ઊંચા જ ન અવાય. છેલ્લા કેટલાય સમયગાળામાં, સંપ્રદાયમાં કે સંપ્રદાય બહાર, વિપરીત સંજોગોમાં ને મુશ્કેલીઓમાં આવો ભીડો વેઠનાર બીજા કોઈ નહીં હોય કે ભવિષ્યમાં પણ કોઈ વેઠશે નહીં!'

પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે, આવા અનંત ગુણો તેમનામાં બાળવયથી જ નીરખવા મળતા હતા. એમની બાળવયની ગુણ સમૃદ્ધિ જ એ સૂચવવા પૂરતી હતી કે, તેઓ અનાદિ બ્રાહ્મી સ્થિતિના ધારક હતા.

તાજેતરમાં તેઓનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો ત્યારે તેની કેટલીક સ્મૃતિઓ તાજી થઈ આવી. 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક તેમની જન્મભૂમિ ચાણસદની પાવનકારી સ્મૃતિઓ સાથે એ દિવ્ય મહાપુરુષના બાળપણનું મંગલ સ્મરણ કરે છે.

– સાધુ અક્ષરવત્સલદાસ ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૧, જાન્યુઆરી, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.


**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**





**શાંતિના ધામ ચાણસદની ધરા પર એક સૂર્ય ખીલી ઊઠ્યો, જે શત શત વર્ષોથી પવિત્ર અજવાળાં ફેલાવે છે...**

## ધન્ય ધરા એ ચાણસદની, જ્યાં પ્રગટ્યા

# પ્રમુખસ્વામી મહારાજ...






પૃથ્વીના ગોળાર્ધમાં ૨૨.૨૩૭૪ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૦૯૦૬ પૂર્વ રેખાંશ પર વસેલું ગામ એટલે ચાણસદ.

વડોદરાથી નૈર્ઋત્ય દિશામાં આશરે બાર કિલોમીટરનું અંતર કાપતાં જ ચાણસદ ગામનું પાદર આવે. મધ્ય ગુજરાતના કાનમ વિસ્તારમાં આવેલું આ ગામ અત્યારે પણ સાદાઈની આભા ઉપસાવે છે.

ગામમાં પ્રવેશતાં જ ગામડાંની ભાતીગળ વિશેષતાઓ નજર સમક્ષ ખડી થઈ જાય. શાંત-સુરમ્ય વાતાવરણ. આંબલીઓનાં વૃક્ષનાં ઝુંડથી વીંટળાયેલું ચાણસદ પ્રકૃતિનો લીલો પાલવ મુખ પર ઢાંકી શરમાતા બાળક જેવું લાગે છે. શુદ્ધ હવાની લહેરખીઓ. નીલવર્ણાં જળ સંઘરીને હિલોળતું તળાવ. દરેક ગામડાને લગભગ હોય છે એવું એક પાદરમાં આવેલું આ તળાવ ગામના છોકરાઓ માટે નવરાશની પળોમાં પાણીમાં રમત રમવાનું સારું સ્થાન પૂરું પાડે છે. ભોળા ગ્રામીણ જનોની રઘવાટમુક્ત ચહલ-પહલ. તેની વચ્ચે વટ વેરતાં ધાબાબંધ પાકાં મકાનો. ઘણી વાર ઘરના ઉંબરે જ ધોવાતાં વસ્ત્ર-વાસણોને કારણે ગલીએ ગલીએ પાતાળ-ઝરણાંની જેમ ફૂટી નીકળેલાં પાણીના રેલાઓ. પાતળીયે નહીં ને પહોળીયે નહીં એવી શેરીઓ; ક્યાંક પાકી તો ક્યાંક કાચી. મધુર ઘંટારવથી ગામના ગગનને ભરતાં રહેતાં બે-ચાર દેવાલયો. બે હાથના ટેકે ગોઠણ બાંધીને કે ઉભડક પગે બેઠેલા ગ્રામજનોની અલકમલક વાતોથી ઊભરાતો પંચાયતનો ચોરો. હરોળબંધ ઓરડા કાઢીને બાંધેલી નિશાળ. ગ્રામજનોની તરસ સંતોષતું વારિગૃહ.

ચાણસદ ગુજરાતના નકશામાં અન્ય કોઈ નોંધપાત્ર સિદ્ધિ ધરાવતું નથી. ગામ છે તો રળિયામણું, પણ ગામમાં આંખને ખેંચે કે હૃદયને જકડી રાખે એવી કોઈ રચના નથી કે નથી કોઈ સમૃદ્ધિના શિખર પર આળોટતી પ્રજા. ગામમાં વસતી પ્રજા બહુધા ખેડૂત વર્ગની શ્રમજીવી છે. સામાન્ય, પણ ગરીબ નહીં એવા મધ્યમવર્ગીય જનજીવન પાસે હોય એવાં સંયુક્ત મકાન અને ખેતરમાં સારા વરસાદની ઋતુમાં બાજરી, જુવાર, કપાસ ને ડાંગર પાકે છે.

મહી અને નર્મદા જેવી ભરપટે વહેતી લોકમાતાઓની મધ્યમાં ચાણસદ વસેલું હોવાથી જળનાં તળ અહીં ઊંચાં છે. તેથી પાણીની અછતનો અનુભવ અહીંના રહીશોને ઓછો-આછો. ચાણસદના પાદરે આંબલીઓનાં ઘટાદાર વૃક્ષો જોતાં જ ખબર પડે કે અહીં જળ-છાયાની જુક્તિ જામેલી છે.

આવી ગ્રામસંપદા ધરાવતા રઢિયાળા અને રળિયામણા ચાણસદ ગામમાં મોટે ભાગે ધરતીપુત્ર ખેડૂતો વસે છે.

આ ભૂમિની ભીતરના સત્ત્વ-તત્ત્વને જાણે પિછાણતા હોય તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદ પરમહંસો અહીં અનેકવાર પધારેલા છે. ગુણાતીત ગુરુવર્યો પણ અહીં

અનેક વાર પધારતા. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અહીં બત્રીસ વાર પધાર્યા હતા. વિ. સં. ૧૯૪૪ એટલે કે સન ૧૮૮૮માં તેઓના જ વરદ હસ્તે આ ચાણસદ ગામમાં શ્રી હનુમાનજીની પ્રતિષ્ઠા થયેલી.

સત્પુરુષના હેતની આ અખંડિત ધારા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયમાં પણ અવિરત વહેતી રહી. વિ. સં. ૧૯૬૧માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને મોઢામાં ગરમીને લીધે ચાંદાં પડી ગયાં હતાં. તે વખતે ચાણસદના મનસુખભાઈએ તેઓને કહેલું: 'આપને ત્રણેક માસ દૂધનો પ્રયોગ કરવો પડશે, તો જ આ ગરમી મટશે.'

તેથી શાસ્ત્રીજી મહારાજ ચાણસદ પધારેલા. અહીં દોઢ મહિનો રોકાઈને શાસ્ત્રીજી મહારાજે ચાણસદમાં કથાવાર્તાનો અખાડો જમાવેલો.

વિ. સં. ૧૯૮૨માં પણ ભક્તરાજ મૂળજીભાઈના આમંત્રણથી શાસ્ત્રીજી મહારાજ લગભગ એક મહિના (અષાઢ વદ ૧ થી શ્રાવણ સુદ ૧૩) સુધી પારાયણનો લાભ આપવા ચાણસદ પધારેલા.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પણ જૂનાગઢથી શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા બાદ ચાણસદને બ્રહ્માનંદમાં તરબોળ કરેલું. ત્યારબાદ પણ તેઓ અહીં અવાર-નવાર પધારતા.

ગુણાતીત ગુરુઓની પાવન પદરજથી ધન્ય થતા રહેલા આ ગામને જાણે ગુણાતીત સત્પુરુષનો નેડો લાગી ગયો હોય તેમ તેઓનું જ સાંનિધ્ય સેવવાની અદમ્ય ઝંખના હશે. ભગવાનને પણ ગામનો આ મનોરથ પૂરો કરવાનો સંકલ્પ હોય તેવા જ પ્રકારના પ્રસંગો ગામમાં આકાર લેવા લાગ્યા. તેના પ્રથમ સોપાનરૂપે લેઉઆ પાટીદાર જ્ઞાતિમાં માંડલજીની પંદરમી પેઢીએ શ્રી પ્રભુદાસભાઈને ત્યાં મોતીભાઈનો જન્મ થયો. પ્રભુદાસ પટેલના ત્રણ સુપુત્રોમાંથી એક તેઓ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજના યોગે મોતીભાઈને સત્સંગનો રંગ લાગ્યો. ભગવદ્ભક્તિપરાયણ આ ભક્તરાજનાં લગ્ન વડોદરા જિલ્લાના મેનપુરા ગામમાં જન્મેલાં દિવાળીબા સાથે થયાં. દિવાળીબાનો જન્મ સન ૧૮૯૩ની આસપાસ મિયાંગામ પાસે મેનપુર ગામે થયો હતો. એમના પિતાનું નામ શામળભાઈ અને માતાનું નામ જીતાબા હતું.


શાસ્ત્રીજી મહારાજના યોગે મોતીભાઈને સત્સંગનો રંગ લાગેલો. ચાણસદમાં આ એક સત્સંગી કુટુંબ મુખ્ય, એટલે જ્યારે જ્યારે સંતો પધારે ત્યારે ત્યારે આગતા સ્વાગતામાં કહો કે રસોઈની સેવામાં કહો. આ ઘર મોખરે રહેતું. મંદિરના ઘઉં ઘરે દળવામાં કે અટલાદરા મંદિરેથી ગાડાં આવે તો ઢોરોને ઘાસ નીરવાની સેવામાં મોતીકાકાનું કુટુંબ જ હોય. ચાણસદમાં મંદિર બંધાયું ત્યારે દિવાળીબા અને એમનાં મોટાં દીકરી કમળાબાએ પાયા પૂરવામાં ખૂબ સેવા કરી હતી. અટલાદરા મંદિરના બાંધકામ વખતે બધાં બહેનો સેવા કરવા જતાં. ત્યારે દિવાળીબા ત્યાં બધાં સેવા કરનારાં માટે ઢેબરાં બનાવીને લઈ જતાં.

મોતીભાઈની શ્રદ્ધા અસીમ હતી. એકવાર ઘરમાં દિવાળીબાને ઓચિંતો સાપ કરડ્યો અને દિવાળીબા બેભાન થઈ ગયાં. શાસ્ત્રીજી મહારાજ ત્યારે ચાણસદ મંદિરે બિરાજતા હતા. એમને વાત કરતાં એમણે મંદિરે લઈ આવવાનું કહ્યું. પ્રસાદીનું પાણી અપાવી ધૂન કરાવી. થોડા સમયમાં તો ચાલતાં ઘરે અવાય એવું સારું થઈ ગયું.

એક વાર ઘરની દીવાલ પડી ગઈ છે એવા સમાચાર શાસ્ત્રીજી મહારાજના સમાગમ માટે ગયેલા મોતીકાકાને મળ્યા, ત્યારે શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું કે તમારે ઘરે નથી જવું? તેઓ કહે, 'બધું ધ્યાન રાખનાર અને સાચવનાર આપ બેઠા છો, પછી મારે શી ચિંતા?'

એકવાર મોટી પુત્રી કમળાનો દીકરો અંતિમ ઘડી ગણતો હતો ત્યારે સૌએ જ્યારે દીકરો ધામમાં ગયો એમ સમજીને પોક મૂકી ત્યારે દોહિત્રને ખોળામાં લઈ મોતીકાકાએ શ્રદ્ધાથી 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન આદરી. થોડીવારમાં દોહિત્રે

ધન્ય માતા-પિતા પૂજ્ય મોતીભાઈ, પૂજ્ય દિવાળીબા, જેમના ખોળે આ મહાન સંતવિભૂતિ અવતરી...





આંખ ખોલી.

એવી શ્રદ્ધા અને ભક્તિથી ઊર્જાવાન આ પરિવારમાં વિ. સં. ૧૯૭૮ની માગશર સુદ આઠમ, તા. ૭-૧૨-૧૯૨૧ના દિને એક મહાન પુત્રનો પ્રાદુર્ભાવ થયો. જેમનું નામ, એમના સ્વાભાવિક ગુણને કારણે સહજતાથી નિર્ધારિત થયું – શાંતિલાલ. એ જ શાંતિલાલને આજે દુનિયા મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના નામથી ઓળખે છે. 'आकृतिः गुणान् कथयति ।' અર્થાત્ આકૃતિ જ ગુણોનું વર્ણન કરે છે. તેમ શાંતિલાલની પ્રતિભા જ સૌને તેમના વિશિષ્ટ ગુણોનું દર્શન કરાવતી.


બાળવયના શાંતિલાલની પ્રતિભા કંઈક અનોખી હતી. ગામના વડિલો, મહિલાઓ, બાળકોથી લઈને સંતો સુધી સૌ કોઈ એ શાંત અને સહજ જણાતી પ્રતિભામાં કંઈક નિરાળા વ્યક્તિત્વનું દર્શન કરતા.

શાંતિલાલના પવિત્ર અને અસાધારણ વ્યક્તિત્વમાં સૌને એક આદર્શ બાળકનું દર્શન થતું. એવો આદર્શ બાળક, જેમાં ધ્રુવ-પ્રહ્‌લાદ જેવી અવિચળ ભક્તિ પ્રકાશતી. ભજન-ભક્તિની રમઝટમાં કરતાલ સાથે લૈલીન થઈને નાચતો એ બાળક સૌને હૈયે વસી જતો. એવો એ અનુપમ બાળક, જેમાં રંતિદેવ જેવી પરોપકારી વૃત્તિ સૌને અનુભવાતી. કોઈનુંય દુઃખ એનાથી દેખ્યું ન જાય. શાંત, સરળ અને સુહૃદયી વ્યક્તિત્વ હોવા છતાં, નચિકેતા સમી નિયમપાલન અને સંયમની પર્વતપ્રાય અડગતા તેમનામાં નીરખવા મળતી. એ બાળકમાં એવા ગુરુમય ભક્તનું દર્શન થતું, જાણે ઉપનિષદ કાળના સત્યકામ જાબાલિની નવી આકૃતિ ન હોય! વિદ્યાભ્યાસમાં ખંત, લગની, તેજસ્વિતા અને પ્રામાણિકતા એવાં કે શિક્ષકો પણ ઓવારી જતા. આ બધાંની સાથે સાથે વિવિધ કૌશલ્યોમાં પણ એક્કા, ચાહે તરણવિદ્યાની વાત હોય કે ક્રિકેટની રમતગમત હોય.

બાળવયથી બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા શાંતિલાલના મુખેથી ક્યારેય ન પોતાની બડાઈ હોય, કે ન બીજાથી પોતે અધિક છે એવું દેખાડવાનું વલણ હોય. સૌથી નાના રહીને, સૌની સેવા કરીને, સૌને મહાન માનીને સૌથી છેલ્લે રહેવાની એમની સહજ વૃત્તિ.

એમના આ બધા જ સદ્‌ગુણો જન્મજાત હતા. ચાણસદ ગામના લોકો, એમના બાળવયના મિત્રો કે પરિચિત સ્વજનો સૌ કોઈ તેની સાક્ષી પૂરતા. માત્ર જીવંત વ્યક્તિઓ જ નહીં, એ ચાણસદ ગામની એ શાળાનું ભવન, ગામનું તળાવ, ગામનાં વિવિધ મંદિરોથી લઈને ગામની ગલીઓ પણ તેની આજેય સાક્ષી પૂરે છે.

## ચાણસદનું એ પવિત્ર પાટીદાર કુળ, જ્યાં વિશ્વવંદનીય મહાપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અવતર્યા...



પોતાની ભક્તિમય દુનિયામાં રાચતા શાંતિલાલ ગુરુઆજ્ઞાની જ જાણે રાહ જોતા હોય તેમ દિવસો પસાર કરતા હતા. અને એ દિવસ આવી ગયો, મહાભિનિષ્ક્રમણનો દિન. શાંતિલાલ અઢારેક વર્ષના થયા હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ ચાણસદ પધારેલા. ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમને સાધુ થવા જણાવેલું. તેથી શાંતિલાલે પણ પરીક્ષા પૂર્ણ થયા બાદ શાસ્ત્રીજી મહારાજ સાથે નીકળી જવું તેવું માતા-પિતાની સંમતિથી નક્કી કરેલું, પરંતુ શાસ્ત્રીજી મહારાજને અચાનક ગાના જવાનું થયું. ત્યારે શાસ્ત્રીજી મહારાજે ઘનશ્યામ સ્વામીને કહી દીધેલું કે શાંતિલાલની પરીક્ષા પૂર્ણ થાય પછી બોચાસણ લઈ આવજો. એમાંય થોડા દિવસ બાદ ઘનશ્યામ સ્વામી પણ ભાયલી પધાર્યા. અને શાસ્ત્રીજી મહારાજનો પત્ર મોકલાવી તેમણે શાંતિલાલને શાસ્ત્રીજી મહારાજનો આદેશ જણાવ્યો, અને સાપ કાંચળી ઉતારે તેમ ક્ષણભરમાં જ શાંતિલાલે ગૃહત્યાગ કરીને ચાણસદને સદાને માટે અલવિદા કહી દીધી.

ચાણસદના એ પનોતા પુત્ર, હવે ચાણસદના મટીને સમગ્ર વિશ્વના બની ગયા અને ચાણસદ શાંતિના ધામ તરીકે એક તીર્થ બની ગયું.

તેમના પ્રાગટ્યથી ધન્ય બનેલી આ ચાણસદની ધરા પર સમયાંતરે ધાર્મિક-સામાજિક વિકાસની નવી નવી બાબતો સાકાર થતી રહી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે તા. ૮-૫-૫૪ના રોજ બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિઓનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ત્યારબાદ ૫ મે, ૧૯૬૯ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વરદ હસ્તે બહેનો માટે નિર્માણ પામેલા બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી અક્ષરુપુરુષોત્તમ મહારાજનો પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવ્યો હતો.

સમયાંતરે અહીં સત્સંગનો વિશેષ વ્યાપ વધતાં અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું. એ નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં, પ્રમુખસ્વામી મહારાજના જન્મદિને, તા. ૭-૧૨-૨૦૦૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો. આ પ્રસંગે અહીં ૨૫,૦૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકોએ આ વિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

જ્યાં બાળવયે પ્રમુખસ્વામી મહારાજનું પ્રાથમિક શિક્ષણ થયું હતું એ શાળા સન ૧૮૮૮માં સયાજીરાવ સરકાર દ્વારા રચવામાં આવી હતી. આ પ્રાસાદિક શાળાનું નવસર્જન સન ૨૦૧૩માં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા કરવામાં આવ્યું, જેનો લોકાર્પણ વિધિ તા. ૯-૬-૨૦૧૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે સંપન્ન થયો હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અંતર્ધાનતિથિ નિમિત્તે તા. ૨૦ ઑગસ્ટ, ૨૦૧૮ના રોજ ગુજરાત સરકારે ચાણસદને તીર્થધામ તરીકે વિકસાવવાની ઘોષણા કરી હતી. તે પ્રસંગે તા. ૩૦-૮-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ચાણસદ ખાતે પધારીને સરકારના આ કાર્યને વધાવ્યું હતું. ગુજરાત આયોજન પંચના તત્કાલીન ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીને એ વિકાસ યોજનાનો ઘોષણાપત્ર મહંત સ્વામી મહારાજને અર્પણ કર્યો હતો.

ચાણસદ ગામની આ વિકાસ-યોજનાનો મંગલ આરંભ તા. ૫-૧૦-૨૦૧૯ના રોજ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, શ્રી વિજયભાઈ રૂપાણી (તત્કાલીન મુખ્યમંત્રી, ગુજરાત), શ્રી જવાહરભાઈ ચાવડા (મંત્રીશ્રી, ગુજરાત), શ્રી નરહરિભાઈ અમીન (ઉપાધ્યક્ષ, આયોજન પંચ ગુજરાત), શ્રી યોગેશભાઈ પટેલ (મંત્રીશ્રી, ગુજરાત) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વેદોક્ત વિધિપૂર્વક ખાતવિધિ કરીને વિકાસકાર્યોનો પ્રારંભ કરાવ્યો હતો.

વિકાસની આ યોજના ખૂબ વેગપૂર્વક ચાલી રહી છે. તેમાં મુખ્યત્વે ગામની બહાર આવેલું પ્રાસાદિક તળાવ અને આસપાસ લોકકલ્યાણની વિવિધ યોજનાઓ સાથેની સુંદર ઈમારતો આકાર લઈ રહી છે. આ યોજનાને કારણે ચાણસદ ગામ નવા રૂપરંગ સાથે વિશ્વભરમાંથી દર્શનાર્થે ઉમટતા ભક્તોને કંઈક અનોખો અનુભવ કરાવશે.

આજે દર વર્ષે અહીં લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટે છે. કોઈ વાહનો દ્વારા તો કોઈ પદયાત્રાઓ કરીને અને સાઇકલયાત્રા કરીને આવે છે. શાંતિલાલની પદરજથી પાવન થયેલાં સ્થળોનાં દર્શન કરીને શાંતિનો દિવ્ય અનુભવ કરે છે.

શાંતિલાલ એક તેજસ્વી સૂર્ય સમાન હતા. સૂર્ય પ્રાતઃકાળનો હોય કે મધ્યાહ્નનો હોય, તે હંમેશાં પ્રકાશ પાથરે. પ્રમુખસ્વામી મહારાજના બાળવયના સદ્‌ગુણો એમના જીવનના મધ્યાહ્ને કે જીવનની સંધ્યાએ પણ એવા જ પ્રકાશતા હતા.

શાંતિલાલના બાળસૂર્ય સમા એ વ્યક્તિત્વના કેટલીક તેજકિરણો હવે પછીનાં પૃષ્ઠોમાં પ્રસ્તુત છે. શાંતિલાલનાં એ દિવ્ય ચરિત્રો આજે ચાણસદનાં એ પાવન સ્થળોએ જે આંદોલનો આજે પણ પ્રસરાવે છે તેની સચિત્ર સ્મૃતિ હવે પછીનાં પૃષ્ઠોમાં માણીએ... ◆

# તીર્થધામ ચાણસદમાં યુગપુરુષનું અવતરણ...



કાનમ પ્રદેશમાં આવેલું એક નાનકડું અને રૂપકડું ગામ છે - ચાણસદ. આ ચાણસદ ગામ આજે વિખ્યાત બની ચૂક્યું છે. કારણ છે – આ ગામમાં સંતત્વના શિખર સમા મહાપુરુષ વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનું અવતરણ થયું અને ચાણસદ ગામ શાંતિનું ધામ બની ગયું.

ચાણસદના મોભાદાર પાટીદાર પરિવારના ભક્તરાજ મોતીભાઈ અને તેમનાં ધર્મપત્ની દિવાળીબાના ખોળે વિ. સં. ૧૯૭૮, માગશર સુદ ૮ ને બુધવારના દિને (તા. ૭-૧૨-૧૯૨૧) સવારે સવા આઠ વાગ્યાના સુમારે એ મહાન પુત્રરત્નનો જન્મ થયો, જેનું નામ રાખવામાં આવ્યું – શાંતિલાલ. પાટીદાર પરિવારના આ કોડીલા લાલનો જન્મ થયો ત્યારે કોઈને પણ અંદાજ નહોતો કે એક દિવસ માત્ર આ પરિવાર જ નહીં, માત્ર આ ગામ જ નહીં, માત્ર કાનમ પ્રદેશ જ નહીં, પરંતુ સમગ્ર હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું નામ જગતભરમાં રોશન કરશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના યોગે મોતીભાઈને સત્સંગનો રંગ લાગ્યો હતો. એમનાં ધર્મપત્ની દિવાળીબાને સત્સંગનો યોગ અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અનુગામી અને શાસ્ત્રીજી મહારાજના ગુરુ ભગતજી મહારાજના સમયમાં થયો હતો. સવાર-સાંજ મંદિરમાં દર્શને જવું, કથા-કીર્તનમાં લયલીન થઈ જવું, શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અનુસાર જીવન જીવવું એ આ દંપતીના અંગભૂત ગુણો હતા. આમ, પતિ-પત્નીનાં આ બે પડાળિયાં સત્સંગને કારણે મોતીભાઈના ઘરમાં હરહંમેશ મંદિર જેવી જ શાંતિ લીંપાયેલી રહેતી. ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં અવારનવાર સંતો પધારતા તેથી તેઓની સેવામાં મોતીભાઈ તથા તેઓનું કુટુંબ જોડાતું.

શાંતિલાલ થોડા મહિનાઓના થયા એ અરસામાં ચાણસદમાં પધારેલા શાસ્ત્રીજી મહારાજે નવજાત શિશુ શાંતિલાલને આશીર્વાદ આપતાં તેમના પિતા મોતીભાઈને કહ્યું હતું : 'આ તો અમારા છે. અમને અર્પણ કરી દેજો.'


મોતીભાઈ પણ એવા જ સમર્પિત ભક્તરાજ હતા. તેમણે શાસ્ત્રીજી મહારાજને કહ્યુંઃ 'સ્વામી! હું, મારો સમગ્ર પરિવાર અને આ બાળક - અમે બધા જ આપના છીએ, માટે આપે આદેશ કર્યા મુજબ આ બાળક આપને અર્પણ છે. અત્યારે અમે ઊછેરીશું, પણ વખત આવ્યે આપ કહેશો ત્યારે આપને આપી દઈશું.'

શાસ્ત્રીજી મહારાજે એ બાળક પ્રત્યે સ્નેહ વરસાવીને ખૂબ આશીર્વાદ

આપ્યા.

પુત્રનાં લક્ષણ પારણામાંથી, તેમ શાંતિલાલનાં લક્ષણો પણ તેની મહાનતાની છડી પોકારતાં હતાં.

શાંતિલાલમાં બાળપણથી જ સત્સંગના સઘળા ગુણોનું દર્શન થતું હતું. દરેક બાળકમાં સાહજિક હોય છે કે 'बालानां रोदनं बलम्।' રુદન એ જ બાળકનું બળ. બાળક વાતવાતમાં ભેંકડો તાણે. આકળો-ઉતાવળો થઈ જાય. બાલ્યાવસ્થામાં સહનશીલતાના નામે શૂન્ય હોય. પરંતુ, દિવાળીબાના આ પુત્ર માટે સૌનો અનુભવ જુદો જ હતો. તેનામાં પહેલેથી જ સહનશક્તિ બહુ. નાની ઉંમરે એવા બળિયા નીકળેલા કે રસી સાથે કપડું ચોંટી જાય, પણ ઊંકારોય ન કરે. પહેલેથી શાંત અને સહનશીલ સ્વભાવ.



તેથી જ મોતીભાઈએ અને દિવાળીબાએ પોતાના આ લાડકવાયાનું નામ 'શાંતિ' રાખ્યું હશે! તેઓની દરેક ક્રિયામાં સૌને શાંતિ અનુભવાતી. તેઓ બોલે ત્યારે શાંતિ પ્રસરતી અને તેઓના મૌનમાંથી પણ શાંતિના સ્ફુલિંગો સ્ફુરતા. એમના સાંનિધ્યની એ શાંતિમય અનુભૂતિ એમના જીવનની છેલ્લી પળ સુધી અસંખ્ય લોકો અનુભવતા રહ્યા હતા.

બાળવયમાં દરેક બાળક માટી કે પાણીમાં રમવા માંડે ત્યારે તે એમાં એવું તલ્લીન બની જાય છે કે પોતાનાં કપડાં કે સમયનું પણ ધ્યાન ન રાખે. પરંતુ શાંતિલાલ આ બધાથી નિરાળા હતા! જગતથી નિઃસ્પૃહ શાંતિલાલની સવાર ઊઘડતી ભક્તિથી! સવારે ઊઠીને સ્નાનાદિકથી પરવારીને ઘર મંદિરમાં દર્શન કરવાનો નિત્યક્રમ. પિતાની સાથે આંગળી પકડીને પા પા પગલી ભરતાં નિત્ય મંદિરે દર્શન કરવા જાય. જ્યારે શરૂઆતનાં વર્ષોમાં માતા-પિતા સાથે રાજનગર રહેતા ત્યારે અવસ્થા નાની, એટલે પૂજા-પાઠ કરવાનાં થાય નહીં; પણ તોય ભક્તિનો વેગ એવો કે બા-બાપુજી પૂજા કરતાં હોય તો તેઓની બાજુમાં ગોઠવાઈ જાય અને મૂર્તિઓને ટગર ટગર નીરખ્યા કરે. પછી પુનઃ ચાણસદ આવ્યા ત્યારે નાના અક્ષર સ્વામી દ્વારા પૂજા લઈ લીધેલી; તે નિત્ય સવારે કરતા.

પ્રાતઃપૂજામાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિઓ પૂજતા.


તિલક-ચાંદલો પણ રોજ કરતા. તે માટે તારનું તિલકિયું વાપરતા અને કોરા કંકુનો ચાંદલો આંગળીથી જ કરતા. નિત્યપૂજા બાદ જ મોંમાં જળ-કણ મૂકવાનો નિયમ શાંતિલાલે જડબેસલાખ રાખેલો.

ચાણસદ ગામની ભૂમિ પર શાંતિલાલની એ આધ્યાત્મિક પ્રતિભાની સ્મૃતિ કરાવતું મોતીભાઈનું પ્રાસાદિક ઘર આજેય ઊભું છે અને જગતના એ મહાન સંતવિભૂતિની યાદોને ચિરંતન બનાવી રહ્યું છે. ◆

શાંતિલાલનું જન્મસ્થાન, ચાણસદ



# સેવા, ભક્તિ અને અનેક સદ્‌ગુણોથી નીખરતું જીવન





બાળવયે શાંતિલાલ સૌથી નોખા તરી આવતા હતા, તેનું એક સૌથી મોટું કારણ હતું – બાળપણથી જ સેવામય, ભક્તિમય, સરળ, સુહૃદયી સ્વભાવ.

શાંતિલાલને પિતાજીની સાથે ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં નિત્ય દર્શને જવાનો ક્રમ. થોડાં વર્ષો બાદ શાંતિલાલ એકલા પણ મંદિરે દર્શને દોડી જતા. અહીં વારે-તહેવારે બોચાસણના અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરેથી મોટા અક્ષર સ્વામી, ઘનશ્યામ સ્વામી, બાલમુકુંદ સ્વામી વગેરે સંતો આવે ત્યારે તો મંદિર જ શાંતિલાલનું ઘર બની જતું. આખો દિવસ શાંતિલાલ સંતોની સેવામાં અને સંતોના સત્સંગમાં રમમાણ બની રહેતા. મંદિરમાં સંતો આવ્યા હોય ત્યારે મોટે ભાગે ઘનશ્યામ સ્વામી કથા કરતા અને બાલમુકુંદ સ્વામી રસોઈ કરતા, ત્યારે શાંતિલાલ તેઓની સાથે સેવામાં રહે અને વિવિધ સેવાઓ ઉઠાવી લે. તેઓ ઝોળી માંગે, વાસણ ઊટકે અને ચોકો પણ સાફ કરે. બાળપણથી જ દરેક કામમાં સ્વચ્છતાના આગ્રહી હોવાથી કામ પણ ચોખ્ખું કરતા, તેથી સંતોને તેઓનું ચોક્સાઈભર્યું કામ ખૂબ ગમતું. ઉપરાંત, કોઈ પણ કામ તેઓને મન નાનું કે નવું નહોતું. અપરિચિત કામને પણ ચિરપરિચિત બનાવી દેવાની ગજબની ફાવટ તેઓને બાળપણથી જ

હસ્તગત હતી. તેથી જે સેવા સોંપાય તે કરવા મંડી પડતા. સેવા અને સ્વાશ્રયના એકડા તો આ કિશોરને શીખવાના નહોતા, પણ તે એકડાને ઘૂંટાવ્યા આ સંતોએ.

ક્યારેક શાંતિલાલ સંતો સાથે વિચરણમાં પણ જોડાઈ જતા અને સેવામાં રત રહેતા. એ વખતે પદ્ધતિ એવી કે આ મંદિરમાં મોટા દેશી પટારામાં વાસણો રાખી મુકાતાં. મંદિરમાં સંતો આવે ત્યારે તે વાસણો કાઢી તેમાં રસોઈ કરતા. પણ ઘનશ્યામ સ્વામીની પ્રકૃતિ એવી કે આ મંદિરમાં આવે ત્યારે રસોઈ માટે જોઈતાં બે-ત્રણ તપેલાં કે કડાઈની સાથે સાથે બધાં જ વાસણ ઉટકાવે. તે વાસણોનો ઢગ શાંતિલાલ હોંશે હોંશે ઊટકે. લગભગ બે કલાક જેટલો સમય તેમાં વીતી જાય. બાલમુકુંદ સ્વામી પણ શાંતિલાલનું વાત્સલ્યભાવે ખૂબ ધ્યાન રાખતા. તેઓ શાંતિલાલને કૂવામાંથી પાણી સિંચતાં શિખવાડે, વાસણ માંજતાં શિખવાડે, કીર્તન પણ શિખવાડે.

સમજણી ઉંમર થયા પછી પોતાના પ્રાણપ્રિય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજનો પ્રથમ યોગ પણ શાંતિલાલને ગામના આ મંદિરમાં જ થયેલો. ગુરુ શાસ્ત્રીજી મહારાજનાં એ પ્રથમ દર્શનથી જ તેઓ મનોમન શાસ્ત્રીજી મહારાજને સમર્પિત થઈ ગયા હતા. હવે તો ગુરુ શાસ્ત્રીજી મહારાજની રુચિમાં ભળીને તેઓને રાજી કરવા છે - એ ભાવ તેમના રોમ રોમમાં વ્યાપી ગયો હતો.

એકવાર શાસ્ત્રીજી મહારાજ સાથે શાંતિલાલ વિચરણમાં ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેમની સેવા, સરળતા અને મેધાવી પ્રતિભા જોઈને કહેલું, 'તું વિદ્વાન થાય એવો છે અને શાસ્ત્રી થાય એવો છે. ખરેખરો હોશિયાર છે. સાધુ થઈને શોભાડશે.' દરરોજ નિશાળેથી આવીને સાંજે સ્વામિનારાયણ મંદિરમાં થતી સંધ્યા આરતીમાં શાંતિલાલ અવશ્ય પહોંચી જ જાય. રવિવારે શાળામાં રજા હોય એટલે શાંતિલાલ સવારે પણ મંદિરે પહોંચી જતા. આ બાબતે દિવાળીબા પણ ખૂબ જ ખટકો રખાવતાં. જે દિવસે મંદિર-દર્શનમાં રજા પડે તે દિવસે માતુશ્રીએ ભોજનમાં પણ રજા રાખવાનો નિયમ કરેલો. અવારનવાર મંદિરમાં રહેતા લલ્લુ ભગતને પૂછીને શાંતિલાલનાં મંદિર દર્શનનો તાળો મેળવી લેતા. પણ શાંતિલાલનો જ ભક્તિનો ઇશક એવો હતો કે માતાને કોઈ દા'ડો નિસાસો નાંખવાનો વારો જ ન આવવા દે.

સંધ્યા આરતીમાં શાંતિલાલ નગારું-ઝાલર વગાડતા. ઝાલર વગાડે ત્યારે ક્યારેક એક મોગરી(દાંડી)થી વગાડે તો ક્યારેક બે મોગરીથી. બાળકોમાં નગારું-ઝાલર વગાડવા માટે પડાપડી થાય પણ તે વખતે શાંતિલાલની રીત અનોખી રહેતી. કોઈને નગારું વગાડવું હોય તો પોતે ઝાલર વગાડે અને કોઈને ઝાલર વગાડવી હોય તો પોતે નગારું વગાડે.




તેઓના જીવનમાં ક્યારેય કોઈ વાતનો દુરાગ્રહ ન દેખાય. પોતાની વાત-વિગત સાચી હોય તોય હુંસાતુંસીમાં પડે નહીં. ફટ્... કરતી વાત પડતી મૂકી જાણે. આમ તેઓ હંમેશાં સંઘર્ષ-મુક્ત રહેતા.

આ રીતે સત્સંગમય વાતાવરણમાં જ શાંતિલાલ વિવિધ સદ્‌ગુણો સાથે નિખરતા રહ્યા અને સૌના પ્રિય બનતા રહ્યા. ત્યારપછી તે તેઓના જીવનનાં અજોડ કાર્યોમાં પરિણમ્યું, જેનું દર્શન આજે સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. ◆

સ્મૃતિશેષ સ્વામિનારાયણ મંદિર, ચાણસદ



# આદર્શ છાત્રની આદર્શ વિદ્યાર્થી જીવનશૈલી




શાંતિલાલ એટલે ચાણસદ ગામનો એક તેજસ્વી સિતારો. ભણવામાં સૌને પ્રેરણા મળે એવું તેમનું વિદ્યાર્થી જીવન. સહજ, સરળ, મહેનતકશ, વિદ્યામય જીવન.

ચાણસદમાં પટેલની વાડીમાં શાળા બેસતી. એને ધરમશાળા જ કહેતા. ગામમાં લગ્નપ્રસંગે કોઈની જાન આવે તો તે પણ અહીં ઊતરે. શાળાના આ મકાનમાં ઓસરી બંધ હતી અને વચ્ચે ચોક હતો. તેમાં ઉપર ચઢીને જવાનું. ઓસરીમાં બેસવાનું. ચઢતાં ડાબે હેડમાસ્તર વિપ્ર છગનભાઈ બેસતા અને જમણી બાજુ ત્રીજી-ચોથીના માસ્તરો બેસતા. મોલેસલામ ગરાસિયા હરિભાઈ નામના માસ્તર શાંતિલાલના એક શિક્ષક તરીકે સારું ભણાવતા.

આ શાળામાં શાંતિલાલે વિદ્યારંભ કરેલો. અહીં તેઓ ચુનીલાલ, શાંતિલાલ, ભાઈલાલભાઈ, હરિભાઈ, આશાભાઈ, ડાહ્યાભાઈ, અંબુભાઈ, ચીમનભાઈ, અંબાલાલ, ઉમેદભાઈ વગેરે સહાધ્યાયીઓની સાથે ભણતા. રોજ સવારે અગિયારથી સાંજે પાંચ વાગ્યા સુધી શાળાનો સમય રહેતો. શનિવારે સાંજે ચાર વાગ્યે શાળા છૂટી જતી. પાટી-પેન, પુસ્તક-નોટબુક વગેરે શાંતિલાલના શિક્ષણનો સરંજામ રહેતો. તેઓ ધોતિયું તો પહેલેથી પહેરતા પણ નિશાળે જાય ત્યારે લેંઘા જેવું અથવા ચડ્ડી પહેરતા. તે વખતે સ્કૂલડ્રેસ જેવું નહીં.

અભ્યાસમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે શાંતિલાલે નામના મેળવેલી. તેમનો હંમેશાં પહેલો અથવા બીજો નંબર હોય. હાજરીમાં પણ નંબર લઈ લેતા. પહેલાં નિશાળમાં છેલ્લે હાજરી લેતા. તેમાં આખા દિવસમાં ગણિતમાં જેને સારા ગુણ મળે તેને પહેલો નંબર આપે ને બીજે દિવસે બેસવાનું પણ તેવી જ રીતે. એટલે કદાચ કોઈક દિવસ નિશાળે પહોંચવામાં વહેલું-મોડું થાય પણ છૂટતી વખતે તો પહેલો કે બીજો નંબર આવી જ જાય! આ રીતે પાંચ ધોરણ સુધી શાંતિલાલે પોતાનો નંબર રાખેલો. પાંચ ધોરણ સુધી શાંતિલાલ અહીં ભણ્યા, અગ્રેસર થઈને જ. અભ્યાસમાં તેજસ્વિતાની સાથે એવા અણિશુદ્ધ રહ્યા કે ભણ્યા ત્યાં સુધી એક પણ વાર શિક્ષકની સજા સાંખવાની આવી નહીં. શાળામાંથી વિદાય થયા ત્યારે એક શાંત, નિયમિત અને વ્યવસ્થિત વિદ્યાર્થી તરીકેની છાપ છોડતા ગયેલા.

એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે શાંતિલાલે પાંચ વર્ષ સુધી જ્યાં અભ્યાસ કરેલો તે શાળાનું સ્થાન આજે પણ છે. અલબત્ત, શાળાનું ભવન બદલાઈ ગયું છે, પરંતુ શાંતિલાલના આદર્શ વિદ્યાર્થી તરીકેના પ્રેરણાસભર આંદોલનો આજેય ત્યાં અનુભવાય છે. ◆

(સામેના પૃષ્ઠ પર એ પ્રાસાદિક મૂળ શાળા, ચાણસદ)


# વિદ્યા-પ્રાપ્તિ માટે કટિબદ્ધતા અને પુરુષાર્થ




શાંતિલાલ જ્યારે ચાણસદની શાળામાં દાખલ થયેલા ત્યારે છ ધોરણ સુધીના અભ્યાસની વ્યવસ્થા તેઓની શાળામાં હતી, પણ બન્યું એવું કે શાંતિલાલે પાંચમું ધોરણ પાસ કર્યું ત્યાં સુધીમાં શાળામાંથી છઠ્ઠું ધોરણ નીકળી ગયેલું અને પૂરતી સંખ્યાના અભાવે છઠ્ઠું ધોરણ શરૂ થઈ શકતું નહોતું. તેથી શાંતિલાલને અભ્યાસ ચાલુ રાખવો હોય તો અન્ય સ્થળે જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ. કોઈ સામાન્ય વિદ્યાર્થી હોય તો ભણવાનું છોડી દે, પરંતુ આ તો શાંતિલાલ હતા. તેમણે છોડ્યું નહીં, પરંતુ રસ્તા શોધ્યા. માત્ર છઠ્ઠા ધોરણના વિદ્યાર્થી તરીકે તેમણે જાતે પોતાના આગળના અભ્યાસ માટે તપાસ આદરી. તપાસ કરતાં ખબર પડી કે નજીકમાં આવેલું દરાપરા ગામ આ આગળના અભ્યાસ માટે અનુકૂળ આવે તેમ હતું. તેથી છઠ્ઠા ધોરણની તપાસ કરવા માટે શાંતિલાલ ત્યાં પહોંચ્યા. પરંતુ ત્યાંના શિક્ષકે દસ વિદ્યાર્થીઓ થાય તો છઠ્ઠા ધોરણનો વર્ગ શરૂ કરવાની તૈયારી બતાવી. તેથી શાંતિલાલે આ સંખ્યા ભેગી કરવા માટે કમર કસી. અંતે ચાણસદ, પાટોદ વગેરે અન્ય આજુબાજુનાં ગામડાંના દસ-બાર વિદ્યાર્થીઓની જોગવાઈ તો થઈ ગઈ, પરંતુ અહીં પાછું એક વિઘ્ન આવ્યું.

શાંતિલાલે તૈયાર કરેલી છઠ્ઠા ધોરણની આ વિદ્યાર્થી-મંડળીમાં દરાપરાનો કોઈ જ વિદ્યાર્થી ન હોવાથી શિક્ષકે નવો વર્ગ શરૂ કરવાની ના પાડી. તેથી તે વાત ત્યાં જ અટકી પડી અને શાંતિલાલનું એક વર્ષ એમ જ એળે ગયું. આ સંદર્ભમાં તેઓ ઘણી વાર રમૂજમાં કહેતા કે 'એક વરસ ઢોરાં ચારવામાં ગયું.'





છતાં શાંતિલાલ નિરાશ ન થયા. હાથમાં લીધેલું કાર્ય લાખ વિઘ્નો આવે તોય ન છોડવું એ તેઓની સ્વાભાવિક પ્રકૃતિ હતી. તેઓનો અભ્યાસ પ્રત્યેનો લગાવ જોઈને માતા-પિતાએ નક્કી કર્યું કે 'શાંતિલાલને આગળ ભણવા માટે બોચાસણ મોકલવા.'

પણ તેમાંય અડચણ ઊભી થઈ. તે જમાનામાં બોચાસણ બ્રિટિશ હકૂમત નીચે આવતું અને ચાણસદ ગાયકવાડી રાજ્યનું ગામ ગણાતું. ગાયકવાડી રાજ્યમાંથી બ્રિટિશ હકૂમતની શાળામાં દાખલ થવા આવનાર વિદ્યાર્થીને એક ધોરણ પાછળથી દાખલ થવું પડે એવો એ સમયનો ધારો હતો. તેથી શાંતિલાલે ચાણસદમાં પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોય તેમ છતાં ચોથા ધોરણમાં દાખલ થવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી. આ માટે શાંતિલાલ જેવા હોશિયાર વિદ્યાર્થીનું મન કેવી રીતે તૈયાર થાય? તેથી ભણવા માટે બોચાસણ જવાની વાત પણ પડતી મુકાઈ. થોડો સમય પેટલાદ સંસ્કૃત અભ્યાસ માટે પણ જઈ આવ્યા, પરંતુ ત્યાં પણ લાંબું ન ચાલ્યું.

અંતે, શાંતિલાલ માટે આગળના અભ્યાસ માટે પાદરાની શાળામાં ભણવા જવાનો જ એક માર્ગ બચેલો. તે વખતે શંકરલાલ અને મૂળજી નામના ચાણસદના બે તરુણો પાદરાની અંગ્રેજી શાળામાં અભ્યાસ કરવા જતા જ હતા. પરંતુ તકલીફ એ હતી કે ચાણસદથી પાદરા આશરે સાડા પાંચ - છ કિલોમીટર દૂર થાય. તેથી સાઈકલ પર જવું પડે. વળી, શાંતિલાલ પાસે સાઈકલ નહોતી. પણ તે વખતે પેલા બે મિત્રોએ પોતાની સાઈકલ પર શાંતિલાલને બેસાડીને લઈ જવાની તૈયારી બતાવી. શાંતિલાલનો સ્વભાવ જ એવો મીઠો અને મિલનસાર હતો કે કષ્ટ વેઠીને પણ સૌ તેઓનું સાંનિધ્ય ઝંખતા. કહો ને કે તેઓના સાંનિધ્યમાં કષ્ટ જણાતું જ નહીં. આમ, શાંતિલાલે પાદરાની શાળામાં અંગ્રેજીના પહેલા ધોરણમાં પ્રવેશ મેળવ્યો.

ચાણસદમાં પાંચમું ધોરણ પાસ કર્યા બાદ શાંતિલાલે પાદરાની હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો ત્યાં સુધીનાં બે વર્ષના ઘટનાચક્રમાં શાંતિલાલની અભ્યાસ અંગેની અસાધારણ તમન્નાનાં દર્શન થાય છે.

ઉચ્ચ અધ્યયન માટે દરાપરા, બોચાસણ વગેરે જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં બારણાં બંધ થતાં ગયાં. તેમ છતાં 'ન નિશ્ચિતાર્થાદ્ વિરમન્તિ ધીરાઃ...' – નક્કી કરેલા ધ્યેયને પાર પાડ્યા સિવાય ધીર પુરુષો અટકતા નથી, તે અનુસાર શાંતિલાલ હાંફ્યા-હાર્યા નહીં. આખરે તેઓની તપશ્ચર્યા રંગ લાવી અને અભ્યાસની મજલ પુનઃ શરૂ થઈ.

શંકરલાલ તથા મૂળજી શાંતિલાલને પોતાની સાઈકલ પર બેસાડીને પાદરા લઈ જતા, પરંતુ હંમેશાં 'બીજાના સુખમાં જ પોતાનું સુખ' અનુભવતા શાંતિલાલને પોતાની અનુકૂળતા કરતાં બીજાની પ્રતિકૂળતાનો વિચાર વધુ રહેતો. તેથી રોજરોજ પોતાનો ભાર મિત્રો પાસે ખેંચાવવામાં તેઓને ક્ષોભ થતો. મિત્રો તો તેમ કરવામાં રાજી હતા છતાં શાંતિલાલ ઘણી વાર પાદરા સુધીનું અંતર ચાલીને કાપી નાંખતા અને એ જ રીતે ચાલીને ઘેર આવતા. આમ, રોજનું સરેરાશ ૧૦-૧૨ કિલોમીટરનું અંતર પગપાળા કાપીને પણ તેઓએ અભ્યાસમાં ઓટ આવવા ન દીધી. તેઓએ કરેલી સરસ્વતીની સાધના આદર્શ વિદ્યાર્થીનાં લક્ષણોની નૂતન બારાક્ષરીને જન્મ આપે એવી બળવત્તર છે.

અભ્યાસ પુનઃ શરૂ થયાના બે-ચાર મહિના બાદ હર્ક્યુલીસ કંપનીની

સેકન્ડ-હેન્ડ સાઈકલ આશરે ૧૫-૧૭ રૂપિયામાં ખરીદવાનો મેળ પડી જતાં અને શંકરલાલે સાઈકલ ચલાવવાનું પણ શીખવી દેતાં શાંતિલાલ સાઈકલ પર બેસીને અભ્યાસ અર્થે જવા લાગ્યા. ટ્રીન... ટ્રીન... ઘંટડી વગાડતી સાઈકલ લઈને ભણવા જતા શાંતિલાલનું એ દર્શન ગામવાસીઓ માટે હૃદયંગમ બની રહેતું. મોટે ભાગે ચાણસદથી બિલ, ચાપડ ગામના રસ્તે થઈને તેઓ પાદરા જતા. ક્યારેક દરાપરાનો માર્ગ પણ લેતા.

શાંતિલાલ પાદરાની જે શાળામાં ભણ્યા એ શાળા આજે પણ ઊભી છે. પાદરાની એ શાળાના ભોંયતળિયે ડાબે હાથ જતાં છેલ્લા બે ઓરડામાં શાંતિલાલ ભણતા. ત્યાં હંમેશાં આગળની પાટલી પર બેસતા.

શાંતિલાલને શિસ્ત બહુ ગમે. આથી, ક્યારેક શાળામાં કોઈક વિદ્યાર્થીએ તેનું દફતર સરખું ન મૂક્યું હોય તો શાંતિલાલ તેને સરખું મૂકવા અવશ્ય પ્રેમપૂર્વક ટકોર કરે. શાંતિલાલના અહીંના સહાધ્યાયીઓમાં લતીપુરાના ડાહ્યાભાઈ, ગોરિયાદના ઉમેદભાઈ પણ શાંતિલાલ સાથે જોડાયેલા. લાલજીભાઈ કોટિયા નામના મહારાષ્ટ્રિયન શિક્ષક શાંતિલાલને ભણાવતા.

ભણવા જતા શાંતિલાલને ભાથામાં માતુશ્રી જારનાં ઢેબરાં ને ગોળના પાણીથી બાંધેલા ઘઉંના ચોપડા બાંધી દેતાં. ક્યારેક વડાં, અથાણું ને ગળી પૂરી પણ મૂકતાં. સાથે પાણીની બતક શાંતિલાલ ભરી લેતા. પાદરામાં શાળાની સામે જ વસોના રામભાઈ અમીનનું લાકડાંનું પીઠું આવેલું. આ રામભાઈ ચાણસદમાં ઉઘરાણીના હેતુથી અવાર-નવાર આવતા; તેથી પરિચયવાળા. તેઓને ત્યાં જ સાઈકલ અને ભાથું શાંતિલાલ મૂકતા. રિસેસ પડે એટલે ત્યાં જઈને જમી આવે.

ગુજરાતી, ભૂગોળ, ઇતિહાસ, ગણિત એ શાંતિલાલના રસના વિષય. તેમાંય ગણિત અને ઇતિહાસમાં તેઓ વધુ ગુણાંક મેળવતા. પહેલેથી 'અંગ્રેજી ભણવું જ' એવો નિર્ધાર તેઓને નહોતો, પણ શંકરલાલ વગેરે મિત્રોએ અંગ્રેજી ભણવાનો પ્રસ્તાવ મૂક્યો એટલે તે વિષય ભણવાની તત્પરતા તેઓએ દાખવેલી.

અભ્યાસમાં શાંતિલાલ કોઈ દિવસ ઉધાર પાસું રાખતા નહીં. દિવસ દરમ્યાન શાળામાં જે ભણ્યા હોય તેનું તે જ દિવસે પુનરાવર્તન ઘેર આવીને કરી લેવાની તેઓની પદ્ધતિ હતી. પરીક્ષા સમયે તો રાત્રે એક-દોઢ વાગ્યા સુધી વાંચે.

અભ્યાસમાં સજ્જતા એવી કે પરીક્ષાનો ભય માર્યો ફરે. એક વાર કો'કે તેઓને પૂછેલું કે 'આપને પરીક્ષા આપતી વખતે બીક લાગતી ?'

'ના, ના. તૈયારી કરીને જ જવાનું હોય ! પછી બીક શાની ?' તેઓએ જણાવેલું.

પરીક્ષામાં પણ પ્રશ્નપત્રમાં જે ક્રમમાં પ્રશ્નો પૂછ્યા હોય તે ક્રમમાં જ ઉત્તરો લખતા જતા. પોતે કહેતા : 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરી પેપર લખીએ.'

પાદરાના અભ્યાસ દરમ્યાન શાળામાં શીખેલી *'ઓ ઈશ્વર ભજીએ તને...'* જેવી કવિતાઓ, *'મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે...'* જેવી કહેવતો અને *'મારે એને પરબડી ને મારે એને મહુડાનું સાલ...'* જેવી પ્રાદેશિક લોકોક્તિઓ મોટી ઉંમરે પણ તેઓ બોલી બતાવતા અને સૌને આનંદ પમાડતા. વળી, પલાખાંની સ્મૃતિ કરતાં કહેતા : 'એક સવાએ સવા, લાડવા ખાવા જવા; લાડવામાં પડી કઢી, ને બે સવાએ અઢી. નિશાળમાં માસ્તરોએ આવું શિખવાડેલું. આવું કંઈક કરીને આપે એટલે જલદી યાદ રહી જાય.' સાથે ઉમેરતાઃ 'જેટલા રૂપિયે મણ એટલા આને અઢી શેર... પાયા, અડધા, દોઢા, સવાયા, અઢિયા ને ઉઠાં... એમ અમને ઘડિયાં ભણાવતા.'

એ વાતને આજે આઠ-નવ દાયકાનો સમય વીતી ગયો છે, પરંતુ આજેય શાંતિલાલની આદર્શ અને તેજસ્વી વિદ્યાર્થી તરીકેની સાક્ષી પૂરતું શાળાનું એ ભવન, એમના એ વર્ગો સહિત અનોખા ગૌરવ સાથે ઊભું છે! (છબિઃ નીચે) ◆





# ભજન-ભક્તિ અને સત્સંગમાં સદા રમમાણ

શાંતિલાલ એટલે એક ભજન-ભક્તિમય વ્યક્તિત્વ.

ચાણસદ ગામનાં મંદિરોમાં તેઓ રમમાણ રહે. ગામમાં સ્વામિનારાયણ મંદિર ઉપરાંત રણછોડરાય મંદિર, સત્યનારાયણ મંદિર અને હનુમાનમઢી પણ શાંતિલાલની રમણભૂમિ. ગામનું રણછોડરાયનું મંદિર, સત્યનારાયણ મંદિર, રામજી મંદિર, હનુમાનમઢી મંદિર વગેરે મંદિરોમાં એકાદશી, પૂનમ કે ઉત્સવોના દિવસે ભજન-કીર્તન થતાં. આ ઉપરાંત, કોઈક પ્રસંગોપાત્ત ભજન બેસાડે તો તે દિ' પણ ભજન-કીર્તનની રમઝટ બોલતી. તે માટે મંદિર દીઠ અલગ-અલગ ઊભી ભજનમંડળીઓ રહેતી. તદુપરાંત, કરતાલાં, કાંસીજોડિયાં વગેરે રીતની પણ





સત્યનારાયણ મંદિર, ચાણસદ

ભજનમંડળીઓ હતી. જ્યારે આવાં ઊભાં ભજન યોજાય ત્યારે શાંતિલાલ હાથમાં કરતાલ લઈને ઊભાં ઊભાં ભજન કરતાં તેમાં તલ્લીન થઈ જતા.

આવા ભજનોના કાર્યક્રમોમાં તે ઊલટભેર સામેલ થતા. રાતના બાર - બે વાગ્યા સુધી ભજનનો દોર ચાલતો. તેમાં કરતાલ અને કાંસીજોડાં વગાડતાં વગાડતાં શાંતિલાલ કીર્તનો લલકારતાં ભજનમંડળીમાં ફરતા. પ્રસંગોપાત્ત મૃદંગ, તબલાં પણ વગાડતા. આ ભજનમંડળીની સ્મૃતિ કરતાં તેઓ કહેતાઃ *‘તાંબાકુંડીઓ જળે ભરી, તમે નાવણ કરતા જાઓ...* એવાં ભજન કરતાલિયાંઓ ગાય.’

સ્વામિનારાયણના મંદિર ઉપરાંત શાંતિલાલને રોજ જુદાં જુદાં મંદિરે જઈને દેવદર્શન અને કથા-શ્રવણનો પણ એવો જ ઉમંગ.

બે-ત્રણ દિવસે એક વાર તો હનુમાનમઢીએ જવાનું થાય જ! જ્યારે જાય ત્યારે શંખ અવશ્ય વગાડે. અહીં અયોધ્યાથી આવેલા હરિદાસ બાવાજી રામાયણની વાતો કરે. શાંતિલાલ પલાંઠી વાળીને, જમણા ગોઠણે જમણા હાથની કોણી ટેકવી, તે હાથની હથેળીથી હડપચીને ટેકો આપી એકચિત્તે વાતો સાંભળે. તે જોઈને અયોધ્યાની હનુમાનમઢીમાં બેસીને કથાશ્રવણ કરતા બાળ ઘનશ્યામની સ્મૃતિ સૌને થઈ આવતી.

પરિવેશમાં મોટાભાગે સુતરાઉ ખમીસ અને ધોતી ધારણ કરીને ઘૂમતા આ ભક્તરાજ કો’ક ઋષિકુમારની યાદ અપાવતા રહેતા. કો’ક વાર ખમીસ પર કોટ પણ પરિધાન કરતા.

શાંતિલાલના એક મિત્ર હતા. તેનું નામ પણ શાંતિલાલ. બંનેનાં ઘર એકબીજાની સામસામે. આ મિત્ર શાંતિલાલ રામાનંદી સંપ્રદાયના. તેની સાથે શાંતિલાલ હોંશે હોંશે સત્યનારાયણના મંદિરે જતા. સર્વધર્મ-સમાદરના પાઠ એમને શીખવાના નહોતા.

આ સત્યનારાયણના મંદિરમાં સીતારામ બાવાજી પૂજા-આરતી કરતા. શાંતિલાલ મંદિરે મિત્રોને લઈને ત્યાં જાય ત્યારે સીતારામ બાવાજી આ કિશોરોને હરદ્વાર, હૃષીકેશની વાતો કરે. આ વાતોથી શાંતિલાલના હૈયે ઊછળતા ભક્તિરસમાં ભરતી ચડતી અને બંને મિત્રોએ મનમાં ગાંઠ વાળી લીધેલી કે ‘અભ્યાસ પૂરો કર્યા પછી હરિદ્વારમાં જવું અને ભગવાન ભજવા.’

હનુમાનમઢીના હરિદાસ બાવાજી પણ આ બે કિશોરોની રસવૃત્તિ જાણીને પોરસાતા અને એમના હૈયામાં આ બે મિત્રો માટે વાત્સલ્ય ઊભરાતું. એ આ બે કિશોરોને રામાયણની, ભગવાનની, સંતોની, સંતોના પ્રિય સ્થાન હિમાલયની, ત્યાંની ગુફાઓની અને એ ગુફાઓમાં વાસ કરતા ઋષિમુનિઓની, આશ્રમોની, તીર્થસ્થાનોની અને એમાંય ખાસ કરીને હૃષીકેશ અને હરિદ્વારની વાતો કરતા.

એક વાર તેઓને પૂછવામાં આવેલું : ‘નાનપણમાં શોખ હોય,



એમ આપને કંઈ અંગત શોખ હતો ?’

આ સાંભળતાંવેંત તેઓ બોલી ઊઠેલા : ‘એવો કોઈ શોખ ન’તો. મંદિરે જતા અને ભજન-કીર્તનમાં જતા.’

‘બાળપણમાં કયો વિષય ગમતો ?’ એ પ્રશ્નના ઉત્તરમાં પણ તેઓ જણાવતા કે ‘ભગવાન ભજવા અને ભજાવવા.’

આમ, શાંતિલાલના શોખ ગણો કે શૈલી, પણ તે આ જ હતાં – દેવદર્શન અને પ્રભુભક્તિ. ◆

હનુમાનમઢી, ચાણસદ





# જગતથી નિર્લેપ છતાં હૃદયથી સંવેદનશીલ

અત્યંત સંવેદનશીલ હતા - શાંતિલાલ. કોઈનુંય દુઃખ તેમનાથી સહન ન થાય. શાંતિલાલની સંવેદના મનુષ્ય પૂરતી જ સીમિત નહોતી. મૂંગાં-અબોલ પશુઓ પ્રત્યે પણ તેઓને આવી જ સહાનુભૂતિ રહેતી.

શાંતિલાલ રવિવાર કે રજાના દિવસોમાં પશુધન ચરાવવા વિશ્વામિત્રી નદીના કિનારે આવેલા ગોચરમાં જતા. તે વખતે કેટલાક બાળકો ગાય-ભેંસ પર બેસીને સવારીનો આનંદ લૂંટે. બપોરે આ પશુઓ નદીમાં પણ પડે. ત્યારે કેટલાક છોકરા તેની પર બેસીને સહેલ પણ કરે, પરંતુ શાંતિલાલ ગાય-ભેંસ પર બેસીને તેને ભારે મારવાના વિચારમાત્રથી દ્રવી ઊઠતા. 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति...' અનુસાર જીવ-પ્રાણીમાત્રને તેઓ પોતાપણાની દૃષ્ટિથી જ જોતા. પશુઓને ચરાવવા જાય ત્યારે શાંતિલાલ વાંચવાની ચોપડીઓ સાથે લઈને નીકળતા. ઢોર ચરતાં હોય ત્યારે ઝાડના છાંયે બેસી વાંચ્યા કરે.

આ સંવેદનશીલતા અને અભ્યાસની વૃત્તિની સાથે શાંતિલાલ બાળવયથી કામગરા હતા. પશુધન ચરાવવાની સાથે સાથે શાંતિલાલ ક્યારેક ઈટોલા બાજુ આવેલા પિતા મોતીભાઈના ૨૫-૩૦ વીઘાં ખેતરમાં કરબડી ફેરવવા પણ લાગતા.


આમ છતાં, શાંતિલાલ જગતના મોજ-શોખની બાબતમાં ઉદાસી.

શાંતિલાલનું ઘર ગામની પંચાયતના ચોરા સામે આવેલી ઢાળવાળી ગલીમાં ડાબા હાથે પહેલું જ હતું. તેથી ગામમાં ભવાઈ જેવા કાર્યક્રમોનાં ઢોલ-ભૂંગળ વાગે તે સીધાં જ સંભળાય અને ઘેર બેઠાં પણ એ નાટારંગ જોઈ શકાય. પરંતુ શાંતિલાલ કદી એ તરફ નજર સુધ્ધાં કરતા નહીં. એ જમાનો રેડિયાનો નહીં પણ થાળીવાજાંનો હતો. દુકાનોવાળા ગ્રામોફોન વગાડ્યા કરે. પરંતુ તેની વચ્ચે પણ નિર્લેપ રહેવાનું ઐશ્વર્ય આ બાળયોગીને જાણે જન્મસિદ્ધ હતું.

તે વખતે દર દશેરાએ વડોદરામાં રાજસવારી નીકળતી. તેનો ભપકો આંજી નાંખે તેવો રહેતો. દૂર દૂરનાં ગામડાંઓમાંથી લોકો તે જોવા ઊમટતા. ચાણસદથીયે લોકો જતાં, પણ શાંતિલાલને તે જોવાનું મુદ્દલ મન થતું નહીં.

સગાં-સંબંધીઓને ઘેર હરવા-ફરવા જવાની પણ શાંતિલાલની પ્રકૃતિ નહોતી. શાંતિલાલ ક્યારેક મોસાળ લાછરસ કે ખડમોસાળ મેનપુરા પણ જતા. પરંતુ અહીં પણ ગામની ગિરદીથી દૂર તળાવની પાળે આવીને ઘણી વાર બેસતા અને ધ્યાન-ભજનમાં લીન થઈ જતા.

આવા વિરલ બાળક હતા શાંતિલાલ. ◆



# સહનશક્તિ અને નિયમપાલનનું અનોખું શિખર

શાંતિલાલની સહનશક્તિ બાળવયથી જ અનોખી. બીમારીનાં રોદણાં રોવાની એમને આદત જ નહીં. રોગને કે દુઃખને સહજતાથી સહન કરી લેવાની વૃત્તિ. સહન કર્યાની કોઈને જાણ પણ ન થાય તેવી સ્વાભાવિક જીવનશૈલી. એટલું જ નહીં, એવી બીમારીમાં પણ પોતાના નિયમોના પાલનમાં શાંતિલાલ ક્યારેય સમાધાન ન કરે.

એકવાર બાળ શાંતિલાલને કોઈક ખાદ્યસામગ્રીને કારણે ઝાડા થઈ ગયેલા. દિવસમાં પંદર-વીસ વખત શૌચવિધિ કરવા જવું પડે એવા સખત ઝાડા થઈ ગયેલા. તેથી તેઓએ તળાવકિનારે ભાથીજીના ઓવારે જ ધામો નાંખેલો, કારણ કે શૌચ બાદ સ્નાન કરવાની પવિત્ર પ્રણાલી શાંતિલાલે નાનપણથી જ રાખેલી. વળી, ગંભીર માંદગી જેવા કોઈ પણ આપત્કાળમાંય શ્રીજીની નાની-શી આજ્ઞાનું પણ ઉલ્લંઘન ન થવું જોઈએ તેવી દૃઢતા પણ તેઓની રગરગમાં પહેલેથી જ ધરબાયેલી. તેથી શૌચ બાદ સ્નાનની સાનુકૂળતા સચવાય તે હેતુથી તળાવકિનારે એક વૃક્ષ નીચે જ રહેલા. ઝાડાને કારણે અશક્તિ એવી આવી ગયેલી કે બે જણે ઊંચકીને તેઓને ઘેર પહોંચાડેલા; પરંતુ શાંતિલાલે આ બીમારીની વાત સુધ્ધાં ઘરના સભ્યોને જણાવી નહોતી. જ્યારે તેઓને ઊંચકીને ઘેર લવાયા ત્યારે જ ઘરમાં સૌને ખબર પડી કે આવી માંદગી શાંતિલાલને આવી છે. અન્યથા તેઓ સૌ તો એમ જ સમજતા'તા કે 'શાંતિ ક્યાંક બહાર ગયો હશે.'

કોઈપણ પરિસ્થિતિને પ્રભુનો પ્રસાદ માનીને હસતાં મોંએ સ્વીકારી લેતા શાંતિલાલને જોઈને સૌ કોઈને લાગતું કે 'આ બાળક કંઈક જુદો છે.◆




# તપસ્વી જીવનની સહજ આભા



બાળપણથી જ શાંતિલાલ મિતાહારી અને મિતભાષી પ્રકૃતિના હતા. શાંતિલાલ સાદો અને સાત્ત્વિક આહાર સૂક્ષ્મ પ્રમાણમાં આરોગતા.

તેમાંય તેઓ કેટલીક વાર તો જમવાનું પણ ભૂલી જાય અને દિવાળીબા યાદ કરાવે કે ‘જમવાનું બાકી છે’ ત્યારે જમે !

નિશાળે જતાં પૂરી કે ઢેબરાંનો ડબ્બો જો સામેથી બાંધી આપ્યો હોય તો તે લઈ જાય, નહીં તો એમ ને એમ જાય. કંઈક ખાવા-પીવા બે પૈસા આપ્યા હોય તો તે પણ મોટેભાગે પાછા લઈ આવે. ક્યારેક એ રકમમાંથી પાદરા જઈ પુસ્તકો ખરીદી લાવતા.



આમ, ખાવા-પીવામાં બિલકુલ તાલમેલ નહીં. જમવામાં આ ભાવે કે તે ભાવે એવું પણ નહીં. પણ હા, પહેલેથી એક વાત પાકી રાખેલી – ભગવાનને ધરાવીને જ જમવાનું. તેમાં કદી ફેર પડવા દેતા નહીં.

શરીરે એકવડા તેથી માતા ભેંસ દોહવા બેસે ત્યારે શાંતિલાલને બોલાવી તાજું દૂધ પરાણે પિવડાવે, પણ શાંતિલાલને પહેલેથી દૂધ પર રુચિ ઓછી. તેથી માનું મન સાચવવા પૂરતું થોડુંક લેતા, બાકીનું બીજાને આપી દેતા. આમ, ખાવા-પીવા બાબતે કોઈ કરાર કે તકરાર તેઓના જીવનમાં પહેલેથી જ નહીં. આહાર પ્રત્યેના આવા દુર્લક્ષને કારણે શાંતિલાલનો શારીરિક બાંધો પાતળો-નબળો હતો.

મહાન વિભૂતિઓ સ્વભાવથી જ મિતભાષી હોય છે. આ લક્ષણ શાંતિલાલમાં સર્વથા વર્તાતું. તેઓ મિતાહારીની જેમ મિતભાષી પણ એવા જ હતા. તેઓ જેમ ચંચળ નહોતા તેમ વાચાળ પણ નહોતા.

અલબત્ત, તેઓ ઓછું બોલતા પણ મીઠું બોલતા. બોલે ત્યારે રૂપાની

ઘંટડી રણકતી હોય તેવું લાગે. એ રણકાર વર્ષો સુધી કાનમાં ગુંજ્યા કરે.

શાંતિલાલની ઊડીને આંખે વળગે તેવી એક વિશેષતા એ રહેલી કે તેઓ મિતભાષી હતા, પણ મૂંગાં નહીં. સમય આવ્યે જે સાચું હોય તે મક્કમતાથી કહેતા અને તે પ્રમાણે જ કરતા.

શાંતિલાલનાં શરૂઆતનાં વર્ષોમાં પિતાશ્રી મોતીભાઈ સાવલી તાલુકાના રાજનગર નામના ગામમાં કામકાજ માટે ગયેલા. શાંતિલાલ પણ સાથે જ હતા. અહીં તેઓ નવેક વર્ષ સુધી રહેલા. તે વખતે બાળમિત્રો સાથે વિવિધ બાળક્રીડાઓ કરતા. ગામની સીમમાં મહોરેલાં આંબા-આંબલીનાં ગોરસ- આંબલી, મરવા વગેરેની ઉજાણી પણ કરતા અને સૌને આનંદ પમાડતા.

આ રાજનગરમાં ભાદરણ ગામના છોટાભાઈ નામે સદ્‌ગૃહસ્થ રહેતા હતા. શાંતિલાલના ઘરની ગલીમાં જ તેઓનું મોટું મકાન હતું. તેઓને નાનાં બાળકો પ્રત્યે અપાર પ્રેમ. જાતજાતની અને ભાતભાતની વસ્તુ-વાનગીઓ લાવીને બાળકોને રાજી કરતા રહે. ફૂલદોલ વખતે સૌ માટે ખજૂર લાવે, ઉત્તરાયણ વખતે પતંગો અને દિવાળી વખતે ફટાકડા. પરંતુ આ સૌ બાળકોમાં શાંતિલાલ વિશે તેઓને અનહદ લાગણી. તેઓ માટે છોટાકાકા રમકડાં લઈ આવે. શાંતિલાલને એકડો ઘૂંટાવવા તેઓએ ખાસ શિક્ષક પણ રોકેલો.

એક દિવસ આ છોટાકાકાએ સંકલ્પ કર્યો કે ‘આજે છોકરાંઓને સારી રસોઈ બનાવીને જમાડવા.’ આ હેતુસર તેઓએ સૌ બાળકોને એકત્રિત કર્યા. શાંતિલાલને પણ બોલાવ્યા. ત્યારે શાંતિલાલે નમ્રતાથી છતાં દૃઢતાથી કહ્યું : ‘આજે મારે એકાદશી છે. માટે હું નહીં જમું.’

છોટાકાકાએ આવા ઉત્તરની અપેક્ષા રાખી નહોતી. તેથી તેઓએ આગ્રહપૂર્વક શાંતિલાલને કહ્યું : ‘હવે છોકરાંને શું એકાદશી ? ચાલશે. એક વાર ખાઈ લઈએ તેમાં શું ? બધાની સાથે જમવા બેસી જા.’

પરંતુ શાંતિલાલે મચક ન આપી. અંતે જ્યારે ખૂબ આગ્રહ થયો ત્યારે શાંતિલાલની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એ આંસુએ છોટાકાકાને પલાળી દીધા. તેઓએ વધુ આગ્રહ પડતો મૂક્યો અને ફરાળ મંગાવીને શાંતિલાલને જમાડ્યા. પણ તે વખતે સૌને થયું કે ‘આ તે વળી કેવું કૌતુક ! સ્વાદિષ્ટ ભોજન જોઈને બાળક તો લલચાઈ જ જાય. અને જો તે ન મળે તો જમવા માટે રડે. જ્યારે આ શાંતિલાલ તો ઉપવાસની ટેક ન તૂટે તે માટે રડ્યા ! ખરેખર, આ જુદી માટીનો બાળક લાગે છે !’

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે ‘સારો હોય તે તો બાળપણામાંથી જ જિહ્‌વાનો સ્વાદિયો હોય નહીં અને શરીરને દમ્યા કરે.’ આ સારપનું મૂઠી ઊંચેરું દર્શન શાંતિલાલમાં સૌને થયાં કરતું.

બાળસહજ ગોબરાપણાથી પણ શાંતિલાલ જોજનો દૂર. એક પ્રસંગે બાલ્યાવસ્થાની પોતાની સ્વાભાવિક પ્રકૃતિ જણાવતાં તેઓએ કહેલું : ‘પહેલેથી ઘરમાં બધું વ્યવસ્થિત મૂકવાનું ખરું. સાફસૂફી રહે એવું નાનપણથી કરતા’તા. સ્કૂલમાં પણ કોઈ દફતર (આડું-અવળું) પડ્યું હોય તો એનેય કહીએ કે ‘સીધું મૂક.’’

આમ, સુઘડતા, સ્વચ્છતા અને શુચિતાનો ‘સા’ પહેલેથી જ તેઓના જીવનમાં ઘૂંટાયો હતો, જે સૌ કોઈને હૈયે સહેજે જ સ્પર્શી જતો. ◆





# વિવિધ કૌશલ્યોની વહેતી સરસ્વતી

અધ્યાત્મ અને અભ્યાસની ગંગા-યમુના ધારાઓ શાંતિલાલના જીવનમાં સમાંતર વહેતી હતી. સાથે સાથે વિવિધ કૌશલ્યોની સરસ્વતી પણ તેઓમાં ભળેલી. વિવિધ રમતોમાં તેઓનું કૌશલ્ય સૌને હેરત પમાડતું.

તરવામાં તેઓની કુશળતા અનેરી હતી. તરતાં તરતાં ગામના વિશાળ તળાવના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય. વચ્ચે ક્યાંય થાકે-અટકે નહીં. તેઓને હંમેશાં વ્યાપની સાથે ઊંડાણ પણ ગમતું. તેથી મસમોટા તળાવને હાથ ફંગોળતાં ફંગોળતાં માપી લેનારા તેઓ ઊંડે પણ એટલા જ ગરક થઈ જતા. કૂવા-તળાવમાં ઠેઠ વીસ ફૂટ ઊંડે જઈ પાણીમાં જે ઘડા ડૂબી ગયા હોય તે પણ લઈ આવે. ડૂબતાંને ઉગારવાનું, તળિયે ગયેલાને ટોચે લઈ આવવાનું તેઓનું આ કૌશલ્ય સમય જતાં અનેક ક્ષેત્રે વિસ્તરેલું.

ચોમાસામાં નવું પાણી આવે અને ગામમાં તળાવ ભરાય એટલે મુખી તળાવને વધાવવા જાય. પૂજન કરે. શ્રીફળ પધરાવે. તે શ્રીફળ કોણ પહેલું લઈ આવે તે માટે છોકરાં તળાવમાં ઝંપલાવે. તેમાં શાંતિલાલ ઘણી વાર વિજયી નીવડી શ્રીફળ લઈ આવતા.

અચ્છા તરણબાજની સાથે સાથે શાંતિલાલ ક્રિકેટ રમવામાં પણ કુશળ હતા. ગામમાં પેસતાં હાલ જ્યાં દવાખાનું છે તે ભાગોળ એ તેઓનું મેદાન. અહીં તેઓ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવતા. તેઓ કહેતાઃ 'અમે ક્રિકેટ રમતા પણ રસબસ થઈ ગયેલા નહીં. સાધારણ... એકાદ-બે મહિના ખરું પણ વધુ નહીં. પછી અહીં આવી ગયા ભગવાન ભજવામાં...'

અત્યારે ફૂટબોલ રમે છે તેમ ચાણસદના બાળકો કપડાના દડાની રમત રમતા. તે દડો લઈને શાંતિલાલ એવા દોડી જતા કે કોઈ તેમને પહોંચી ન શકે.

ચાણસદમાં હનુમાનમઢી તરફ આવેલી ખોડી આંબલીનો વિશાળ ઘાટો છાંયડો પણ શાંતિલાલનું ક્રીડાંગણ હતું. અહીં તેઓ રવિવારના દિવસે મિત્રો સાથે આવતા અને ભમરડા, લખોટીઓ, હુતુતુતુ, ખો-ખો, આંબલી-પીપળી જેવી રમતો રમી ધૂળને ધન્ય કરતા. તેમાં ખો-ખોની રમત પ્રમાણમાં વધુ ગમતી. તેઓની એક વિશેષતા નોંધનીય બની રહેતી કે તેઓ દરેક ક્રિયામાં જમણેરી હતા, પણ લખોટી રમતા ત્યારે ડાબા હાથે રમતા. તે વખતે ગીતાકારે વાપરેલું 'સવ્યસાચિન્' બિરુદ તેઓ માટે વાપરવાનું સૌને મન થઈ આવતું.

પતંગ ચગાવવામાં પણ શાંતિલાલ એવા જ પ્રવીણ હતા. ઘરના છાપરે ચઢીને કે ભાગોળે જઈને પતંગો ચગાવતા.

બાવળની ગેડી ને લૂગડાના દડે ગેડી-દડો પણ રમતા. આ રમત રાત્રે વિશેષ રમાતી. તેમાંય હોળી ટાણે તેનું પ્રમાણ વધુ રહેતું. દિવાળીના દિવસોમાં લવિંગિયા ટેટા, ચકરી, હવાઈ, બપોરિયાં, ફૂલઝરી જેવા ફટાકડા ફોડતા. ક્યારેક ગામમાં 'મુંબઈ દેખો, દિલ્હી દેખો,' એમ કહીને બોક્સનાં ખાનાંઓમાં જે તે સ્થળની ઝાંખી બતાવનારા પણ આવતા. બે-ત્રણ પૈસા આપીને તે જોવા માટે છોકરાંઓ ભેગા થાય. આ નિર્દોષ આનંદ સખાઓના સંગમાં શાંતિલાલે પણ લૂંટેલો.

ગોપવાસીઓનાં ધન્યભાગ્ય વર્ણવતાં વેદવ્યાસે લખ્યું છે કે 'નંદ, ગોપ, વ્રજવાસીઓનાં કેવાં ભાગ્ય કે સનાતન પૂર્ણ બ્રહ્મ કે જે પરમાનંદનું સ્વરૂપ છે, તે આ સૌના મિત્ર બનીને રહ્યા છે!' ભાગવતકારને ફરી એક વાર આવા શબ્દો ઉચ્ચારવાનું મન થઈ જાય એ રીતે શાંતિલાલ ગામવાસીઓ સાથે હળી-મળી ગયેલા.

'શેરીએ રમતાં અથડાતાં, છોરાં રાખે દાવા રે; સબળ થઈ કોઈ લીએ ચૂંટિયો...' આ છે બાલ્યાવસ્થાનું શબ્દચિત્ર. પરંતુ અવસ્થાના આ આવેગોથી પણ શાંતિલાલ અભડાયા નહોતા. 'મને પહેલેથી કોઈની સાથે ઝઘડો થાય એ ગમે નહીં ને કોઈ ઝઘડો કરતું હોય તે જોવુંય ગમે નહીં. મનમાં દુઃખ થાય કે આ ઝઘડે છે શું કરવા? ઝઘડાનો પ્રસંગ થયો હોય તોયે ઝઘડીએ નહીં. સહન કરી લેવાનું. કોઈની જોડે ઝઘડો ન થાય તે પહેલું જોવાનું. નાનપણથી જ કોઈ લડતા-ઝઘડતા હોય તો ત્યાંથી જતો જ રહું. તકરારનો પહેલેથી જ સ્વભાવ નહીં. બીજા કોઈ ઝઘડે તેમાં મને બીક લાગતી... બીજાને ઝઘડતા જોઈ રડી



પડીએ તેવું હતું.'

તેઓના મુખેથી સરેલા આ શબ્દો પરથી શાંતિલાલનો શાંત-સુલેહકારી સ્વભાવ પરખાય છે. પોતાની આવી જીવનશૈલીથી તેઓને સૌ સાથે સારાવાટ. મોટે ભાગે તરુણાવસ્થામાં સ્પર્ધાનો ભાવ વિશેષ વળગે છે. અન્યને મહાત કરી પોતાની સરસાઈ સ્થાપવાના વિચારો જ મનમાં ઘુમરાતા રહે છે. તેમાંય જ્યારે અભ્યાસનું દૈવત અને ખેલકૂદનું કૌવત સોળે કળાએ ખીલેલું હોય, ભાતભાતનાં કૌશલ્યોથી જીવન છલકાતું હોય, ત્યારે તો તેનાં કળ-બળ બીજાને બતાવવાનો અભરખો સહેજે જાગે; પરંતુ આ સર્વસામાન્ય માનવશૈલીથી શાંતિલાલ તદ્દન નોખા-નિરાળા હતા. સિદ્ધિ-સામર્થ્ય અને આવડત-ઐશ્વર્યને છુપાવી રાખવાની કળા તેઓને સહજ સિદ્ધ હતી. એક વાર તેઓએ જણાવેલું: 'આપણાથી થાય એટલું કરીએ. ન થાય તો મૂકી દઈએ. ક્યારેય કોઈ હરીફાઈ કરી નથી.'

તેઓની આવી નિરાળી તરુણાવસ્થાનું સરવૈયું કાઢતાં કહી શકાય એમ છે કે રમતિયાળ વૃત્તિ વિનાના રમતવીર, વેદિયાવેડા વિનાના અભ્યાસી, સીધા કે આડકતરા સ્વાર્થ વિનાના સહૃદયી, મલિનતા વિનાના મનુષ્ય અને ભોળપણ વિનાના ભક્ત શાંતિલાલ હતા. ◆

ગામ તળાવ, ચાણસદ





# રમતવીર બન્યા ત્યાગવીર, ગૃહત્યાગની સહજ વેળાએ...

વર્ષ સન ૧૯૩૯નું હતું. નવેમ્બર મહિનાની ૭મી તારીખ હતી. ચાણસદ ગામની ભાગોળે ગામના બાળકો એકત્રિત થયા હતા. હેતુ એ હતો કે તેમને ક્રિકેટનાં સાધનો ખરીદવા હતાં, અને ખરીદવા માટે વડોદરા કોણ જાય તેની ચર્ચા કરી રહ્યા હતા. સૌનો આગ્રહ હતો કે શાંતિલાલ જ સૌ વતી વડોદરા જઈને ક્રિકેટનાં સાધનો ખરીદી આવે.

વાત એમ હતી કે ચાણસદ ગામમાં રમણભાઈ નામના એક કલાલ સરકારી નોકરિયાત તરીકે આવેલા. એ ક્રિકેટના શોખીન. તેમની પાસે રમતનાં સાધનો હતાં પણ રમનારા કોઈ ન હોય! તેથી રોજ છોકરાંઓને ભેગાં કરે અને રમાડે. આવું લગભગ એકાદ વર્ષ જેવું ચાલેલું. પછી તે કલાલ તો બીજે જતા રહ્યા, પરંતુ અહીં છોકરાંઓને તો રમતનો રંગ બરાબર લાગી ગયેલો. તેથી સૌએ વિચાર કર્યો કે 'આપણે બેટ, દડો, સ્ટમ્પ વગેરે ભેગું કરીએ.'

આ મુદ્દા હેઠળ, શાંતિલાલની શાળા હતી ત્યાં સૌ એકત્રિત થયા હતા. રમતનાં સાધનો અંગે ફાળો કર્યો અને જરૂરી રકમ ભેગી થતાં સૌએ સાધનો ખરીદવા અંગે વડોદરા જવા માટે શાંતિલાલ પર પસંદગી ઉતારી. કારણ કે શાંતિલાલની કુનેહ સૌની જાણીતી. બધાને તેમનામાં વિશ્વાસ અને ખાતરી. જ્યારે પણ કંઈક જવાબદારીભર્યો આરંભ હોય ત્યારે સૌ શાંતિલાલ પર જ કળશ ઢોળતા.

સૌની ઇચ્છા અને આગ્રહને વશ થઈને શાંતિલાલે ક્રિકેટનાં સાધનો ખરીદી લાવવા માટેની એ જવાબદારી સ્વીકારી અને વડોદરા જવા તૈયાર થયા ત્યાં જ સાઇકલ પર ભાઈલી ગામથી રાવજીભાઈ ત્યાં આવ્યા.

રાવજીભાઈએ નિશાળના પગથિયે મિત્રો સાથે બેઠેલા શાંતિલાલ પાસે આવીને તેમના હાથમાં શાસ્ત્રીજી મહારાજના સંદેશનો એક પત્ર આપ્યો. શાંતિલાલે પત્ર વાંચ્યો તો પત્રમાં સ્પષ્ટ આદેશ હતો કે આ રાવજીભાઈ સાથે અત્યારે જ ગૃહત્યાગ કરી સાધુ થવા આવી જવું.

અને સાપ કાંચળી ઉતારે તેમ શાંતિલાલે પણ તે જ ક્ષણે સંસારનો ત્યાગ કરવાનો નિર્ણય લઈ લીધો. તે જ ક્ષણે શાંતિલાલે સૌ મિત્રોની ક્ષમા માંગીને કહ્યું કે હવે તે ક્રિકેટનાં સાધનો ખરીદવા નહીં જઈ શકે. તે હવે ગુરુજીના આદેશથી સાધુ થવા નીકળી જાય છે.

મિત્રોની વિનંતીના સૂર સાથે આંસુનાં પૂર વહેવાં લાગ્યાં. પણ શાંતિલાલે લાગણીઓના આ વહેણને ખાળતાં શાંતિથી કહ્યું: 'સ્વામીની આજ્ઞા આવી છે એટલે મારે તો જવું જ પડે. સ્વામીએ કહેલું કે 'તને સાધુ બનાવવો છે' અને મેં 'હા' પણ

પાડેલી.' આટલું કહીને સાધનો લાવવા અંગેની જવાબદારી શંકરલાલને સોંપી દીધી. સૌ સજળ નયને તેઓને તાકી રહ્યા. સૌને આશ્ચર્ય, આઘાત અને વિરહમાં મૂકીને શાંતિલાલ તુરંત ઘેર આવ્યા. એ દિવસે એકાદશી હતી. ઘરમાં સૌને ઉપવાસ હતો.

શાસ્ત્રીજી મહારાજના આદેશની ઘરમાં જાણ થઈ અને ઘરમાં જાણે દિવાળી જેવો આનંદ છવાઈ ગયો. ગામની ભાગોળ કરતાં ઘરના ઉંબરાનું દૃશ્ય વધુ વિષાદમય હોવું જોઈતું'તું, પરંતુ અહીં પરિસ્થિતિ સાવ જ જુદી હતી. પુત્રને વધાવતી વખતે મા-બાપને હૈયે જે આનંદ હોય અને ઘરમાં જે મંગલમય વાતાવરણ હોય, તેવું જ શાંતિલાલના સદનમાં હતું.

ખોળાનો ખૂંદનારો નજરથી સદાને માટે ઓઝલ થઈ રહ્યો હોય, ઘરનું ઘરેણું હવે ફરી કદી ઘરમાં આવવાનું ન હોય, ગામનું નામ પણ જેના હોઠે હવે કદી ફૂટવાનું ન હોય, માતા-પિતા-ભાઈ-ભગિનીના સંબંધો પર કાયમ માટે પૂર્ણવિરામ મુકાવાની ઘડીઓ ગણાઈ રહી હોય, તે વખતે કોનું હૈયું હાથ રહે ? સંતાન સમાન સ્નેહ કશામાં નથી હોતો. આજે એ સ્નેહગાંઠ ફરી કદી ન બંધાય એ રીતે માતા-પિતાને છોડવાની હતી. આવા સમયે કોણ ધીરજ ધરી શકે? પણ અહીં સૌ સ્વસ્થ હતાં.

પિતાને ઉમંગ હતો ગુરુની આજ્ઞા પાળવાનો. માતાને ઉમંગ હતો ગુરુની સેવા કરવાનો. પુત્રને ઉમંગ હતો ગુરુને રાજી કરવાનો.

શાંતિલાલના ઘરમાં આકાર લઈ રહેલી આ ઘટના સમગ્ર વિશ્વને સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા સમાન ત્યાગ, જ્ઞાન અને સમર્પણની તાકાતનું દર્શન કરાવી રહેલી. વિ. સં. ૧૯૯૫ની એ આસો વદ એકાદશી આજે પુલકિત થઈ ઊઠી!

જે માતા હરહંમેશ એમ કહેતી કે 'હું આ શાંતિને જોઈને જીવતી, શાંતિને માટે જીવતી...' તે માતાએ વિદાય વેળાએ દૂધનો ઉકાળો બનાવીને શાંતિલાલને પિવડાવ્યો અને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા કે 'તું જાય છે તો શાસ્ત્રીજી મહારાજને રાજી કરજે અને કહે એમ કરજે.'

પિતાએ પણ આશિષ પાઠવ્યા કે 'શાસ્ત્રીજી મહારાજને મૂકીશ નહીં અને દુઃખ થાય તો સહન કરીને પણ શાસ્ત્રીજી મહારાજને રાજી જ કરજે.'

માતા-પિતા તરફથી મળેલા આ પ્રેમપીયૂષનું પાથેય લઈને શાંતિલાલ ત્યાગના પંથે પ્રયાણ કરી ગયા. શાંતિલાલ રાવજીની સાઇકલ પર બેઠા અને એમણે ભાયલીનો રસ્તો લીધો.

થોડે સુધી ગયા પછી યાદ આવ્યું કે પૂજા ઘેર રહી ગઈ છે. એટલે શાંતિલાલ એકલા સાઇકલ પર ઘેર પાછા આવ્યા. માતાપિતાને આશ્ચર્ય થયું અને પૂછ્યું : 'કેમ પાછો આવ્યો ?'

શાંતિલાલે જવાબ આપ્યો : 'પૂજા રહી ગઈ છે.'

પૂજા લઈને શાંતિલાલ નીકળતા હતા એ વખતે માતાએ થોડા ચણા-મમરા પણ બાંધી આપ્યા.

જાણે નિશાળે જવા નીકળ્યા હોય કે ખેતરમાં આંટો મારવા નીકળ્યા હોય કે મિત્રો સાથે રમવા નીકળ્યા હોય એટલી સ્વસ્થતા અને સાહજિકતાથી શાંતિલાલ રાવજીભાઈની સાઇકલ પર બેસીને ચાણસદની ક્ષિતિજ પરથી અદૃશ્ય થઈ ગયા ! ચાણસદની ધરતીના હૈયેથી હાયકારો નીકળી ગયો. સવારના નવ - સાડા નવનો એ સરકતો સમય પણ ઘડીભર સ્થિર થઈ ગયો.

ચાણસદની એ દિવ્ય ભૂમિ સતત અઢાર વર્ષ સુધી શાંતિલાલના સાંનિધ્યનો ચિરંતન લાભ પામી ગઈ અને સદાને માટે શાંતિનું ધામ બની ગઈ. ◆






# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ



**ચાણસદના કોડીલા લાલ શાંતિલાલમાંથી**
**પ્રમુખસ્વામી મહારાજ તરીકે વિશ્વવંદનીય**
**બનીને અસંખ્યને જીવન-ઉદ્ધારની પ્રેરણા**
**આપનારા પ્રાણપ્યારા ગુરુહરિને તેઓના**
**૧૦૦મા જન્મજયંતી પર્વે**
**ભવ્ય ભાવવંદના...**



## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ

માગશર સુદ આઠમ એટલે વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પુણ્યવંતી પ્રાકટ્યતિથિ. બરાબર સો વર્ષ પૂર્વે માગશર સુદ આઠમના આ પવિત્ર દિવસે, ગુજરાતના કાનમ પ્રદેશના શાંતિના ધામ સમા ચાણસદ ગામે તેઓનું પ્રાગટ્ય થયું હતું અને અસંખ્ય મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણ માટે તેમણે પોતાની જીવનયાત્રા આરંભી હતી. આ જીવનયાત્રા દરમ્યાન તેમણે નાત-જાત કે અન્ય કોઈપણ પ્રકારના ભેદભાવ વિના અસંખ્ય લોકો પર નિઃસ્વાર્થ ભાવે વાત્સલ્ય વર્ષા કરીને સૌને સુખ-શાંતિ-આનંદનાં અમૃત પાયાં હતાં.

આવા પ્રતાપી મહાપુરુષ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે તેમના પ્રાગટ્યતીર્થ ચાણસદમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તથા વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં વિશેષ આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા. તે પૈકીનો એક વિશિષ્ટ કાર્યક્રમ માગશર સુદ આઠમ, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ યોજાયો હતો.

આજે વહેલી સવારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અટલાદરાથી ચાણસદ પધાર્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થળે પ્રાસાદિક ઘરે પધારી સ્વામીશ્રીએ કલાત્મક સિંહાસનમાં વિરાજમાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ સમક્ષ વેદોક્ત વિધિપૂર્વક અખંડ દીપને પ્રગટ કર્યો હતો, જે આગામી વર્ષે અમદાવાદ ખાતે ઊજવાનાર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ સુધી અખંડ પ્રજ્વલિત રહેશે. ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું વેદોક્ત પૂજન કરી આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું. ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના પ્રારંભે સૌની સુખાકારી માટે વિવિધ શુભ સંકલ્પો સાથે સ્વામીશ્રીએ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રાગટ્ય ભૂમિ પર સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરીને માંગલિક પ્રાર્થનાઓ કરી હતી.

આજની મંગલ પ્રભાતે પવિત્ર ચાણસદ ગામની ભાગોળમાં જ મંગલમય વાતાવરણમાં સ્વામીશ્રીનો પ્રાતઃપૂજા સમારંભ યોજાયો હતો. સ્વામીશ્રી સભામંડપના મંચ પર પધાર્યા ત્યારે મંચની શોભા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્યને પડઘાવી રહી હતી. અનેકના જીવનમાં પ્રકાશ પૂરનાર પ્રમુખસ્વામી મહારાજને વધાવવા મંચ પર દીવડાઓ ઝળહળી રહ્યા હતા. સાધુતાની સૌરભથી વિશ્વને મઘમઘતું કરનાર સ્વામીબાપાને વધાવવા પુષ્પોની આકર્ષક શોભા નીખરી રહી હતી. અનેકના જીવનને મધુર બનાવનાર સ્વામીબાપાને વધાવવા ૧૦૦નો અંક દર્શાવતી



કેક મૂકવામાં આવી હતી. સ્વામીબાપાના જીવનને અંજલિ અર્પતા તેઓના શતાબ્દી મહોત્સવે આ તમામ ઉપહારો તેમનાં ચરણે ધરવામાં આવ્યા હતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઉપહારરૂપે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ભેટ આપી છે, એવા પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો હતો. પૂજા દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિગંગામાં અવગાહન કરાવતી તેઓના પ્રાકટ્યથી આરંભાયેલી જીવનગાથાને સંગીતજ્ઞ સંતો-યુવકોએ સુરીલા કંઠે કીર્તનભક્તિ દ્વારા માંગલિક પ્રાર્થનાઓમાં વહાવી હતી.

પ્રાતઃપૂજાના અંતે, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ વર્ષના મંગળ પ્રારંભે તેમના ગુણિયલ ગુણોની સ્મૃતિ કરીને તેઓના શતાબ્દી વર્ષે યાહોમ કરી છૂટવાની હાકલ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે પ્રમુખસ્વામી મહારાજને સો વર્ષ પૂરાં થયાં અને આજથી આપણા માટે નવું વર્ષ શરૂ થાય છે. શતાબ્દી વર્ષ!

પ્રમુખસ્વામી મહારાજ આપણા માટે બધું કરી ગયા છે, કાંઈ બાકી રાખ્યું નથી. ઘરોઘર પધરામણીઓ કરી, દેશ-પરદેશમાં મંદિરો કર્યાં, ભણેલા-ગણેલા સંતો કર્યા, હરિભક્તનો સમાજ તૈયાર થયો એટલે કોઈ વાતે ખામી રાખી નથી. તેમણે હદ વાળી દીધી! દેશ-પરદેશમાં ડંકો વાગ્યો છે. પરદેશનાં મંદિરો જોઈને બીજાને તો આશ્ચર્ય જ થાય. આરબ દેશમાં દુબઈમાં મંદિર બની રહ્યું છે એ પણ એટલી મોટી જ સિદ્ધિ છે.

ટૂંકમાં, હવે આપણો વારો છે. આપણે તો એમનું ઋણ ચૂકવી શકીએ એમ નથી જ, નથી જ. પણ તેમનું શતાબ્દી વર્ષ ચાલે છે તેમાં આપણે યાહોમ કરી દઈએ. તન-મન-ધન બધું લગાવી દઈએ.

સ્વામી બહુ કોમળ હતા. તે વખતે કોઈને ખ્યાલ ન આવે, પણ તેમનું જીવનચરિત્ર વાંચીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેમણે બધું જ્ઞાન વણી લીધું છે. કાંઈ બાકી રાખ્યું નથી. હવે આપણો વારો છે, એટલે આપણે પણ કેડ કસીને બધું કરી છૂટીએ એ જ પ્રાર્થના.''

પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ શાનદાર રીતે ઊજવવા અને સમગ્ર વર્ષ દરમ્યાન મન-કર્મ-વચન, તન-મન-ધનથી સર્વસ્વ યાહોમ કરી દેવાની કટિબદ્ધતા સાથે સૌએ બુલંદ જયઘોષથી પ્રમુખસ્વામી મહારાજને અને તેમના શતાબ્દી મહોત્સવને વધાવ્યો હતો.

આબાલ-વૃદ્ધ સૌ કોઈ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવવા થનગની રહ્યા છે ત્યારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અંતરમાં પણ ખૂબ જ ઉમંગ-ઉત્સાહ અને અહોભાવ છલકાઈ રહ્યો છે. પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી દિને અભિનંદન-અભિવંદન કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંસ્થાકીય વિમર્શોમાંથી ખાસ



સમય કાઢી સ્વહસ્તે ભક્તિભાવપૂર્વક એક શુભેચ્છા પત્ર લખ્યો હતો. તે પત્રનું દર્શન સૌએ સ્ક્રીન પર કર્યું હતું. ત્યારબાદ સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો, અહીં ઉપસ્થિત સંતો તેમજ હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે આરતી-અર્ઘ્ય અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ વરિષ્ઠ સંતોએ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ સમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને કલાત્મક હારતોરા અને ચાદર અર્પણ કરી વધાવ્યા હતા. સાથે સાથે ચાણસદ સત્સંગ મંડળના હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે દીક્ષિત થયેલા તમામ સંતોની નામાવલિ ગૂંથી ભક્તિભાવપૂર્વક ૧૦૦ ફૂટ લાંબો હાર બનાવ્યો હતો. આ હાર ચાણસદના અગ્રણી ગ્રામજનો અને અટલાદરા મંદિરમાં સેવા આપતા સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને અર્પણ કરી, સ્વામીબાપાને શતાબ્દી વર્ષ નિમિત્તે ભક્તિઅંજલિ અર્પી હતી.

આજના અવસરે અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત કેટલાંક નૂતન પ્રકાશનો સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટિત થયાં હતાં. જેમાં, પ્રમુખસ્વામી મહારાજ જીવનચરિત્ર ભાગ-૬ અને સાથે સાથે બંગાળી ભાષામાં ભાષાંતરિત થયેલા સહજાનંદ ચરિત્ર, શાસ્ત્રીજી મહારાજ, સત્સંગ વિહાર, કિશોર સત્સંગ પ્રવેશ, પ્રમુખસ્વામી મહારાજ(૧૦૦ પ્રેરણાદાયી પ્રસંગો) વગેરે પુસ્તકો તથા પશ્ચિમની ધરા લંડન ખાતે પ્રમુખસ્વામી મહારાજે સર્જેલા બેનમૂન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની નિર્માણ ગાથાને વર્ણવતી 'The First of its Kind' નામક ૧૪ ભાગની ડોક્યુમેન્ટરીની વીડિયો-શ્રેણી ઉદ્‌ઘાટિત થઈ હતી.

સભાના અંતમાં, છેલ્લાં પાંચ વરસથી પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ગાથા ગાતું શતાબ્દી ભાવગીત *'શત શત વરસ સરે, ગુરુ જીવનજ્યોત જલે...'*ના તાલે યુવકોએ નૃત્યાંજલિ અર્પણ કરી ત્યારે દેશ-પરદેશના લાખો ભક્તો-ભાવિકોનાં હૈયાં ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને મનોમન અંજલિ અર્પતાં વંદી રહ્યાં હતાં.

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શાનદાર વર્ચ્યુઅલ ૧૦૦મો જન્મજયંતી સમારોહ

*આજથી સો વર્ષ પૂર્વે સંવત ૧૯૭૮, માગશર સુદ આઠમ, તા. ૭-૧૨-૧૯૨૧ના દિને ચાણસદની ધરા પર એક સૂર્ય ઊગ્યો, જેનાં અજવાળાં સમગ્ર વિશ્વમાં પ્રસર્યાં. એ સૂર્ય સમાન તેજસ્વી વ્યક્તિત્વ હતું - પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું. વિક્રમ સંવત ૨૦૭૮ની માગશર સુદ આઠમ, તા. ૧૧-૧૨-૨૦૨૧ના દિને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યને એક શતાબ્દી પૂર્ણ થઈ. છેલ્લાં પાંચ વર્ષથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વની આ અણમોલ ક્ષણ હતી. કારણ કે, આજથી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ વર્ષનો પ્રારંભ થઈ રહ્યો હતો. આ શતાબ્દી વર્ષના ઉદ્‌ઘોષનો મુખ્ય કાર્યક્રમ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયો હતો. તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ દરમ્યાન સતત ત્રણ કલાક સુધી સૌને જકડી રાખનાર કાર્યક્રમની અલ્પ ઝલક આ રહી:*

સૂર્ય સમાન તેજસ્વી પ્રતિભાઓને ઉંમર સાથે કોઈ નિસબત નથી. તેમ ચાણસદમાં પ્રગટેલા પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ પણ સૂર્ય સમાન હતું. બાળપણથી જ શાંતિલાલ સ્વરૂપે તેમની આભાએ સૌને આકર્ષિત કર્યા હતા. એટલે જ તેઓની જન્મભૂમિ ચાણસદમાં ઊજવાઈ રહેલો તેઓનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવ, તેઓના એવા અનેક સદ્‌ગુણોને સ્મૃતિઅંજલિ અર્પતો હતો, જે બાળવયથી જ તેમનામાં સહજતાથી પ્રકાશતા હતા. આજના કાર્યક્રમનાં કુલ છ સોપાનોમાં બાળવયના શાંતિલાલ અને વિશ્વવંદનીય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં દૃષ્ટિગોચર થતા સદ્‌ગુણોની સ્મૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી. પ્રમુખસ્વામી મહારાજના સહનશીલતા, ભગવદ્‌ભક્તિ, પરોપકારિતા, સ્વધર્મ-નિષ્ઠા, નિશ્ચલતા, ગુરુભક્તિ જેવા ગુણોને આ કાર્યક્રમમાં વિશિષ્ટ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના વિવિધ વિભાગોમાં વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં દૃશ્યમાન થતા ગુણને ઉદ્‌ઘાટિત કરવામાં આવતો અને બાળવયમાં પણ શાંતિલાલ સ્વરૂપે તેમનામાં આ ગુણ કેવી રીતે દૃઢ હતો તેની પ્રભાવક પ્રસ્તુતિ થતી હતી. સંતોનાં વક્તવ્યો, વીડિયો-પ્રસ્તુતિ અને સત્યઘટના આધારિત સંવાદ અને પંક્તિનૃત્ય દ્વારા પ્રત્યેક સદ્‌ગુણને વધાવવામાં આવતો હતો.

મહોત્સવનો પ્રારંભ થયો મંગલાચરણ સાથે. ત્યારબાદ સૌ વર્ચ્યુઅલી પહોંચી ગયા ચાણસદ ગામની સફરે. બાળ શાંતિલાલની સ્મૃતિઓને વાગોળીને બે બાળકોએ કાર્યક્રમની

પૂર્વભૂમિકા બાંધી. આ બે બાળકો મહોત્સવમાં પ્રમુખસ્વામી મહારાજનાં બાલચરિત્રોનું સુંદર ગૂંથણ કરી રહ્યા હતા. બાળ-સંચાલકોના સહારે સૌ પહોંચી ગયા ચાણસદના તળાવને કાંઠે. અહીં, વર્ચ્યુઅલ માધ્યમથી તળાવને કાંઠે આજના કાર્યક્રમના સુંદર અને ભવ્ય મંચનું આભાસી દૃશ્ય ખડું થયું હતું. મહોત્સવ મંચ પર. દિલ્હી અક્ષરધામની પ્રતિકૃતિ સમાન મહોત્સવ મંચ અત્યંત દેદીપ્યામન લાગતો હતો. મધ્યમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા. તેઓના અગ્રભાગે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે ઉચ્ચ આસને મહંત સ્વામી મહારાજ બિરાજ્યા હતા. બંને તરફ ચાણસદ ગામનાં પ્રાસાદિક સ્થાનોની પ્રતિકૃતિઓ શોભતી હતી. મંચની બંને તરફ વરિષ્ઠ સંતો આસનસ્થ હતા.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની જ્યોતિ આજપર્યંત પ્રજ્વલિત છે, તેની સ્મૃતિ સાથે 'શત શત વરસ સરે ગુરુ જીવન જ્યોત જલે...' નૃત્યગીત સાથે યુવાવૃંદે અંજલિ અર્પણ કરી. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજના એક પછી એક સદ્‌ગુણો ઉદ્‌ઘાટિત થતા ગયા.

## સહનશીલતા

જેમ સૂર્ય એક છે તેમ છતાં તેનાં કિરણો અનેક છે, જેમ સમુદ્ર એક છે પણ તેની લહેરો અનેક છે, તેમ પ્રમુખસ્વામી મહારાજ એક હતા તેમ છતાં તેમના સદ્‌ગુણો અનેક હતા. એ સદ્‌ગુણોના ભંડારમાંથી પ્રથમ પુષ્પ રજૂ થયું, સહનશીલતાનું. પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની સહનશીલતાના પ્રેરક પ્રસંગો રજૂ કર્યા. ત્યારબાદ હૃદયરોગ, એન્જિયોગ્રાફી, બાયપાસ જેવી કઠિન અને અસહ્ય પીડામાં પણ સ્થિર અને સહનશીલ રહેલા પ્રમુખસ્વામી મહારાજને નિકટતાથી નિહાળનાર તબીબોએ પોતાના સ્વાનુભવો રજૂ કર્યા, જેમાં ડૉ. હરીશ ત્રિવેદી (સર્જન, અમદાવાદ,) ડૉ. વીરેન્દ્ર માથુર (કાર્ડિઓલોજિસ્ટ, હ્યુસ્ટન, યુ.એસ.), ડૉ. નીલેશ પટેલ (કાર્ડિઆક સર્જન, ન્યુજર્સી, યુ.એસ.), ડૉ. વી. એ. સુબ્રમણ્યમ (કાર્ડિઆક સર્જન, ન્યૂયોર્ક), પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ (કાર્ડિઓલોજિસ્ટ, ચૅરમૅન, એપેક્સ હૉસ્પિટલ, ભારત), ડૉ. નીલેશ સોલંકી (એનેસ્થશિયોલોજિસ્ટ, અમદાવાદ), ડૉ. મહેન્દ્રભાઈ પટેલ (એમ.ડી., એમ.એ.સી.પી., યુ.એસ.) વગેરે હતા.

હૃદયરોગ અને બાયપાસ સર્જરી જેવી પીડાદાયક બીમારીઓમાં પણ સ્થિર અને સહનશીલ રહેવાનો ગુણ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં બાળપણથી જ દૃઢ હતો. કંઈપણ કહ્યા વિના સહન કરી લેવું તેમનો સહજ ગુણ હતો. બાલ્યાવસ્થામાં એકવાર શાંતિલાલને અછબડા થયા હતા. અછબડાના કારણે તેમના શરીરમાં અત્યંત વેદના થતી, ક્યારેક તો અછબડામાંથી ટપકતા પાણીને લીધે તેમનાં કપડાં પણ ભીનાં થઈ જતા. તેમ છતાં શાંતિલાલ તો સ્થિર જ રહેતા. એકવાર શાંતિલાલને તીવ્ર અતિસાર થયેલો. તે વખતે ૧૫-૨૦ વખત શૌચવિધિ માટે જવું પડેલું. શૌચવિધિ બાદ વારંવાર સ્નાન કરવાથી તેમના શરીરમાં ઠંડી ચડી ગઈ. બેભાન થઈને તળાવના કાંઠે જ પડી ગયા. કેટલાક લોકો તેમને ઘરે લઈ આવ્યા. ભાનમાં આવ્યા ત્યારે પણ એકદમ શાંત અને સ્થિર હતા. તે પ્રસંગોની રજૂઆત વીડિયો-ડોક્યુ-ડ્રામાના માધ્યમથી પ્રસ્તુત થઈ, એ હૃદયદ્રાવક હતી.

તેમની એ સહનશીલતાને વંદના કરતું પંક્તિનૃત્ય રજૂ થયું:

*દેખો ઉદય, મધ્યાહન દેખો, ચાહે દેખો શામ.*
*પ્રકાશ દેના જન્મજાત ગુણ, સૂરજ જિસકા નામ!*

## પરહિતકારી

સૂર્યનો જન્મજાત ગુણ છે - પ્રકાશ આપવો. તેવી જ રીતે પ્રમુખસ્વામી મહારાજનો જન્મસિદ્ધ ગુણ હતો - પરહિત માટે ઘસાઈ છૂટવું. તેઓ સહન કરતા હતા, પરહિત માટે. જેમ સૂર્ય સ્વયં તપીને અન્યને પ્રકાશ આપે છે, વૃક્ષ સ્વયં તડકો સહન કરીને અન્યને શીતળતા બક્ષે છે, તેમ સ્વયં કષ્ટો સહન કરીને બીજાને મદદ કરીને હિત કરવું, તે પ્રમુખસ્વામી મહારાજનો સહજ ગુણ હતો. પ્રમુખસ્વામી મહારાજની એ પરહિતકારી પ્રતિભાનો વિશેષ પરિચય કરાવ્યો – પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ વક્તવ્ય દ્વારા.

બીજાના ભલા માટે પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું હતું. તેમની એ કરુણાગંગામાં અનેક પરિવારો ભીંજાયા છે. તે પરિવારોમાંથી એક પરિવારની ગાથા અહીં સ્વાનુભવ-સંવાદ દ્વારા રજૂ થઈ. અમરેલીના ખડાધાર ગામના રમણિકભાઈ નારીગરાનો પરિવાર અતિશય ગરીબ. એમાંય રમણિકભાઈનાં માતા-પિતાને ક્ષયની બીમારી લાગુ પડી. તેમના પિતાશ્રી રવજીભાઈએ પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો. પ્રમુખસ્વામી મહારાજે પ્રત્યુત્તરમાં આણંદમાં સારવાર કરાવવા સૂચવીને વિશેષ મદદ મોકલાવી. થોડા સમય બાદ રવજીભાઈના મિત્રને ત્યાં સૌ સુરત રહેવા ગયા. એક દિવસ અચાનક જ રવજીભાઈના મિત્રે સૌને બહાર કાઢી મૂક્યા. રાતનો સમય હતો તેમ છતાં સામાન કે પૈસા પણ ન લેવા

દીધાં. ત્યાંથી આ પરિવાર સુરત પાસેના કિમ ગામમાં એક ફેક્ટરીમાં મજૂરીએ લાગી ગયો. મુંબઈ બિરાજતા પ્રમુખસ્વામી મહારાજને પરિવારની પરિસ્થિતિની જાણ થઈ. સ્વામીશ્રીએ તુરંત પરિવાર માટે મદદ મોકલાવી દીધી. તેમાંથી રવજીભાઈએ નાનો ધંધો શરૂ કર્યો. થોડા જ દિવસો બાદ અચાનક પ્રમુખસ્વામી મહારાજ રવજીભાઈના ઘરે પધાર્યા. સ્વામીશ્રીએ 'નવો ધંધો ચાલુ કરી દો.' એમ કહીને વિશેષ આર્થિક મદદ કરાવી. પ્રમુખસ્વામી મહારાજની હૂંફ અને સહાયથી તેમણે દુકાન શરૂ કરી. આજે તેમનો વ્યવસાય ખૂબ સારો ચાલી રહ્યો છે. આજે ૯૨ વર્ષની ઉંમરે પણ રમણિકભાઈના પિતાશ્રી રવજીભાઈ સ્વસ્થ જીવન જીવીને પ્રમુખસ્વામી મહારાજનો આભાર માનતા થાકતા નથી.

બીજાના આનંદ કે બીજાના સુખ માટે પોતાનું જતું કરવાની એ ભાવના પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં બાળપણથી જ હતી, એની સ્મૃતિ કરાવતા તેમના બાળપણના વિશેષ પ્રસંગો સૌએ વીડિયો-ડોક્યુ-ડ્રામાના માધ્યમથી માણ્યા.

શાંતિલાલની આ જ તો વિશેષતા હતી કે તેમનાથી કોઈની તકલીફ જોઈ શકાતી નહીં. અન્યને કષ્ટ ન પહોંચે તે માટે તેઓ સ્વયં કષ્ટ વેઠી લેતા. પાંચ ધોરણ સુધી ચાણસદમાં અભ્યાસ કર્યા બાદ તેઓને છઠ્ઠા ધોરણ માટે પાદરા અભ્યાસ માટે જવાનું થતું. તેમની પાસે સાઈકલ નહોતી તેથી શાંતિલાલ તેમના મિત્ર શંકરની સાઈકલ પર બેસીને છ કિલોમીટર દૂર ભણવા માટે જતા. રોજ રોજ શંકરને તેમનો ભાર સહન કરતા જોઈ એક દિવસ શાંતિલાલે તેમની માફી માંગી. પોતાના લીધે પડતા કષ્ટ પ્રત્યે દિલગીરી વ્યક્ત કરીને તેઓએ રોજ ચાલતા જવાનો જ નિર્ણય લઈ લીધો. શંકરભાઈ તો શાંતિલાલનો આ વિચાર જાણીને ભાવવિભોર થઈ ગયા. આ બંને પ્રસંગોની રજૂઆત પ્રમુખસ્વામી મહારાજની પરોપકારિતાનું દર્શન કરાવી ગઈ. તે જ ભાવને અંજલિ અર્પીને યુવાવૃંદે પંક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું.

## સ્વધર્મનિષ્ઠામાં દૃઢ

સંયમ-નિયમનું પાલન કરવું, સદાય પોતાનાં ધર્મની મર્યાદામાં રહેવું, આ પણ એક સાચા સંતનો સ્વાભાવિક ગુણ છે. કાર્યક્રમના ત્રીજા વિભાગમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આ તૃતીય ગુણનાં દર્શન થયાં – પૂજ્ય વિવેકસાગર સ્વામીના વકતવ્ય દ્વારા.

આ ધર્મ-નિયમ પાલનની દૃઢતા બાળપણથી જ શાંતિલાલમાં દૃઢ હતી. એવા જ એક પ્રેરક પ્રસંગની રજૂઆતે શાંતિલાલના એ ગુણને વિશેષ ઉદ્‌ઘાટિત કર્યો.

શાંતિલાલ અને તેમનો પરિવાર થોડા સમય માટે રાજનગર રહેવા ગયેલો. એક દિવસ તેમના સંબંધી છોટાકાકાએ શાંતિલાલને ઘરે ભોજન માટે આમંત્રણ આપ્યું. તે દિવસે એકાદશી હતી. છોટાકાકાએ શાંતિલાલને ગાંઠિયા, બુંદી, મોહનથાળ ખાવાનો ખૂબ આગ્રહ કર્યો. છોટાકાકાનો અતિશય આગ્રહ જોઈને શાંતિલાલે એકાદશીનું વ્રત ન તોડાવવા વિનંતી કરી. બાળવયમાં જ આવી દૃઢતા જોઈને છોટાકાકા મંત્રમુગ્ધ થઈ ગયા. આ પ્રસંગથી છોટાકાકાને અનુભૂતિ થઈ કે ધર્મ-નિયમમાંથી શાંતિલાલને કોઈ ડગાવી ન શકે! તેઓના આ જ દૃઢ સંકલ્પનાં દર્શન સમય જતાં સમગ્ર વિશ્વે કર્યાં. દેશ-સંસ્કૃતિ કોઈ પણ હોય, પરિસ્થિતિ કોઈ પણ હોય, પરંતુ તેમણે પોતાના નિયમ-ધર્મની મર્યાદા સાથે કોઈ સમાધાન કર્યું નથી.

પુનઃ પંક્તિનૃત્ય દ્વારા પ્રમુખસ્વામી મહારાજની ધર્મ-નિયમની દૃઢતાને અંજલિ અર્પણ કરવામાં આવી.

## ભગવદ્‌ભક્તિ પરાયણ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞ સંતનું લક્ષણ દર્શાવતાં જણાવ્યું છે, 'યુક્ત આસિત મત્ પરઃ' અર્થાત્ આવા સંત સદાય પરમાત્મા સાથે જોડાયેલા રહે છે. તેમનું જીવન પરમાત્મ પરાયણ હોય છે. તેઓ હંમેશા ભગવાન અને ભગવાનની ભક્તિમાં જ મગ્ન રહે છે. પ્રમુખસ્વામી મહારાજ લોકકલ્યાણ માટે નિરંતર વિચરતા રહ્યા. જરૂરિયાતમંદોની સેવા કરવાનો એક પણ અવસર તેઓ ચૂક્યા નહીં, પરંતુ તેઓનું હૃદય અને મન હંમેશા પરમાત્મા સાથે જોડાયેલું રહ્યું. એટલું જ નહીં તેમના સંપર્કમાં આવનાર પ્રત્યેકને તેઓ પરમાત્મા સાથે જ જોડતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આ ભગવદ્‌પરાયણતાના વિશિષ્ટ પ્રસંગો રજૂ કર્યા – પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ.

પ્રમુખસ્વામી મહારાજનું પ્રત્યેક કાર્ય ભક્તિરૂપ હતું. ભગવાનની ભક્તિ કરવી અને કરાવવી તેમનો જીવનમંત્ર હતો. તેમણે તેમના સંપર્કમાં આવનાર પ્રત્યેકને ભગવાનની ભક્તિ તરફ વાળ્યા. તેમના દ્વારા લખાયેલા પત્રો, તેમણે કરેલું વિચરણ, તેમણે આપેલી મુલાકાતોમાં એક જ સૂર ગુંજતો હતો કે 'આ દેહ ભગવાનનું ભજન કરવા માટે જ છે'.

અને એટલે જ સદાય ભક્તિનું પોષણ થતું રહે તે માટે તેમણે ૧,૧૦૦ કરતાં વધું મંદિરો રચીને અનેકના જીવનમાં ભક્તિ-સંસ્કારનું પોષણ કર્યું. ૧,૦૦૦ કરતાં વધું સંતોનો સમાજ તૈયાર કરીને લાખો લોકોને માર્ગદર્શક પથ પૂરો પાડ્યો. ૨૦,૦૦૦ કરતાં વધુ સત્સંગકેન્દ્રો ગતિમાન કરાવીને



અધ્યાત્મનું પોષણ કર્યું. ઉત્સવોની નૂતન પરંપરા સ્થાપિત કરીને ભક્તિમય આનંદનો નવો રાહ ચીંધ્યો. આ રજૂઆત વિશિષ્ટ વીડિયો દ્વારા થઈ.

## નિષ્ફળતામાં નિશ્ચલ

સફળતા અને નિષ્ફળતા માનવજીવનનાં બે પાસાં છે. આપણાં શાસ્ત્રોમાં પણ સંતના ગુણોનું આલેખન કરતાં કહ્યું છે કે 'સંત લૌકિક સફળતાથી ખુશ થતા નથી કે નિષ્ફળતાથી હારતા પણ નથી.' એક વિશ્વવ્યાપી સંસ્થાનું સંચાલન કરતાં કરતાં પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પણ ઘણી મુશ્કેલીઓ આવી. અનેક વખત નિષ્ફળતાઓનો સામનો કરવો પડ્યો, પરંતુ તેઓ કદી નિષ્ફળતાથી હાર્યા નહોતા કે સંઘર્ષ કરવામાં પાછી પાની કરી નહોતી.

સંઘર્ષ અને નિષ્ફળતામાં પણ તેઓ હિમાલયની જેમ નિશ્ચલ અને નિશ્ચિત રહ્યા હતા. તેઓના આ સદ્‌ગુણને શબ્દસ્થ કર્યો બ્રહ્મવિહારીદાસ સ્વામીએ. પ્રમુખસ્વામી મહારાજે લંડન ખાતેના મંદિર નિર્માણકાર્યમાં કરેલા અનેક સંઘર્ષોનો ઇતિહાસ રજૂ કરીને તેમણે કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજમાં વિશુદ્ધ આધ્યાત્મિક સકારાત્મકતા હતી. નકારાત્મક વાતાવરણમાં પણ તેઓ નિશ્ચલ અને સકારાત્મક રહેવાનું કૌશલ્ય તેઓની પાસે હતું. તેઓનું અપ્રતિમ આધ્યાત્મિક બળ દરેક પ્રકારનાં કષ્ટોને પરાજિત કરીને નવી આશા પ્રદાન કરતું હતું.

પ્રમુખસ્વામી મહારાજની આ વિલક્ષણતા હજારો હરિભક્તોમાં પ્રતિબિંબિત થઈ છે. એવા જ એક ભક્ત આશિષભાઈ પટેલે પોતાની ગાથા પ્રસ્તુત કરી. વ્યવસાયાર્થે આફ્રિકાથી મુંબઈ સ્થાયી થયા બાદ તેઓએ ફેક્ટરી ઊભી કરી. તેમાં ભયંકર નુકસાન ગયું. ચાર વર્ષ બાદ બીજી ફેક્ટરી આગની જ્વાળાઓથી ખાખ થઈ ગઈ અને ધર્મપત્નીને કેન્સરની જીવલેણ બીમારી આવી. અનેકવિધ મુશ્કેલીઓની હારમાળા વચ્ચે પણ આશિષભાઈ સ્થિર હતા. તેઓના ચહેરા પર કોઈ ડર કે ચિંતાની લકીર પણ નહોતી. કારણ કે પ્રમુખસ્વામી મહારાજનું જીવન તેમની સામે હતું. તેઓનું એકમાત્ર પ્રેરણાબળ હતું કે મારા ગુરુના જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી છતાં પણ તેઓ ન હાર્યા તો હું એમનો શિષ્ય થઈને શા માટે હાર સ્વીકાર કરું?

આ તો ફક્ત એક ભક્તની ગાથા હતી, આવા અનેક ભક્તોની આવી ગાથાઓ સત્સંગના ઇતિહાસના પાને-પાને ભંડારાયેલી છે. ધન્ય છે પ્રમુખસ્વામી મહારાજને કે અનેકને સંઘર્ષમાં સ્થિર રહેવાનું પ્રેરણાબળ પૂરું પાડ્યું.

બાળપણમાં પણ શાંતિલાલ મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓથી ક્યારેય ડર્યા નહોતા. તેઓ ભણવામાં અત્યંત તેજસ્વી હતા. તે સમયે ચાણસદમાં પાંચ ધોરણ સુધીની શાળા હતી, પરંતુ શાંતિલાલે નક્કી કર્યું હતું કે તેઓને આગળ અભ્યાસ કરવો જ છે તેથી નજીકમાં આવેલા દરાપરા ગામમાં પ્રવેશ મેળવવા ખૂબ મહેનત કરી, છતાં પણ નિષ્ફળતા મળી. વિદ્યાર્થીજીવનમાં સાંપડેલી નિષ્ફળતામાં

તેઓ ડગ્યા કે હાર્યાની નહીં તે પ્રસંગની રોચક પ્રસ્તુતિ સૌએ માણી.

ફરી એકવાર ચાણસદના તળાવ પર આભાસી રંગબેરંગી મંચ પર યુવકોના પંક્તિનૃત્યની સાથે સંત મહિમાનું ગાન કરતા નૃત્યથી મંચ ગુંજી ઊઠ્યું.

## ગુરુભક્તિ

અધ્યાત્મમાર્ગમાં ગુરુનો અપરંપાર મહિમા કહ્યો છે. કબીરજી કહે છે -

*'ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિલે ન મોક્ષ*
*ગુરુ બિન લખે ન સત્ય કો, ગુરુ બિન મિટે ન દોષ'*

સાચા ગુરુ આપણને દોષોમાંથી મુક્તિ અપાવીને પરમાત્માની ઓળખાણ કરાવે છે. તેથી જ અધ્યાત્મમાર્ગમાં ગુરુની શરણાગતિ અતિ આવશ્યક છે. પ્રમુખસ્વામી મહારાજે પણ ગુરુભક્તિનો આદર્શ પ્રસ્થાપિત કરીને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સેવામાં તેઓનું જીવન સમર્પિત કરી દીધું હતું.

પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીની ગુરુભક્તિ પર વિશેષ પ્રકાશ પાથર્યો. ગુરુ-આજ્ઞાનું પાલન, ગુરુની મરજીનું પાલન, ગુરુમાં નિર્દોષભાવ-દિવ્યભાવ તથા ગુરુને ભગવાન તુલ્ય જાણવા – આ ત્રણેય આયામને અનુરૂપ પ્રસંગો દ્વારા પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિની વિશેષ છણાવટ કરી.

શાંતિલાલ બાળપણથી આદર્શ શિષ્ય હતા. તેઓ ક્રિકેટ પણ વિશેષ રમી જાણતા. એક દિવસ બધા મિત્રોએ ભાગોળે એકત્રિત થઈને ક્રિકેટનાં સાધનો વસાવવા જરૂરી રકમ એકઠી કરી. શાંતિલાલ અને શંકરલાલને વડોદરાથી ક્રિકેટનાં સાધનો લાવવાની પસંદગી થઈ. એ જ સમયે શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી લઈને ભાયલીના રાવજીભાઈ ચાણસદ આવ્યા. તેમણે શાંતિલાલને ચિઠ્ઠી આપી. ચિઠ્ઠી વાંચીને શાંતિલાલે મિત્રોને કહી દીધું કે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થઈ છે એટલે મારે હવે સાધુ થવા જવાનું છે. બાળસખાઓ શાંતિલાલનો આ ત્યાગ જોઈને અચંબિત બની ગયા. આનંદિત શાંતિલાલ ઘરે આવ્યા. શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી વાંચીને મોતીભાઈ અને દિવાળીબા ખુશ થયાં. શાંતિલાલે માતાપિતા પાસે આશીર્વાદ અને આજ્ઞા માંગી. મોતીલાલ અને દિવાળીબાએ તે જ ક્ષણે પોતાના વહાલસોયા પુત્રને વાત્સલ્ય-બંધનોથી મુક્ત કરી દીધા. મિત્રમંડળ તથા સગાંવહાલાંઓએ ભારે હૈયે શાંતિલાલને વિદાય આપી. ગુરુભક્તિના સર્વોચ્ચ ઉદાહરણ સમો આ લાગણીસભર દૃશ્ય નિહાળીને, હૃદયદ્રાવક પ્રસંગ નિહાળીને સૌની આંખો ભીની થઈ, સૌ નતમસ્તક બની ગયા.

પ્રમુખસ્વામી મહારાજના અનેક જન્મસિદ્ધ સદ્‌ગુણોને સૌએ જાણ્યા, માણ્યા અને તાદૃશ્ય પણ કર્યા. સૌનું હૃદય એક જ વાત પોકારી રહ્યું હતું –

*'પૃથ્વી કા કાગજ કરું, સમંદર કી ભરું શાહી,*
*લેખિની કરું તરુવર કી ફિર ભી ગુરુગુણ લિખા ન જાહી'*

વર્ષો સુધી જેમણે પ્રમુખસ્વામી મહારાજનો નિકટતાથી લાભ પ્રાપ્ત કર્યો છે તેવા પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો વહાવતાં કહ્યું: ''આપણા ધર્મગ્રંથોમાં સંતનો મહિમા કહીને સંતના લક્ષણોનું ખૂબ જ નિરૂપણ કર્યું છે. તે બધાં જ સદ્‌ગુણો પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં તાદૃશ્ય થાય છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં 'निर्मान'ને સંતનું પ્રથમ લક્ષણ કહ્યું છે. માન કાઢવું મોટી વાત છે. કિડનીમાંથી નાની પથરી અને બ્રેઈનમાંથી ટ્યૂમર કાઢવા જ્ઞાન જરૂરિયાત છે. આ બધાથી પણ સૂક્ષ્મ 'અહમ્' અને 'મમત્વ' છે તે અલ્ટ્રા માઈક્રોસ્કોપમાં પણ દેખાતું નથી. પ્રમુખસ્વામી મહારાજે જીવનમાંથી આ કાઢ્યું છે. 'અહમ્' અને 'મમત્વ' નીકળી જાય તો ભગવાન પ્રગટ થઈ જાય છે. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાહેબે પોતાના પુસ્તક 'ટ્રાન્સેન્ડન્સ'માં લખ્યું છે કે પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવનમાંથી સંપૂર્ણ રીતે 'અહમ્' કાઢી નાંખ્યો છે. આવા સંત આપણને મળ્યા છે.

આપણે સૌ પ્રમુખસ્વામી મહારાજના જીવન વિશે વાંચન કરીએ. તેમના જીવનના પ્રસંગો સાંભળીએ ત્યારે આનંદ થાય છે, પરંતુ તે માર્ગે ચાલીએ તો વધુ આનંદ આવશે. તેઓના આદેશ પ્રમાણે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરીએ. પોતાનું કાર્ય વધુ સારી રીતે કરીએ. સૌને પ્રમુખસ્વામી મહારાજને સમજવાનું નૂતન બળ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.''

આજે પ્રમુખસ્વામી મહારાજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં પ્રગટ રહીને ભક્તસમાજને સુખ, શાંતિ અને સંપન્નતા પ્રદાન કરી રહ્યા છે. હવે ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વધાવવાની ધન્ય ક્ષણ આવી પહોંચી. બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પુષ્પમાળા પહેરાવીને સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો અને ઘેરબેઠાં ઉત્સવને માણી રહેલા લાખો ભક્તો-ભાવિકોએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પી. ગુરુ અને હરિના સ્મરણ સાથે સૌએ ભક્તિઅર્ઘ્ય અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી.

મંત્રપુષ્પાંજલિ બાદ આજના પરમ પવિત્ર દિવસે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું: ''ચાણસદના જૂના માણસોએ પ્રમુખસ્વામીને નાનપણમાં જોયેલા. તેઓ વાત કરતા કે તેઓ પહેલેથી જ એકદમ સીધા-સાદા અને બધાની આજ્ઞા પાળે, કોઈ કહે તો કટ વળી જાય. નાનપણથી જ વફાદાર અને પ્રામાણિક હતા, એટલે બધા બાળકો લેવડદેવડનું કાર્ય તેમને સોંપતા. નાનપણથી જ લાગતું કે આ અસાધારણ બાળક છે. ખરેખર! નાનપણથી તેઓ કોઈ મહાન પુરુષ હોય એવું લાગતું હતું. પછી આગળ વધતાં વધતાં એ તો આપણા ગુણાતીત ગુરુ થયા.

સ્વામીબાપાનું સૂત્ર હતું – 'બીજાના ભલામાં આપણું ભલું' આ ખાલી બોલ્યા નથી, પરંતુ આખી જિંદગી આ પ્રમાણે જીવ્યા છે. આપણે તેઓનું જીવનચરિત્ર વાંચીએ તો દેખાય કે પોતાના માટે લેશમાત્ર નહીં, પણ ખરેખર બીજાને માટે જીવન વાપર્યું છે. પોતે વેઠી લેતા, સહન કરી લેતા. ગુરુપદે આવ્યા પછી બાળકો, વૃદ્ધો બધાને સ્વામીબાપાનાં દર્શનથી આનંદ આવતો. આવા તો કેટલા બધા ગુણો સ્વામી ધરાવતા હતા. જેણે ઓળખ્યા એનું કામ થઈ ગયું. સ્વામીજીની તો બધા ઉપર દૃષ્ટિ હતી. અપમાન કરનારનું સ્વામીએ ભલુ જ ઇચ્છ્યું અને રાજી કર્યા છે. સ્વામીજીને કોઈ પ્રત્યે રાગ, દ્વેષ હતો જ નહીં. ગમે તેવું માન આપે કે અપમાન કરે પણ સ્વામીજીને તો સમભાવ.

ખરેખર સ્વામીને જોયા હોય, દર્શન કર્યાં હોય તો આપણને લાગે કે તેમને માન-અપમાનની કંઈ પડી નહોતી. હવે તેમની શતાબ્દી ઊજવવાની છે, બધાએ તેનો ઉદ્‌ઘોષ કરવાનો છે. તેમને રાજી કરવાના છે. પણ, આપણે તો શું રાજી કરવાના હતા!? જેને કાંઈ જોઈતું જ નથી! પણ તોય એ આપણી ભક્તિને સ્વીકારશે. આ રીતે આપણા ગુણાતીત ગુરુને રાજી કરીને તેમની પ્રસન્નતા ઇચ્છીએ એ જ પ્રાર્થના.''

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિશેષ જાહેરાત કરતાં જણાવ્યું કે ''આજે ખૂબ આનંદનો અવસર છે. કારણ કે આજથી આપણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષના ભવ્ય ઉદ્‌ઘોષનો આરંભ કરી રહ્યા છીએ. વર્ષના અંતમાં આ શતાબ્દી મહોત્સવ ખૂબ ધામધૂમથી દિવ્યતા અને ભવ્યતાથી ઊજવવામાં આવશે. શતાબ્દી અવસર એટલે ગુરુભક્તિ અર્પણ કરવાનો અમૂલ્ય અવસર, શતાબ્દી મહોત્સવ અર્થાત્ જીવન સાર્થક કરવાનો દુર્લભ અવસર, શતાબ્દી મહોત્સવ અર્થાત્ ગુરુની સેવામાં સમર્પિત થવાનો અનુપમ અવસર. આપણે સૌ સેવા માટે તૈયાર રહીએ. આપણે ગુરુહરિના મહિમાનો અને મહોત્સવનો પ્રસાર અને પ્રચાર કરતા રહીએ. ગુરુનું ઋણ અદા કરીને સેવા કરવી એ આપણું કર્તવ્ય છે.''

ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કરમાં મશાલ ગ્રહીને 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય' ત્રણ વખત ઝિલાવીને શતાબ્દી વર્ષનો ભવ્ય ઉદ્‌ઘોષ કર્યો. તે સાથે જ ઉત્સવમંચ રંગબેરંગી રોશનીથી ઝગમગી ઊઠ્યું.

પશ્ચાદ્‌ભૂમાં મહંત સ્વામી મહારાજના શબ્દોના પડઘમ ગુંજ્યાઃ ''પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષનો હવે આરંભ થાય છે. એમના આપણી ઉપર અસંખ્ય ઉપકારો છે. એમણે આપણા માટે એટલું બધું કર્યું છે કે એમનો શતાબ્દી મહોત્સવ શાનદાર રીતે ઊજવવો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એ રીતે ઊજવવો એ આપણી ગુરુભક્તિ છે.''

પૂજ્ય મહંત સ્વામી મહારાજ, સદ્‌ગુરુ સંતો અને યુવકોએ હાથમાં મશાલ ગ્રહણ કરીને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો જયઘોષ કર્યો. હરિભક્તોએ ઘરે બેઠાં પણ બુલંદ અવાજે આ જયઘોષને પ્રતિધ્વનિત કર્યો અને ગુરુહરિનો શતાબ્દી મહોત્સવ શાનદાર ઊજવવા સૌ કટિબદ્ધ થયા.

કાર્યક્રમના અંતે સૌ હરિભક્તોએ ઘરે બેઠાં દીપ પ્રજ્વલિત કરીને ગુરુહરિને આરતી અર્ઘ્ય અર્પણ કર્યું.

૩ડી વર્ચ્યુયલ ટેક્નોલોજી દ્વારા પ્રસારિત થયેલો આ કાર્યક્રમ આબાલવૃદ્ધ સૌ માટે પ્રેરણાદાયી બની રહ્યો હતો. શાંતિલાલનું પ્રાસાદિક ઘર, ચાણસદની ભાગોળ, શાળા, સ્વામિનારાયણ મંદિર, હનુમાનમઢી, તળાવ વગેરે પ્રાસાદિક સ્થળો સૌના માનસપટ પર મૂર્તિમંત બન્યા હતા. સૌ ચાણસદની ભૂમિને નતમસ્તકે વંદી રહ્યા. સૌએ અનુભવ્યું કે આપણે ચાણસદની ભૂમિ પર જ બેસીને ગુરુહરિ સમક્ષ આ કાર્યક્રમ નિહાળી રહ્યા છીએ. અંતે ચાણસદની ધરતીને નમન કરીને સૌએ અવિસ્મરણીય પળોને હૃદયસ્થ કરી લીધી.

મહોત્સવની પૂર્ણાહુતિ થઈ ત્યારે વર્ચ્યુઅલ રજૂઆતના સ્ક્રિન પર મહોત્સવના મંચની ઉપરનું રાત્રિ-આકાશ સુંદર તારાઓ અને નક્ષત્રોથી ઝળહળી રહ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના જન્મનું નક્ષત્ર આકાશમાં ઝળકી રહ્યું હતું અને તેની વચ્ચે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના હસ્તાક્ષરોમાં લખેલું સૂત્ર ચમકતું હતુંઃ એમનું જીવન એ જ આપણી જ્યોતિ... આ જ હતો મહોત્સવનો અંતિમ સંદેશ.

◆

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીએ તેઓને ભાવવંદના કરતી

# બ્રિટન અને કેનેડાનાં સંસદ સદનો



પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ માટે લખાયું છે: आसमुद्रान्तसत्कीर्तिः અર્થાત્ જેમની કીર્તિ, જેમની વિજયપતાકાઓએ સાગરો ઓળંગ્યા છે, તેમ આજે વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની સાધુતાએ પણ સમગ્ર વિશ્વ પર અપ્રતીમ પ્રભાવ પાથર્યો છે. સમત્વથી વરસતી તેમની સ્નેહલવર્ષાએ સૌને ભીંજવી દીધા છે.

ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને તેઓના જન્મ શતાબ્દી પર્વે સમગ્ર વિશ્વ હર્ષભેર વધાવી રહ્યું છે, નવખંડ ધરામાં તેમનો જય જયકાર થઈ રહ્યો છે, સૌ કોઈ તેમનાં અજોડ કાર્યોને બિરદાવી રહ્યા છે, ત્યારે આવો જ એક અવસર તાજેતરમાં બ્રિટન અને કેનેડાના પાર્લામેન્ટ હાઉસમાં યોજાઈ ગયો.

તા. ૭-૧૨-૨૦૨૧, તારીખ અનુસાર પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા જન્મદિને કેનેડાની પાર્લામેન્ટના સાંસદોએ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી દિનની જાહેરાત કરી અને તેઓના ગુણાનુવાદ ગાયા હતા. સન ૧૯૮૮માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કેનેડાના સંસદગૃહને પોતાના પદાર્પણથી પાવન કર્યું હતું. એ સ્મૃતિને કેનેડાના સંસદગૃહે આજેય સાચવી રાખી છે. તે અવસરને પુનઃ માનસપટ પર જીવંત કરી કેનેડાના સાંસદોએ પ્રમુખસ્વામી મહારાજને ભાવઅંજલિ અર્પી હતી. જેમાં, સંસદ સભ્ય અને



જાણીતા લોકનેતા શ્રી ચંદ્ર આર્ય (Chandra Arya, Nepean, Ontario) અને શ્રી ટીમ ઉપ્પલે (Tim Uppal, Edmonton Mill Wood, AB) નામદાર સ્પીકરશ્રીની અનુમતિથી પ્રમુખસ્વામી મહારાજની પવિત્ર જીવનભાવના અને તેમનાં કાર્યોને બિરદાવ્યાં હતાં. સાથે સાથે સ્વામીશ્રીએ કેનેડાના ટોરન્ટોમાં નવનિર્મિત કરેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અને તે મંદિર દ્વારા થઈ રહેલાં વિવિધ કાર્યોની ભારોભાર પ્રશંસા કરી હતી. અંતે તાળીઓના નાદ સાથે સ્પીકર તેમજ તમામ સંસદ સભ્યોએ ઊભા થઈને પ્રમુખસ્વામી મહારાજને ગૌરવભેર સન્માન આપ્યું હતું.

એ જ રીતે તા. ૮-૧૨-૨૦૨૧ના રોજ વૈશ્વિક મહાસત્તા સમાન બ્રિટિશ પાર્લામેન્ટમાં પ્રમુખસ્વામી મહારાજના






શતાબ્દી દિવસની સ્મૃતિ કરી સ્વામીશ્રીને બિરદાવવામાં આવ્યા હતા. સન ૧૯૮૮માં પ્રમુખસ્વામી મહારાજને બ્રિટિશ પાર્લામેન્ટમાં પધરાવીને તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. એ પ્રસંગ આજે પણ બ્રિટિશ પાર્લામેન્ટ ભવન માટે ગૌરવવંતો બની રહ્યો છે. આ અવસરની સ્મૃતિમાં બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન અને પ્રસિદ્ધ બ્રિટિશ લોકનેતા તેમજ સાંસદ શ્રી બૉબ બ્લેકમેન તથા અન્ય સાંસદોએ પાર્લામેન્ટ હાઉસમાં વાક્પુષ્પાંજલિ દ્વારા સ્વામીશ્રીને ભાવઅંજલિ અર્પી હતી. સાથે સાથે સ્વામીશ્રીનાં દિવ્ય જીવનકાર્યો અને બી.એ.પી.એસ. સંસ્થાનાં વિરલ કાર્યોને બિરદાવ્યા હતા.

આમ, પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વનો ઉદ્ઘોષ વિદેશની મહાસત્તાઓના પાર્લામેન્ટ હાઉસથી લઈને ભારતના સામાન્ય ગામડાંનાં ઝૂંપડાંઓ સુધી વ્યાપ્યો છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ સૌના હતા, સૌના છે, અને સૌના રહેશે. શતાબ્દી પર્વે તેઓના આ ચિરંતન વ્યક્તિત્વની એક વધુ વખત સૌને અનુભૂતિ થઈ.

શ્રી બોબ બ્લેકમેન, સંસદ સભ્ય, બ્રિટન



વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન, બ્રિટન



શ્રી ચંદ્ર આર્ય, સંસદ સભ્ય, કેનેડા



શ્રી ટીમ ઉપ્પલ, સંસદ સભ્ય, કેનેડા





**પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી પર્વે પંચદિવસીય કાર્યક્રમોની વહી રહી રસધાર...**

# તીર્થધામ ચાણસદ ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ત્યાગાશ્રમમાં પદાર્પણ કરતા દેશ-વિદેશના ૧૦૯ સુશિક્ષિત નવયુવાનો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે તા. ૭-૧૨-૨૦૨૧ થી તા. ૧૧-૧૨-૨૦૨૧ દરમ્યાન પંચ-દિવસીય ભક્તિભર્યા કાર્યક્રમોની શૃંખલા રચાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં અટલાદરા અને તીર્થધામ ચાણસદ ખાતે આ કાર્યક્રમો યોજાયા હતા. પ્રમુખસ્વામી મહારાજના તારીખ અનુસારના ૧૦૦મા જન્મદિનથી પ્રમુખપર્વનો પ્રારંભ થયો હતો.

પ્રથમ દિને ચાણસદ ખાતે ભાગવતી દીક્ષા સમારોહ યોજાયો હતો. જેમાં, ૫૪ યુવકોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ભાગવતી દીક્ષા ગ્રહણ કરી ત્યાગાશ્રમમાં પદાર્પણ કર્યું હતું.

દ્વિતીય દિને અટલાદરા ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને ભાવઅર્ઘ્ય અર્પણ કરવા માટે ‘સદ્ગુણ સાગર પ્રમુખસ્વામી મહારાજ’ કેન્દ્રવર્તી વિચાર સાથે એક વિશિષ્ટ સભા યોજાઈ હતી. રાત્રે યોજાયેલી આ સભામાં ઉપરોક્ત વિષયને કેન્દ્રમાં રાખી વિદ્વાન સંત જ્ઞાનવત્સલદાસ સ્વામીએ વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્યો અને તેમના સદ્ગુણોનું મહિમાગાન કરી પ્રમુખસ્વામી મહારાજની સંતપ્રતિભાનું દર્શન સૌને કરાવ્યું હતું.

તૃતીય દિને પાર્ષદી દીક્ષા સમારોહ યોજાયો હતો. ચાણસદ ખાતે યોજાયેલા આ સમારોહમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ૫૫ યુવકોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી અધ્યાત્મમાર્ગે જીવન સમર્પિત કર્યું હતું.

ચતુર્થ દિને પ્રમુખસ્વામી મહારાજના પૂર્વે ઊજવાયેલા જન્મોત્સવોની સ્મૃતિયાત્રા કરાવતી વીડિયો ડોક્યુમેન્ટરી પ્રસ્તુત થઈ હતી. વીતેલાં વર્ષોમાં દેશ-પરદેશમાં યોજાયેલા પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવની ઝલકની સાથે સાથે સંતોના મુખેથી સ્વામીશ્રીના અનંત ગુણોનું દર્શન સૌએ વીડિયોના માધ્યમથી કર્યું હતું.



*પંચમ અને અંતિમ દિને સવારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ચાણસદ ખાતે સૌને પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો હતો. સાયંકાળે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવ વર્ચ્યુઅલ રીતે ઊજવાયો હતો. જેમાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ શતાબ્દી મહોત્સવના વર્ષનો પ્રારંભ કરાવ્યો હતો.*

*GTPL કથાચેનલ અને live.baps.org પરથી પ્રસારિત થયેલા તમામ કાર્યક્રમો ઘરે બેઠાં માણી સૌ હરિભક્તો પ્રમુખસ્વામી મહારાજમય બની ગયા હતા. આ પંચ-દિવસીય કાર્યક્રમો પૈકી દીક્ષા ઉત્સવોની અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે...*

વિશ્વ ભૌતિક સુખની દોડમાં દિનરાત ધમધમતું રહ્યું છે, ત્યારે, આધુનિક સમયમાં આધ્યાત્મિકતાને જીવનલક્ષ્ય બનાવીને ભૌતિક સુખોને ઠોકર મારીને ત્યાગાશ્રમના માર્ગે ચાલનારા સુશિક્ષિત નવયુવાનોની ગાથા લોકોને આશ્ચર્ય પમાડે છે. વર્ષોથી શાસ્ત્રોમાં લખાયેલી તપ, ત્યાગ, બલિદાનની વાતો વાંચીએ-સાંભળીએ છીએ ત્યારે ચમત્કાર જેવું લાગે છે, પરંતુ જ્યારે તેને પ્રત્યક્ષ નિહાળીએ છીએ ત્યારે કંઈક અલગ જ અનુભૂતિ થાય છે. અને આવી જ અધ્યાત્મની પરાકાષ્ઠા સ્વરૂપે અધ્યાત્મના પંથે પદાર્પણ કરતા નવયુવાનોની દીક્ષાનો મહામૂલો અવસર પ્રમુખસ્વામી મહારાજના પ્રાકટ્ય તીર્થ ચાણસદ ખાતે યોજાઈ ગયો.

આ દીક્ષા સમારોહમાં લાભ આપવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અટલાદરાથી ચાણસદ પધાર્યા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓના પ્રાગટ્ય સ્થાન તીર્થધામ ચાણસદના વિકાસનું સુંદર કાર્ય ગુજરાત સરકાર દ્વારા થઈ રહ્યું છે, તે પ્રાસાદિક સ્થાનો પર પધારી સ્વામીશ્રીએ નિર્માણકાર્યો પર કૃપાદૃષ્ટિ કરી પ્રસન્નતા વરસાવી હતી. ત્યારબાદ બી.એ.પી.એસ. મંદિર અને પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થળે પધારી સ્વામીશ્રીએ ભાવવંદના કરી હતી.

ચાણસદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો અને દેશ-પરદેશના હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભાગવતી અને પાર્ષદી દીક્ષા સમારોહ યોજાયા હતા. તા. ૭-૧૨-૨૦૨૧ એટલે તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૦મો પ્રાગટ્ય દિન. આજના અવસરે ભાગવતી દીક્ષા સમારોહ અને તા. ૯-૧૨-૨૦૨૧ના રોજ પાર્ષદી દીક્ષા સમારોહ યોજાયો હતો. સાયંકાળે યોજાયેલા આ બંને દીક્ષા સમારોહમાં પ્રથમ

## ભાગવતી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૭-૧૨-૨૦૨૧, મંગળવાર

| નામ | દીક્ષાર્થી નામ | નામ | દીક્ષાર્થી નામ |
|---|---|---|---|
| દેવાંશ રાજેશભાઈ ત્રિવેદી (અમદાવાદ) M.Phil. | સાધુ વિનીતમુનિદાસ | ગોપાલ ઘનશ્યામભાઈ પટેલ (ગાંધીનગર) B.E. | સાધુ સ્મિતવદનદાસ |
| ચિંતન અલ્પેશભાઈ બારોટ (વડોદરા) Diploma | સાધુ શાસ્ત્રપ્રિયદાસ | સિદ્ધાર્થ ભૂપેન્દ્રભાઈ પટેલ (ગાંધીનગર) B.E. | સાધુ શીલવત્સલદાસ |
| અક્ષર સંજીવભાઈ ટેલર (વડોદરા) B.E. | સાધુ અધ્યાત્મમનનદાસ | નલિન પુરુષોત્તમભાઈ પટેલ (વિદ્યાનગર) B.Sc. | સાધુ વિરલદર્શનદાસ |
| વિકાસ શૈલેશભાઈ પટેલ (સાનહોઝે) B.S. | સાધુ નારાયણતીર્થદાસ | દીપેન પ્રવીણભાઈ પટેલ (કાવિઠા, આણંદ) B.Sc. | સાધુ તપોમૂર્તિદાસ |
| શાન દક્ષેશભાઈ પટેલ (શિકાગો) Masters Neuro. | સાધુ કૌશલરાજદાસ | ધવલ પ્રવીણભાઈ પટેલ (અમદાવાદ) B.Com. | સાધુ નારાયણપ્રકાશદાસ |
| પથિક કૌશિકભાઈ પટેલ (ડલાસ) Comp. Sci. | સાધુ શાંતિપ્રિયદાસ | સ્નેહ મનીષભાઈ પટેલ (અમદાવાદ) B.E. | સાધુ નિત્યદર્શનદાસ |
| રુચિત જિતેન્દ્રભાઈ ભટ્ટ (કરજણ) B.Sc., DMLT | સાધુ નિજાનંદદાસ | યોગેશ મનસુખભાઈ ચૌહાણ (અમદાવાદ) B.E. | સાધુ આત્મસેતુદાસ |
| ધ્યાનેશ બિપીનભાઈ પટેલ (ગોરીયાદ) B.E. | સાધુ કૃતાર્થજીવનદાસ | મિતેશ રતિલાલ પટેલ (બદરખા, ધોળકા) | સાધુ અક્ષરમંગલદાસ |
| હિતેશ હસમુખભાઈ પઢિયાર (સેજાકુવા) B.Com. | સાધુ નારાયણસેતુદાસ | યતિન જિતેન્દ્રભાઈ લાડ (કલવાડા) B.Tech. | સાધુ નિર્ભયપુરુષદાસ |
| અક્ષર રમેશભાઈ ચૌહાણ (મુંબઈ) B.E. | સાધુ અક્ષરસંકલ્પદાસ | પાર્થ હર્ષદભાઈ શર્મા (નડિયાદ) B.E. | સાધુ અનંતમુનિદાસ |
| રોનક ડાહ્યાભાઈ પટેલ (મુંબઈ) B.Sc. | સાધુ કેશવકીર્તનદાસ | શ્રેયસ વિશાલકુમાર પંડ્યા (વાલવોડ, આણંદ) B.A. | સાધુ કુશલચરિતદાસ |
| દિવ્યેશ બિપીનભાઈ લાડ (સાયણ) B.E. | સાધુ સમર્થમુનિદાસ | અરવિંદ દશરથભાઈ પટેલ (રાબોડ, પંચમહાલ) B.E. | સાધુ સેવાશીલદાસ |
| કેવલ જયંતીભાઈ ખૂંટ (સુરત) B.E. | સાધુ આદર્શમનનદાસ | મિતેશ કિરીટભાઈ પટેલ (પ્રતાપપુર, સુ.નગર) B.Sc. | સાધુ શુદ્ધજીવનદાસ |
| વીરેન્દ્ર ઘનશ્યામભાઈ ગવાણિયા (જાળીલા) B.E. | સાધુ ઋષિવત્સલદાસ | સાગર ભાસ્કરભાઈ દવે (મુંબઈ) Masters | સાધુ યજ્ઞમૂર્તિદાસ |
| અક્ષર પ્રવીણભાઈ પટેલ (મહેસાણા) B.Tech | સાધુ કેશવમનનદાસ | કમલેશ રામજીભાઈ ડેરિયા (મુંબઈ) | સાધુ પવિત્રમુનિદાસ |
| કિરણ જયંતીભાઈ પટેલ (મોરજ) M.Sc. | સાધુ પવિત્રકીર્તિદાસ | પરેશ હિંમતભાઈ સુતરિયા (મુંબઈ) B.E, M.S. | સાધુ જ્ઞાનકુશલદાસ |
| ઉર્વીશ પરેશભાઈ પટેલ (અ’વાદ) B.Com., I.C.W. | સાધુ અપૂર્વકીર્તિદાસ | હિતેન સુરેશભાઈ વનરા (મુંબઈ) B.Com. | સાધુ વિવેકવત્સલદાસ |
| ભાવિક વિક્રમભાઈ પટેલ (પોર્ટલેન્ડ) B.S. | સાધુ અચલનિકેતદાસ | યોગેશ નગીનભાઈ દરજી (મુંબઈ) B.Com. | સાધુ અમરનિલયદાસ |
| જય હરિકૃષ્ણભાઈ પટેલ (પેરી, એટલાન્ટા) B.S. | સાધુ નિર્મલહૃદયદાસ | મયૂર રાજુભાઈ ગજરા (જામનગર) B.Com. | સાધુ ભજનપ્રિયદાસ |
| મુકુંદ જિતેન્દ્રભાઈ પટેલ (એટલાન્ટા) B.Sc. | સાધુ સહજસ્મરણદાસ | દર્શન ભરતભાઈ વઘાસિયા (જસદણ) Diploma | સાધુ અખંડકીર્તનદાસ |
| સૂરજ ભગવાનજીભાઈ કંસારા (લ્યુટન, યુ.કે.) B.E. | સાધુ પરાત્પરદાસ | નિલમ રાયલુભાઈ વળવી (તોરણવેરા, નવસારી) | સાધુ સંતભૂષણદાસ |
| આકાશ ચંદ્રકાંતભાઈ પટેલ (મોમ્બાસા) Diploma | સાધુ નારાયણસેવાદાસ | કુલદીપ જયંતીભાઈ બુમતારિયા (ધરમપુર) M.E. | સાધુ વિનયયોગીદાસ |
| રુમિત નૈલેશભાઈ મહેતા (ગોંદિયા) B.E. | સાધુ મનનપ્રિયદાસ | વિરલ દિલીપભાઈ આહિર (ભગવાનપુરા) | સાધુ ભક્તિશીલદાસ |
| અભિષેક વિનોદભાઈ વીરડિયા (સુરત) B.E., PGP | સાધુ કૃતનિશ્ચયદાસ | દિવ્ય અશોકભાઈ પટેલ (ભેરસમ) B.E. | સાધુ ગુણનિકેતદાસ |
| આનંદ જીતેન્દ્રભાઈ પટેલ (સુજાણપુર) B.Com. | સાધુ પવિત્રનયનદાસ | મયૂર જયંતીભાઈ ઠુમ્મર (સુરત) B.Com. | સાધુ વિશ્વપ્રિયદાસ |
| નીરવ ઘનશ્યામભાઈ લખાણી (સુરત) B.Pharm. | સાધુ દિવ્યેશ્વરદાસ | ચંદ્રેશ ધીરુભાઈ ગોપાણી (સુરત) | સાધુ પ્રિયજીવનદાસ |
| તુષાલ ચંદુભાઈ ઈટાલિયા (સુરત) | સાધુ ચૈતન્યસ્વરૂપદાસ | ધવલ વિપુલભાઈ પટેલ (એડિસન) B.A. | પાણિનિ ભગત |
| અંકિત જગદીશભાઈ પટેલ (દિહેણ, સુરત) B.E. | સાધુ સિદ્ધમુનિદાસ | | |

દિને પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને દ્વિતીય દિને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ દીક્ષાવિધિ નિમિત્તેનો મહાપૂજા વિધિ કર્યો હતો. ત્યારબાદ મહંત સ્વામી મહારાજે વેદોક્ત વિધિપૂર્વક મુખ્ય દીક્ષાવિધિ કર્યો હતો. વિધિમાં જોડાઈ ભાગવતી અને પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરનાર દીક્ષાર્થીઓ અને તેઓના વાલીઓએ દીક્ષાવિધિ નિમિત્તેનો પ્રધાન સંકલ્પ કર્યો હતો. સ્વામીશ્રીએ દીક્ષાર્થીઓને ધારણ કરાવવાના ઉપવીતનું ચંદન-અક્ષત-પુષ્પાદિક માંગલિક દ્રવ્યોથી પૂજન કર્યું હતું. ઉપવીત સંસ્કાર આપતાં સ્વામીશ્રીએ દીક્ષાર્થીઓને યજ્ઞોપવીત ધારણ કરાવી હતી. ત્યાગાશ્રમના પંથે ડગ માંડનાર આ સૌ દીક્ષાર્થીઓનાં મુખ પર વિશેષ આનંદ ઝળકતો હતો. પોતાના લાડકવાયા પુત્રને સ્વામીશ્રીનાં ચરણોમાં સમર્પિત કરનાર એ માતા-પિતાનાં હૈયે પણ વિશેષ આનંદ-ઉમંગ અનુભવાતો હતો. અને કેમ ન હોય!? બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ જેવા વિરલ સંતનાં ચરણે જીવન સમર્પિત કરી અધ્યાત્મના પંથે જીવન ઉજ્જ્વળ કરવા તેઓ જઈ રહ્યા હતા. ભાગવતી દીક્ષાદિને દીક્ષાર્થીઓ ભગવાં વસ્ત્રો અને પાર્ષદી દીક્ષાદિને દીક્ષાર્થીઓ શ્વેત વસ્ત્રો ધારણ કરી મંચ પર પધાર્યા ત્યારે દીક્ષા ગ્રહણ કરવાની યુવાનોની આ તત્પરતાને સૌએ હર્ષપૂર્વક વધાવી હતી.

ભાગવતી દીક્ષાનો પ્રારંભ થયો. તમામ દીક્ષાર્થીઓ

## પાર્ષદી દીક્ષાર્થી નામાવલિ : દીક્ષાદિન તા. ૯-૧૨-૨૦૨૧, ગુરુવાર

| નામ | પાર્ષદી નામ | નામ | પાર્ષદી નામ |
|---|---|---|---|
| જૈનમ પ્રીતમભાઈ શાહ (ન્યૂયોર્ક) B. Arch. | દધીચિ ભગત | મિહિર કલ્પેશભાઈ બારોટ (નડિયાદ) B.Tech. | શમિક ભગત |
| રોનક અનિલભાઈ મોદી (અમદાવાદ) M.B.A. | માર્કંડ ભગત | કૃણાલ ઈશ્વરભાઈ દેસાઈ (ગાંધીનગર) B.Sc. | ઉદ્દાલક ભગત |
| શરદ સંજયભાઈ પટેલ (એડિસન) Diploma | અત્રિ ભગત | હીરેન અરવિંદભાઈ સિંધા (ધુવારણ) B.E. | પરાશર ભગત |
| અક્ષર યોગેશભાઈ પટેલ (વડોદરા) B.E. | સત્યકામ ભગત | કૌશલ બિપીનભાઈ મોદી (અમદાવાદ) B.E. | બોધાયન ભગત |
| યશ મયંકભાઈ પટેલ (વડોદરા) Diploma | આસ્તિક ભગત | ધ્રુવ કનુભાઈ સોની (મુંબઈ) M.Com. | કણ્વ ભગત |
| શરદ વિજયભાઈ પટેલ (રાબોડ) B.E. | માંડવ્ય ભગત | પુલકિત જયંતીભાઈ ફોસી (મુંબઈ) | સુશ્રુત ભગત |
| કિરણ હર્ષદભાઈ રાઠવા (રતનપુર, છોટાઉદેપુર) B.Sc. | પતંજલિ ભગત | હિરેન દિનેશભાઈ પટેલ (બોરસદ, આણંદ) B.E. | દેવવ્રત ભગત |
| હીરેન હરેશભાઈ આદ્રોજા (વડોદરા) B.Tech. | કશ્યપ ભગત | નિકુંજ નીતિનભાઈ પ્રજાપતિ (ટંકારી, ભરૂચ) I.T.I. | પ્રચેતા ભગત |
| જયદીપ વિનોદભાઈ સાંકળિયા (પાટણા) B.E. | પ્રભાકર ભગત | ઝીલ જયેશભાઈ પટેલ (રાજકોટ) B.E. | નચિકેતા ભગત |
| કૃણાલ સંજયભાઈ ખૂંટ (સુરત) B.Com. | યાજ્ઞ ભગત | યશ પ્રવીણભાઈ શિંગાળા (રાજકોટ) B.Com. | આગમ ભગત |
| ક્ષિતિજ મૂકેશભાઈ દેલવાડિયા (ડલાસ) B.S. | જમદગ્નિ ભગત | ભૌતિક નારણભાઈ ઠેસિયા (રાજકોટ) B.Com. | શાંડિલ્ય ભગત |
| મોહિત ભરતભાઈ પટેલ (ફિલાડેલ્ફિયા) B.B.A. | ગાલવ ભગત | યોગી વલ્લભભાઈ વસોયા (રાજકોટ) B.Sc. | સ્વસ્તિક ભગત |
| યોગેશ દામજીભાઈ પરમાર (મુંબઈ) B.B.A | શ્વેતકેતુ ભગત | મિત અજયભાઈ લાડવા (રાજકોટ) B.B.A. | વૈશંપાયન ભગત |
| ધર્મેશ નીલકંઠભાઈ વેગડ (મુંબઈ) B.Sc. | વાલ્મીક ભગત | ધ્યેય ભાવિનભાઈ ગુર્જર (પોરબંદર) M.Sc. | દેવર્ષિ ભગત |
| શ્રીકુંજ વિજયભાઈ પટેલ (નડિયાદ) | શુકદેવ ભગત | હર્ષ લલિતભાઈ પટેલ (ડેમોલ) B.Sc. | વિશ્વામિત્ર ભગત |
| હર્ષિલ હરેશભાઈ પટેલ (અમદાવાદ) B.B.A. | ઉપમન્યુ ભગત | હસમુખ હિંમતભાઈ નારોલા (સુરત) | યજ્ઞદત્ત ભગત |
| નયન પ્રકાશભાઈ સોની (મુંબઈ) B.E. | પ્રબુદ્ધ ભગત | બ્રિજેશ શાંતિલાલ ચાવડા (જૂનાગઢ) M.B.A. | ભૃગુ ભગત |
| પરિમલ ઈશ્વરભાઈ પાલડિયા (સુરત) B.E. | કણાદ ભગત | સંદીપ રમેશભાઈ કાછડિયા (સુરત) | ગૌતમ ભગત |
| ધાર્મિક જયેશભાઈ પટેલ (ભરૂચ) B.E. | ભારદ્વાજ ભગત | તેજસ સુરેશભાઈ પટેલ (ખાનપુર, બોરસદ) B.Sc. | ભાર્ગવ ભગત |
| મયંક અતુલભાઈ પટેલ (ઝાડેશ્વર) B.E. | વેદાંગ ભગત | પૃથુ દેવેન્દ્રભાઈ પટેલ (સારસા) B.E. | વેદ ભગત |
| વિવેક હિતેશભાઈ પટેલ (ભોલાવ) Diploma | કર્દમ ભગત | અજય નરેશભાઈ જળોદરા (સુરત) | આસંગ ભગત |
| ભાવિક રાજેશભાઈ જોષી (અમદાવાદ) B.Sc. | દેવલ ભગત | ભદ્રેશ સુરેશભાઈ ચૌહાણ (અનુમાલા, વ્યારા) B.E. | સુબંધુ ભગત |
| વિસ્મય ચંદુભાઈ દલસાણિયા (બાબરા) Diploma | વામદેવ ભગત | જગદીશ રાજેશભાઈ ભુવા (મુંબઈ) B.B.A. | મૈત્રેય ભગત |
| અજય રમેશભાઈ મિયાણી (સુરત) B.Com. | રોમહર્ષ ભગત | જિગર અશોકભાઈ પરમાર (મુંબઈ) B.E. | સાંદીપનિ ભગત |
| જેનિશ નટવરલાલ પટેલ (ઓલપાડ) B.E. | હારિત ભગત | દિવ્યાંગ રાજેશભાઈ પટેલ (વાઘરેચ, નવસારી) B.E. | લોમશ ભગત |
| તિલક નાનુભાઈ ગોહેલ (ધારી) M.Sc. | સારસ્વત ભગત | હાર્દિક રમેશભાઈ સોજિત્રા (સુરત) M.Com. | શૌનક ભગત |
| મનીષ ગંગારામભાઈ પરમાર (થાનગઢ) B.E. | કપિલ ભગત | કીર્તન દિનેશભાઈ ધનાણી (સુરત) I.T.I. | વ્યાસ ભગત |

ક્રમશઃ ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે કંઠી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે ઉપવસ્ત્ર અને ડૉક્ટર સ્વામીના હસ્તે પાઘ ધારણ કરી સ્વામીશ્રી પાસે પધારતા હતા. સ્વામીશ્રી તેઓના ભાલે ચંદન અર્ચા, વક્ષસ્થળે અને બંને ભુજાઓ પર ચંદન અર્ચા કરીને દીક્ષામંત્ર આપી સ્નેહ વરસાવતા હતા. એ જ રીતે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરનાર દીક્ષાર્થીઓએ પણ ક્રમશઃ ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે કંઠી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે ઉપવસ્ત્ર અને ડૉક્ટર સ્વામીના હસ્તે પાઘ ધારણ કરી સ્વામીશ્રીથી પાસે દીક્ષામંત્ર પ્રાપ્ત કર્યો હતો. દીક્ષા ગ્રહણ કરવા આવનાર તમામ યુવાનોના વાલીઓ/સ્નેહીજનો તથા બાળકો પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરી આશીર્વાદ અને પ્રસન્નતા વરસાવ્યાં હતાં.

બંને દીક્ષા સમારોહમાં સ્વામીશ્રી પાસે ગુરુમંત્ર પ્રાપ્ત કરવા પધારનાર તમામ દીક્ષાર્થીઓનો પરિચય અને નૂતન નામાભિધાનની ઘોષણા કરી નારાયણમુનિદાસ સ્વામી 'જય સ્વામિનારાયણ' પાઠવતા હતા. સૌએ તાળીનાદથી તેઓના ત્યાગાશ્રમના નૂતન નામાભિધાનને વધાવ્યું હતું.

દીક્ષા સમારોહના આ બંને અવસરોએ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ તમામ દીક્ષાર્થીઓને અધ્યાત્મના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતાં વચનોમાં તમામ દીક્ષાર્થીઓ અને તેમના વાલીઓને બિરદાવ્યા હતા.

ભાગવતી દીક્ષાના અંતે સ્વામીશ્રીએ દીક્ષાંત પ્રવચનમાં

જણાવ્યું: ''આ બધા યુવકોને આપણે સાધારણ રીતે ઓળખીએ છીએ, પણ શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી મોકલ્યે રાખે છે. બી.એ.પી.એસ.માં આવા ભણેલા-ગણેલા યુવકો આવ્યા જ કરે છે. અહીં ભવિષ્ય ઊજળું છે. કેટલાક તો એકના એક સંતાન છે. આ બહુ મોટો ચમત્કાર છે. કારણ કે બધું આપી શકાય પણ પોતાના દીકરાને ન આપી શકાય. સંતાન તો મા-બાપ માટે હૃદયનો કટકો કહેવાય, તો પણ ભણાવી-ગણાવીને, મોટા કરીને, કોઈપણ પ્રકારની અપેક્ષા વિના સમર્પણ કરી દીધા છે. એટલે તેમનાં મા-બાપને ધન્યવાદ છે.

આ બધા અહીં ખાવા-પીવા, મોજમજા કરવા માટે સાધુ થયા નથી. નિષ્ઠા પ્રવર્તાવવા માટે, સેવાકાર્ય કરવા માટે સાધુ થયા છે. બધાને એટલી બધી ધ્યેયની સ્પષ્ટતા છે કે આપણે વારી જઈએ. આ બધા સાધુ થયા છે તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ ખૂબ રાજી થતા હશે. યોગીબાપાનો સંકલ્પ છે કે પાંચ હજાર સાધુ કરવા છે. અને શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે, 'મારું કાર્ય ચાલુ જ રહેશે.' એટલે આજે દિવ્ય-અલૌકિક અવસર છે. આ બધાએ રંગ રાખ્યો છે. એટલે તેમનાં મા-બાપને અને દીક્ષાર્થી યુવાનોને બધાને ખૂબ ખૂબ ધન્યવાદ છે.''

એ જ રીતે તા. ૯-૧૨ના રોજ પાર્ષદી દીક્ષા સમારોહના અંતે આશીર્વચન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''આ ચમત્કાર જ છે, ખરેખર. આવા ખૂબ ભણેલા, ગણેલા સંતો બધા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની આ સંસ્થાને દીપાવશે એમાં શંકા નથી. બધા ગુણવાન છે, મહિમા છે અને જે કાર્ય કરવાનું છે એની સ્પષ્ટતા છે. આવા ધ્યેયની સ્પષ્ટતાવાળા હોય એટલે નંબર મારશે. એ પ્રમાણે જીવન જીવશે. બધાને ધન્યવાદ છે. તેમનાં મા-બાપને પણ ધન્યવાદ છે. આ રીતે દીકરાઓને ભણાવી-ગણાવીને, કોઈ અપેક્ષા વગર શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજને ભેટ ધરી દીધા.

આ બધા બીજા કેટલાયને સત્સંગ કરાવશે. સત્સંગ એટલે સદ્‌માર્ગે, સારા માર્ગે ચઢાવશે. સત્સંગનો ખૂબ વધારો થશે. સંસ્થાની ખૂબ પુષ્ટિ થશે. પોતાનું જીવન ધન્ય બનાવશે અને અનેકનાં જીવન પણ ધન્ય બનાવશે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની ઈચ્છા છે એ માટે તેઓ એમાં ખૂબ પુષ્ટિ આપશે. બધા નિયમ-ધર્મવાળા છે. ખૂબ સારું કાર્ય કરશે. દીકરાઓને તથા તેમનાં મા-બાપને ધ્યેયની સ્પષ્ટતા છે માટે ધન્ય છે બધાંને.''



આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા દીક્ષા સમારોહના પ્રથમ ચરણમાં ૫૩ યુવકોએ ભાગવતી અને ૧ યુવકે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી હતી. દ્વિતીય ચરણમાં ૫૫ યુવકોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી સાધુતાના પંથે પ્રયાણ કર્યું હતું. આધુનિક જગતનાં ભૌતિક અરમાનોને ઠોકર મારીને ત્યાગાશ્રમના માર્ગે પદાર્પણ કરતા દેશ-પરદેશના કુલ ૧૦૯ સુશિક્ષિત ગુણિયલ યુવાનોએ ભગવાન સ્વામિ-નારાયણ અને ગુરુહરિનાં ચરણે જીવન સમર્પિત કર્યું.

દીક્ષા સમારોહના અંતે દીક્ષિત યુવાનોએ *'હાલો જુવાનડા હરિવર વરવા હેલો પડ્યો...'* કીર્તનના તાલે ભક્તિનૃત્ય કરી અંતરનો આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ તમામ દીક્ષાર્થીઓ પર દૃષ્ટિ કરી રાજીપો વરસાવ્યો હતો.

આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરનાર કુલ ૫૫ યુવકોમાંથી ૨૬ યુવકો એન્જિનિયર, ૬ યુવકો માસ્ટર ડિગ્રી અને અન્ય ૧૪ યુવકો ગ્રેજ્યુએટ થયેલા છે. પાર્ષદી દીક્ષા ગ્રહણ કરનાર ૫૪ યુવકો પૈકી ૨૮ યુવકો એન્જિનિયર, ૬ યુવકો માસ્ટર ડિગ્રી અને અન્ય ૧૬ યુવકો ગ્રેજ્યુએટ થયેલા છે. દીક્ષા ગ્રહણ કરનાર કુલ ૧૦૯ નવયુવાનો પૈકી ૧૩ યુવાનો વિદેશના છે. અને કુલ ૯૬ યુવાનો ગ્રેજ્યુએટ થયેલા છે. આ રીતે, બી.એ.પી.એસ. સંસ્થામાં કુલ ૧૧૧૯ સંતો પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રવર્તન કરી રહ્યા છે.

આ દીક્ષા સમારોહમાં ઉતારા વગેરેની સેવા આપનાર હરિભક્તો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી હતી. ચાણસદ ખાતે યોજાયેલા આ બંને દીક્ષા સમારોહના પડઘમ સમગ્ર કાનમ પ્રદેશમાં ગુંજી ઊઠ્યા હતા. GTPL કથાચેનલ અને સંસ્થાની વેબસાઇટ પરથી પ્રસારિત થયેલા બંને સમારોહનો ઘરે બેઠાં લાભ પ્રાપ્ત કરી સૌ ભક્તજનો દીક્ષાર્થીઓ તેમજ તેમના વાલીઓને મનોમન નમી પડ્યા હતા. ◆

# આફ્રિકા ખંડના નામિબિયા દેશમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતોનું વિચરણ

નામિબિયા એ આફ્રિકા ખંડના દક્ષિણ ભાગમાં આવેલો ભૌગોલિક વૈવિધ્ય ધરાવતો દેશ છે. જેમાં વિશ્વનું પ્રસિદ્ધ રણ આવેલું છે. વિશાળ એટલાન્ટિક મહાસાગરનો સમુદ્ર કિનારો ધરાવતા આ દેશની વસ્તી માત્ર ૨૬ લાખ જેટલી જ છે. ૨૦મી સદીના આરંભ સુધી આ દેશ જર્મન સામ્રાજ્ય હેઠળ હતો અને પ્રથમ વિશ્વયુદ્ધ બાદ તે સાઉથ આફ્રિકા દેશ હેઠળ આવ્યો. ૨૪ વર્ષના લાંબા સંઘર્ષ પછી તેને સન ૧૯૯૦માં પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ.

આ દેશમાં કેટલાંક વર્ષોથી ભારતીયો પણ આવીને વસ્યા છે. તેમાં દક્ષિણ ગુજરાતના હરિભક્ત બંધુ શ્રી જયદીપભાઈ ગાંધી અને શ્રી ચેતનભાઈ ગાંધી પણ ધંધાર્થે સન ૨૦૦૭થી આ દેશમાં આવી વસ્યા. પ્રમુખસ્વામી મહારાજના હસ્તે વર્તમાન ધારણ કરેલા આ બંને ભાઈઓએ દૂર દેશમાં પણ સત્સંગ જાળવી રાખેલો. ટેક્નોલોજીના વિકાસ સાથે તેઓએ આફ્રિકામાં વિચરણ કરતા પૂજ્ય સંતોને ઓનલાઇન સભા શરૂ કરવા વિનંતી કરી હતી. સંતો છેલ્લા એક વર્ષથી આ દેશમાં ઓનલાઇન સભા દ્વારા સત્સંગનો લાભ આપતા હતા. આ સભામાં ગુણભાવી મુમુક્ષુઓ પણ જોડાતા હતા.

સત્સંગની માંગ વધતાં, પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી આફ્રિકા ખંડમાં વિચરણ કરતા અમૃતસ્વરૂપદાસ સ્વામી તથા ઋષિનયનદાસ સ્વામીએ તા. ૬ થી ૧૩ ઑક્ટોબર, ૨૦૨૧ સુધી અહીં સૌપ્રથમવાર સત્સંગ વિચરણ કર્યું.

આ દરમ્યાન દેશની રાજધાની વિન્ડુક સહિત ઑંગવેડીવા, ઓશાકાટી, ઓતાપી, કંજનગેટી, ઓમવાન્ડી, ઑન્ડાન્ગ્વા, એનહાના, સ્વાકોપમુન્ડ, વાલવિશબે જેવાં નગરોમાં ભાવિકોની દુકાન તથા ઘરોમાં પધરામણીઓ કરીને ઑંગવેડીવા અને વિન્ડુકમાં સત્સંગસભાઓ પણ સંબોધી હતી.

રાજધાની વિન્ડુક ખાતે સત્સંગસભાનું સંપૂર્ણ આયોજન ઇન્ડિયા નામિબિયા ફ્રેન્ડશિપ એસોસિયેશન અને રિયલટેક ગ્રૂપ, નામિબિયાના યજમાન પદે ભારતીય રાજદૂતાવાસના કલ્ચરલ હોલમાં કરવામાં આવ્યું. આ સભાને ભારતીય રાજદૂત શ્રી પ્રશાંતભાઈ અગ્રવાલ તથા હાઈકમિશન ઓફ ઇન્ડિયાના અધિકારીઓએ વ્યક્તિગત રસ લઈ સફળ બનાવી. ૮૦થી વધારે મુમુક્ષુઓએ આ સત્સંગસભાનો લાભ લીધો. અહીં કેટલીક ફેક્ટરીઓ તથા આવાસોમાં પણ પધરામણી અને સત્સંગ કાર્યક્રમો યોજાયા.

સૌપ્રથમવાર આ દેશમાં પૂજ્ય સંતોના આગમનથી ભારતના વિભિન્ન પ્રાંતોમાંથી અત્રે આવી વસેલા સૌ ભારતીય સવિશેષ પ્રસન્ન થયા હતા. સંતોના સાંનિધ્યથી સૌને ભારતીય આધ્યાત્મિકતાનો અનુભવ થયો. પ્રથમવાર જ સંતોના સંપર્કમાં આવી રહેલા તે સૌ પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાથી સુપેરે પરિચિત હતા, પરંતુ આ દેશની ભૂમિ પર બી.એ.પી.એસ. સંસ્થાના સંતોનો પ્રત્યક્ષ યોગ પ્રાપ્ત કરવાનો આ પ્રથમ અવસર આવ્યો હતો. ભારતીય રાજદૂત શ્રી પ્રશાંતભાઈ અગ્રવાલ સાથેની મુલાકાતમાં તેઓએ નામિબિયામાં મંદિર કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિશ્વવ્યાપી કાર્યોની પ્રશંસા કરતાં વિશ્વાસપૂર્વક જણાવ્યું કે 'અહીં મંદિર બાંધવાનું કાર્ય આ સંસ્થા અવશ્ય કરી શકશે.'

આમ, પ્રથમવાર જ સંતોના વિચરણે નામિબિયામાં સ્વામિનારાયણીય સત્સંગનાં અજવાળાં પ્રસરાવ્યાં હતાં. ◆



# હીરાચંદની મુવાડી ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં આવેલું હીરાચંદની મુવાડી(કુણા) ગામ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરણરજથી તીર્થત્વ પામેલી પવિત્ર ભૂમિ. અહીં ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી ગામજનોમાં મુમુક્ષુતા જાગ્રત થતાં વર્ષો પહેલાં સત્સંગની શરૂઆત થઈ હતી. ઉત્સાહી હરિભક્તોના સેવાસભર પુરુષાર્થથી ગામમાં સત્સંગનો સતત ઉત્કર્ષ થવા લાગ્યો. વળી, નડિયાદ મંદિરથી પધારતા સંતોની કથાવાર્તાથી સત્સંગમંડળને વિશેષ પુષ્ટિ મળતી રહી. પરિણામ સ્વરૂપે સંયુક્તમંડળ, મહિલામંડળ, યુવકમંડળની શરૂઆત થઈ. સૌની ભક્તિને વિશેષ પોષણ આપવા મંદિરની જરૂરિયાત ઊભી થઈ.

ઘોડાસર ક્ષેત્રના અ. નિ. હરિભક્ત શ્રી અજયભાઈ તથા શ્રી ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, અશ્વિનભાઈ રાવળ, ગિરીશભાઈ પટેલ, અરવિંદભાઈ વાઘેલા, ભૂપેનભાઈ પટેલ, નિતીનભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, રાણાભાઈ વાઘેલા, કાનજીભાઈ વાઘેલા, દિલીપભાઈ વાઘેલા, ડાહ્યાભાઈ પરમાર, હરિશભાઈ વાઘેલા, અજયભાઈ વાઘેલા, પ્રવીણભાઈ ચૌહાણ, પ્રવીણભાઈ વાઘેલા, દિલીપભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, કુલદીપસિંહ બાપુ, કિશનભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ તથા ઉત્સાહી યુવકોની શ્રદ્ધાપૂર્વકની ભક્તિસભર સેવાથી ટૂંક સમયમાં જ મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૯-૧૧-૨૦૨૧ના રોજ મહિલા પાંખ દ્વારા ‘મહિલા સંમેલન’ યોજાયું હતું. સંધ્યાસભામાં યુવકમંડળે મંદિરના મહિમાને પ્રસ્તુત કરતો ‘મંદિરમાં પ્રભુ બિરાજે છે’ સંવાદ રજૂ કર્યો. બીજા દિવસે સવારે ‘શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ’ યોજાયો, જેમાં ૩૨૫ યજમાનો યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્ય બન્યા. અપરાહ્ને મંદિરમાં બિરાજમાન થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા અને સંધ્યાસભામાં લોકડાયરો યોજાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આણંદ ખાતે તા. ૨૫-૨-૨૦૨૦ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૧-૧૧-૨૦૨૧ના રોજ આનંદસ્વરૂપદાસ સ્વામી અને સર્વમંગલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ ગામની સુખાકારી માટે શુભભાવનાઓ વ્યક્ત કરીને સૌની સેવાને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા ધર્મનિલયદાસ અને શ્રીજીદર્શનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની નિષ્ઠાયુક્ત સેવાથી પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યુગાન્ડાની ગુલુ સિનિયર સેકન્ડરી સ્કૂલને ભૂમિદાન

તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પૂર્વ આફ્રિકામાં યુગાન્ડાના ગુલુ શહેર ખાતે ગતિમાન ગુલુ સિનિયર સેકન્ડરી સ્કૂલને ભૂમિદાન કરવામાં આવ્યું હતું. ગુલુની આ શાળામાં ૧,૫૭૫ જેટલા ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેથી વિદ્યાર્થીઓને મદદરૂપ થવાની ભાવના સાથે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આ શાળાને ગુલુ શહેરમાં બે પ્લોટનું દાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં વિદ્યાર્થીઓએ પ્રાર્થના તથા પ્રાદેશિક સ્વાગત નૃત્ય રજૂ કરીને સૌને સત્કાર્યા હતા. સમારોહમાં શ્રી ડેનિસ હેમ્સન ઓબુઆ (મંત્રીશ્રી, શિક્ષણ અને રમતગમત), બિશપ ઓનોનો ઓનવેન્ટ (ચેરપર્સન, ગુલુ સિનિયર સેકન્ડરી સ્કૂલ બોર્ડ ઓફ ગવર્નર્સ) તથા બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિઓએ શ્રી બિશપ ઓનોનો ઓનવેન્ટને ભૂમિનું દાનપત્ર અર્પણ કર્યું હતું. શ્રી બિશપ તથા મંત્રીશ્રી ઓનવેન્ટે ભાવોર્મિઓ વ્યક્ત કરીને બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે આભાર પ્રગટ કર્યો હતો. ◆




# અમેરિકાના લિટલ રોક નગરમાં બી.એ.પી.એસ. મંદિર ખાતે ઉદ્‌ઘાટિત થયું - યોગી યુથ સેન્ટર

તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ અમેરિકાના રાજ્ય લિટલ રોક નગર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યુવાનોના વિશેષ ઘડતર માટે 'યોગી યુથ સેન્ટર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સન ૨૦૦૭માં અહીં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ થયો હતો. ત્યારબાદ સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતા યુવાનોને સત્સંગ વગેરે એક્ટિવિટી માટે વિશાળ યુથ એક્ટિવિટી સેન્ટરની આવશ્યકતા જણાઈ. સન ૨૦૧૮માં યુવાનો માટે રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે વિશાળ ઈમારતના નિર્માણનો આરંભ થયો. સૌ ભક્તો ભક્તિમય પુરુષાર્થ સાથે નિર્માણકાર્યમાં જોડાઈ ગયા અને સુંદર સુવિધાઓથી સજ્જ એવું યુથ એક્ટિવિટી સેન્ટર તૈયાર થઈ ગયું.

આ યુથ એક્ટિવિટી સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો હતો. ત્યારબાદ તેઓએ વેદોક્ત વિધિપૂર્વક યુથ સેન્ટરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરીને સૌને પ્રેરણાવચનો કહ્યાં હતાં. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સ્થપાયેલું આ યોગી યુથ એક્ટિવિટી સેન્ટર હજારો યુવાનોને રચનાત્મક પ્રવૃત્તિ માટે મહત્ત્વની ભૂમિકા બજાવતું રહેશે. ◆



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોંડલ — પ્રવેશ અંગે

વર્ષોથી શ્રેષ્ઠ પરિણામો માટે વિખ્યાત એવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ ગુરુકુળ, ગોંડલમાં જૂન ૨૦૨૨થી ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૬ થી ૧૦ અને ૧૧ સાયન્સ તથા કોમર્સ(ગુજરાત બોર્ડ)માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલી તારીખે પ્રવેશ પરીક્ષા આપવા માટે વાલી સાથે હાજર રહેવું. પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન તથા સત્સંગલક્ષી પ્રશ્નો પુછાશે. આગળના વર્ષની વાર્ષિક પરિણામની માર્કશીટ નકલ-૧ સાથે લાવવી.

પ્રવેશ માટે નીચે આપેલ વેબસાઈટમાં પ્રવેશ લિંક પર આપનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે, જેથી આપની વ્યવસ્થા થઈ શકે.

**પ્રવેશ માટેની ઈન્ટરવ્યૂની તારીખઃ**

૧. તા. ૧૫-૧-૨૨ શનિવાર, સવારે ૧૦.૦૦ વાગ્યે. ધો. ૬ થી ૧૦ અને ૧૧ સાયન્સ/કોમર્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
૨. તા. ૨૬-૨-૨૨ શનિવાર, સવારે ૧૦.૦૦ વાગ્યે. ધો. ૬ થી ૧૦ અને ૧૧ સાયન્સ/કોમર્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
૩. તા. ૧૪-૪-૨૨ ગુરુવાર, સવારે ૧૦.૦૦ વાગ્યે. ધો. ૬ થી ૯ અને ૧૧ સાયન્સ/કોમર્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
૪. તા. ૯-૫-૨૨ સોમવાર, સવારે ૧૦.૦૦ વાગ્યે. ધો. ૬ થી ૯ અને ૧૧ સાયન્સ/કોમર્સ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ

**નોંધઃ** ઉપરોક્ત ચાર રાઉન્ડમાંથી કોઈપણ એક જ રાઉન્ડમાં પ્રવેશ પરીક્ષા આપી શકાશે. પ્રવેશ પરીક્ષા આપવા આવો ત્યારે રહેવા માટે ઉતારાની વ્યવસ્થા રાખેલી નથી. પ્રવેશ ફોર્મ પ્રવેશ પરીક્ષા આપવા આવો ત્યારે જ મળશે.

**સરનામુંઃ** સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ, એસ.આર.પી. કેમ્પસ સામે, કોટડા સાંગાણી રોડ, ગોંડલ, જિ. રાજકોટ.
**ગુરુકુળઃ** મો. ૭૦૬૯૦૬૩૧૩૧, ૯૯૯૮૯૯૨૨૯૦, ૭૫૬૭૫૧૪૯૩૦. **શાળાઃ** (૦૨૮૨૫) ૨૩૧૨૩૧, ૯૯૯૮૯૯૨૨૮૯
**વેબસાઈટઃ** www.bapsgurukulgondal.com

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, માઉન્ટ આબુ — પ્રવેશ અંગે

જાણીતા હિલસ્ટેશન માઉન્ટ આબુ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર(નિવાસી શાળા)માં અંગ્રેજી માધ્યમમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓએ નીચેના સરનામે અરજી કરવી.

- વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧ થી ૭મા અને વિદ્યાર્થિનીઓ માટે ધોરણ ૧ થી ૫મા પ્રવેશ મેળવવા અરજી કરી શકાશે.
- નીચેના સરનામે રૂ. ૫૦૦નો મનીઓર્ડર કરવાથી ઘર બેઠાં અરજીપત્રક અને માહિતી પુસ્તિકા મેળવી શકાશે.
- અરજીપત્રક મેળવવાની છેલ્લી તા. ૧-૩-૨૦૨૨ છે. અરજીપત્રક જમા કરાવવાની છેલ્લી તા. ૩૧-૩-૨૦૨૨ રહેશે.

**સરનામુંઃ** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોરા છાપરા સામે, આબુ પર્વત, જિ. સિરોહી, રાજસ્થાન - ૩૦૭૫૦૧
**વિશેષ માહિતી મેળવવા માટે સંપર્કઃ** ૯૪૧ ૪૧૫ ૪૧૪૦

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુરમાં ધોરણ - ૮, ૯ થી ઉચ્ચકક્ષાની JEE-NEETની તૈયારી IIT, NIT, MEDICAL વગેરે માટે કરાવવામાં આવે છે. પરિણામે, વર્ષ ૨૦૨૦/૨૦૨૧માં ૩૫% વિદ્યાર્થીઓને મૅડિકલ MBBSમાં પ્રવેશ મળેલ છે તથા ૪૨ વિદ્યાર્થીઓને IIT, NITમાં પ્રવેશ પ્રાપ્ત થયો છે.

ધો. ૬ થી ૧૦ અને ૧૧(સાયન્સ/કોમર્સ)માં જે વિદ્યાર્થીઓએ ઍડમિશન મેળવવું હોય (ગુજરાત બૉર્ડ, ગુજરાતી/અંગ્રેજી માધ્યમમાં) તેમણે ઈન્ટરવ્યૂ માટે નીચે દર્શાવેલી તારીખે ઉપસ્થિત રહેવું..

- ધો. ૬ અને ૭થી NCERTના કોર્સ ઉપરાંત ઉચ્ચ લેવલની તૈયારી કરાવવામાં આવે છે.
- ઈન્ટરવ્યૂમાં હાલના ધોરણની ગણિત તથા રીઝનિંગ, બેઝિક મેથ્સ વિષય તથા સત્સંગલક્ષી પ્રશ્નોની પરીક્ષા લેવાશે.
- ઍડમિશન માટે માહિતી પત્રક વિદ્યામંદિરની ઑફિસમાંથી તથા Website: www.baps.org/svmsarangpur પરથી ડાઉનલોડ કરીને, માહિતી ભરીને ઑફિસમાં મોકલવું અથવા ગૂગલ લિંક - https://forms.gle/wRARYE4csLykFYk9A દ્વારા ફોર્મ ભરીને સબમિટ કરી શકાશે અથવા નીચે દર્શાવેલ QR Code સ્કેન કરી Google પરથી ફોર્મ ભરી શકાશે.

**ઈન્ટરવ્યૂ તારીખઃ** ૩૦ જાન્યુઆરી / ૨૭ ફેબ્રુઆરી / ૧૭ એપ્રિલ - ૨૦૨૨.
ઉપરોક્ત કોઈપણ એક જ તારીખે ફોન દ્વારા બોલાવવામાં આવશે.
**ઈન્ટરવ્યૂ સમયઃ** સવારે ૧૦-૦૦ કલાકે નીચેના સરનામે.
**સરનામુંઃ** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ. પીન-૩૮૨૪૫૦.
**સંપર્કઃ** ૯૯૯ ૮૯૯ ૫૫૭૭ / ૯૪૨ ૭૧૪ ૧૦૦૧











**પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી વર્ષારંભે ૧૦૯ સુશિક્ષિત યુવાનોએ મહંત સ્વામી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી...**

તાજેતરમાં ચાણસદ ખાતે ૧૦૯ નવયુવાનોએ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ત્યાગાશ્રમની દીક્ષા અંગીકાર કરી હતી. આ પ્રસંગે તા. ૭-૧૨-૨૦૨૧ના રોજ ૫૪ યુવકોએ ભાગવતી દીક્ષા તથા તા. ૯-૧૨-૨૦૨૧ના રોજ ૫૫ યુવકોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી હતી. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ચાણસદ તીર્થ પણ નવા રૂપરંગ સાથે ખીલી ઊઠ્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ વિકસી રહેલા આ ચાણસદ ગામનાં નૂતન વિકાસ-કાર્યોની દર્શન-મુલાકાત લીધી હતી. એ અવસરની સ્મૃતિ છબીઓ...

Swaminarayan Prakash Gujarati, January-2022, Published on 1-1-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.






**વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા ભવ્યતાથી ઊજવાયો – પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૦મો જન્મજયંતી મહોત્સવ...**

તા. ૧૧-૧૨-૨૦૨૧ના રોજ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૦મા પ્રાગટ્ય પર્વે વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ ભવ્યતાથી ઊજવાયો હતો. આ કાર્યક્રમમાં ૩ડી એનિમેશન દ્વારા ચાણસદ તીર્થના ઐતિહાસિક સરોવરમાં મહોત્સવનો ઉપર દર્શાવેલો આભાસી મંચ રચવામાં આવ્યો હતો અને એ મંચ પર પ્રમુખસ્વામી મહારાજના બાળવયથી લઈને જીવનભર શોભતા સદ્‌ગુણોની સ્મૃતિ કરવામાં આવી હતી. સત્ય ઘટના આધારિત સંવાદ, નૃત્ય અને ઉદ્‌બોધનો દ્વારા સતત ત્રણ કલાક સુધી સૌને જકડી રાખનારા આ કાર્યક્રમના અંતે મહંત સ્વામી મહારાજે શતાબ્દી મહોત્સવની જયનો ઉદ્‌ઘોષ કરીને શતાબ્દી મહોત્સવ વર્ષનો મંગલ આરંભ કરાવ્યો હતો.

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas